તા. ૦૩-૦૩-૨૦૨૧

બુધવાર

વિ.સ. ૨૦૭૭, મહા વદ-૪

અંક : ૧૨૫

કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....








● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪


## ૭ મનપા બાદ જિલ્લા-તાલુકા અને નગરપાલિકાઓમાં ભાજપનો ભગવો લહેરાયો

# ગુજરાતમાં ભાજપ અડીખમ: કોંગ્રેસનો સફાયો

### ગામડાઓમાં ભાજપનું વિજય રોડરોલર ફરી વળ્યું, કોંગ્રેસના સૂપડા સાફ, ૨૩૧ તા.પંચાયતોની ૪૭૭૪ સીટોમાંથી ભાજપને ૩૧૩૯, કોંગ્રેસને ૧૧૭૨ અને આપને ૩૦ બેઠકો મળી

### જિલ્લા પંચાયતની ૯૮૦ સીટોમાંથી ૭૮૦ ભાજપને ફાળે, કોંગ્રેસને ફાળે ૧૭૦ અને અન્યને ૧૧ મળી: નગરપાલિકાની કુલ ૨૭૨૦ બેઠકોમાંથી ભાજપને ૨૧૦૪,કોંગ્રેસને ૧૨૪૦ અને અન્ય ૨૧૦ બેઠકો મળી

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપની મોટી જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના સૂપડા સાફ થઈ ગયા છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ભાજપ જીતી રહ્યું છે, જ્યારે કોંગ્રેસની કારમી હાર થઈ છે. અમદાવાદમાં જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. અમદાવાદ જિલ્લા પંચાયત કબજે કરવા છતાં જિલ્લા પંચાયતનું પ્રમુખપદ ભાજપે ગુમાવ્યું છે. ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૭૪ બેઠકોમાંથી ભાજપને ૩૧૩૯, કોંગ્રેસને ૧૧૭૨ અને આપને ૩૦ બેઠકો મળી છે. જિલ્લા પંચાયતની વાત કરીએ તો ૯૮૦ જિલ્લા પંચાયત સીટોમાંથી ૭૮૦ ભાજપને ફાળે, કોંગ્રેસને ફાળે ૧૭૦ અને અન્યને ફાળે ૧૧ સીટો આવી છે. જ્યારે નગરપાલિકાની કુલ ૨૭૨૦ બેઠકોમાંથી ભાજપને ૨૧૦૪, કોંગ્રેસને ૧૨૪૦ અને અન્યને ફાળે ૨૧૦ બેઠકો ગઇ છે.

અમદાવાદ જિલ્લામાં નગરપાલિકાની ૫૪ બેઠક પર ભાજપની જીત થઈ છે, જ્યારે તાલુકા પંચાયતમાં ભાજપ ૬૧ સીટથી આગળ છે, જ્યારે કોંગ્રેસે ૨૫ અને અપક્ષ ત્રણ બેઠકો પર છે.અમદાવાદ જિલ્લાની બારેજા નગરપાલિકામાં ભાજપે ૨૪ બેઠકોમાં ૨૪ બેઠક મેળવી છે.

અમદાવાદમાં ૧૧ જિલ્લા પંચાયતમાં ભાજપની જીત થઈ છે. ખાસ કરીને હાર્દિકના વતન વિરમગામમાં કોંગ્રેસની હાર થઈ છે અને ભાજપની સાત સીટ પર જીત થઈ છે. અમદાવાદની ૧૩ તાલુકા



પંચાયતનું પરિણામ જાહેર થયું છે, જેમાં ૧૧ ભાજપના ફાળે, બે કોંગ્રેસના ફાળે ગઈ છે. ગાંધીનગર જિલ્લા પંચાયત બેઠકમાં અમરાજીના મુવાડા-૨ બેઠક પર ભાજપના પારસબહેન કિરીટસિંહ બિહોલા ૧૦,૩૫૩ મતે વિજયી થયા છે.

ગાંધીધામ નગરપાલિકામાં લહેરાયો ભગવો, ૫૨ બેઠકમાંથી ૪૭ બેઠકો પર ભાજપની જીત, ૫ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર જીત્યા છે. જ્યારે વલસાડ તા.પં.ની કુલ ૩૨ સીટમાં ૨૯ ભાજપ, ૦૨ કોંગ્રેસ અને ૦૧ અપક્ષની જીત થઈ છે. જયારે ગાંધીનગર જિલ્લા પંચાયત માં ભાજપે ભગવો લહેરાવ્યો છે. કુલ ૨૮ માંથી ભાજપ ૧૯ કોંગ્રેસ ૯ બેઠક મેળવી છે. ગાંધીનગર સૌ પ્રથમ વાર ભાજપ ને બહુમતી મળી છે.

ભાજપે ભરૂચ, વડોદરા, તાપી, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ, રાજકોટ, ડાંગ, જામનગર, નવસારી, દાહોદ સહિતની જિલ્લા પંચાયતો કબ્જે કરી છે તો મોરબી, તાલાલા, ઉના, સુત્રાપાડા, ભરૂચ, જંબુસર, અંકલેશ્વર, આમોદ વગેરેમાં સત્તા મેળવી છે. પરિણામોમાં સૌથી વધુ ચોંકાવ્યા હોય તો આમ આદમી પાર્ટીએ. આ પક્ષે ગ્રામિણ વિસ્તારમાં પણ ઉજળો દેખાવ કર્યો છે. આ લખાય છે ત્યારે ૪૬ બેઠક પર આપનો વિજય થયો છે. જ્યારે શહેરો બાદ ગામડાઓમાં પણ કોંગ્રેસને ભારે નુકશાન થયુ છે. ભાજપે આજે કમલમ ખાતે વિજયોત્સવ મનાવ્યો છે. ૨૦૧૫માં ભાજપ ત્રણેય મોરચે પાછળ રહી ગયુ હતુ જે આ વખતે તેણે સફળતા મેળવી છે. સર્વત્ર ભગવો લહેરાવા જઈ રહ્યો છે. કોંગ્રેસના પંજા પર ભાજપનુ બુલડોઝર ફરી વળ્યુ છે. અનેક એવા કોંગ્રેસના ગઢ હતા જે ભાજપે ધ્વસ્ત કરી નાખ્યા છે.

ગુજરાતની ૩૧ જિલ્લા પંચાયત ૨૩૧ તાલુકા પંચાયત તથા ૮૧ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ૨૩ નગરપાલિકાઓ અને ૩ તાલુકા પંચાયતની પેટાચૂંટણી રવિવારે યોજાઇ હતી. તેમાં તાલુકા પંચાયતોમાં સરેરાશ ૬૬.૮૪ ટકા જેટલું મતદાન થયું હતું. ૨૦૧૫માં ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૧૫ બેઠકમાંથી કોંગ્રેસને ૨૫૫૫ ભાજપને ૨૦૧૯ અને ૧૪૧ અન્યને મળી હતી. ૨૦૧૫માં પાટીદાર આંદોલનને કારણે તાલુકા પંચાયતોમાં ભાજપનો રકાસ થયો હતો.

## કોંગ્રેસનો સફાયો: ધાનાણી-ચાવડાના રાજીનામા, હાઇકમાન્ડે મંજૂર કર્યા

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨

ગુજરાતની જિલ્લા પંચાયત, નગર પાલિકા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસનો કારમો રકાસ થયો છે. રાજયની પ્રજાએ કોંગ્રેસને જાકારો આપ્યો છે. ત્યારે આ વચ્ચે ગુજરાત કોંગ્રેસમાંથી ચોંકાવનારા અહેવાલો સામે આવ્યા છે. જેમાં કોંગ્રેસના બે નેતાઓએ હાર સ્વિકારીને રાજીનામું આપ્યું છે. અમિત ચાવડા અને પરેશ ધાનાણીએ રાજીનામું આપ્યું છે.

આ રાજીનામાનો કોંગ્રેસ હાઇકમાન્ડે સ્વીકાર કર્યો છે. તેઓ ચૂંટણીમાં હારની જવાબદારી સ્વીકારી છે. કોંગ્રેસ હાઇકમાન્ડને તેઓએ રાજીનામાં મોકલ્યાં છે.તેવામાં કોંગ્રેસના દિગ્ગજ નેતા પરેશ ધાનાણી અને અમિત ચાવડાએ હારની જવાબદારી સ્વીકારી છે. આ સાથે જ તેમણે રાજીનામુ આપવાની જાહેરાત કરી છે.

## પંજાબમાં નશીલી દવાઓ વેચાણ કરનાર ફાંસીની સજા,આજીવન કેદ અને ૨૦ લાખ સુધીનો દંડ ફટકારાશે

(જી.એન.એસ.)ચંડીગઢ,તા.૨

ગયા વર્ષે પંજાબના અમૃતસર, તરોનતારન અને ગુરદાસપુર જિલ્લામાં ઝેરી દારૂના કારણે ૧૦૦થી વધુ લોકોના મોત બાદ સરકારે સખત કાર્યવાહી કરી છે. કેબિનેટમાં લેવામાં આવેલા એક નિર્ણય મુજબ જો કોઈ વ્યકિત નશીલી દવાઓ નાંખીને દારૂ વેચશે અને દારૂ પીવાથી કોઈનું મોત થયું તો આવા દોષીઓને ફાંસીની સજા, આજીવન કેદ અને ૨૦ લાખ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે.

સરકારે અમૃતસર રેલવે દુર્ઘટનાના મૃતક પરિવારના સભ્યો અને વારસોને યોગ્યતા પ્રમાણે અલગ અલગ સંસ્થાઓમાં નોકરી આપવાની મંજૂરી પણ આપી દીધી છે. આ કેસને વિશેષ કેસ ગણાવી નિયમોમાં છૂટછાટ આપી હતી. ઉલ્લેખનીય છે કે આ ટ્રેન અકસ્માત ૧૯ ઓક્ટોબર ૨૦૧૮ના રોજ અમૃતસરના જોઢા ફાટક પર દશેરાના દિવસે બન્યો હતો, જેમાં ૫૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૭૧ લોકો ઘાયલ થયાં હતાં. આ ઘટનાને લગતા કાયદા અને નિયમો ૨૧ નવેમ્બર ૨૦૨૦ના દાયરામાં નહોતા આવતા.

આ પછી અમૃતસરના ડેપ્યુટી કમિશનરની દરખાસ્ત પર વિચાર કર્યા પછી મુખ્ય પ્રધાન કચેરીએ નિર્ણય લીધો કે રાજ્યના વિવિધ વિભાગો અને સંસ્થાઓને તેમની યોગ્યતા અનુસાર ૫૮ મૃતકોના ૩૪ પરિવારોમાંના એક એક સભ્યને નોકરી આપવી. મેક્સ હેલ્થકેર ગ્રૂપની વિનંતીને મંજૂરી આપતા પંજાબ કેબિનેટે મોહાલીની ૨૦૦ બેડવાળી મેક્સ હોસ્પિટલને આરોગ્ય વિભાગની ૦.૯૨ એકર જમીન આપવા મંજૂરી આપી છે. આ સાથે આ હોસ્પિટલની ક્ષમતામાં વધુ ૧૦૦ બેડનો સમાવેશ કરી શકાય છે, જે આ ક્ષેત્રમાં આરોગ્ય સુવિધાઓનું વિસ્તરણ કરશે.





THE SECOND WIFE

PARTY LAWNS & MULTI CUISINE RESTAURANT

AT NEW 150 FT. RING ROAD, NEAR MUNJKA CHOWKDI, OPP. DELIGHT PARTY PLOT, OFF KALAWAD ROAD RAJKOT | MO.: +91 909 909 8868


## આંદોલન ઉગ્ર બનાવવા માટે ખેડૂતોએ લીધો મોટો નિર્ણય, ૬ માર્ચથી કરશે અમલ

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

કેન્દ્રના નવા કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલુ છે. આંદોલનને ગતિ આપવા માટે ખેડૂત યુનિયનો દ્વારા અલગ અલગ જગ્યાએ પંચાયતો થઈ રહી છે. ગાઝીપુર બોર્ડર પર ભારતીય કિસાન યુનિયનના પ્રવક્તા રાકેશ ટિકૈતના નેતૃત્વમાં હજુ પણ ખેડૂતો જામેલા છે. બીજી બાજુ હવે આંદોલનની અસર ગામડાઓમાં પણ જોવા મળી રહી છે. યુપીમાં અનેક જગ્યાએ ખેડૂતો દૂધની આપૂર્તિ રોકવા અને ભાવ વધારવાની જાહેરાત કરી ચૂક્યા છે. આ જ ક્રમમાં ૩ ગામમાં દૂધનો સપ્લાય રોકી દેવાયો છે.



ખેડૂત આંદોલન પ્રત્યે એકજૂથતા દર્શાવવા માટે અમરોહા જિલ્લાના ત્રણ ગામડાઓમાં ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ખેડૂતોએ સહકારી સમિતિઓને દૂધ આપવાનું બંધ કરી દીધુ છે. ડેરી ખેડૂતોએ એવી પણ જાહેરાત કરી છે કે ૬ માર્ચથી તેઓ ૧૦૦ રૂપિયા પ્રતિ લીટર દૂધ વેચશે. હાલમાં દૂધનો સપ્લાય ૩૦ રૂપિયે પ્રતિ લીટરના ભાવે થઈ રહ્યો છે.

રિપોર્ટ્સ મુજબ સોમવારે અમરોહા જિલ્લાના ત્રણ ગામ રસૂલપુર માફી, ચુચૈલા ખુર્દ અને શહજાદપુરના ડેરી ખેડૂતોએ સહકારી સમિતિઓને દૂધની આપૂર્તિ કરવાની ના પાડી દીધી. જેના કારણે સમિતિઓના ટેક્રર્સ ખાલી જ પાછા ફર્યા.

ભારતીય કિસાન યુનિયનના યુવા પ્રદેશ અધ્યક્ષ દિગંબર સિંહે કહ્યું કે, 'અમે ખેડૂતોને દૂધના વેચાણને રોકવા માટે ઉક્સાવ્યા નથી. કૃષિ કાયદાનો વિરોધ કરનારા કારણે ખેડૂતો પોતે જ આમ કરી રહ્યા છે. આંદોલન ફક્ત અમારા સુધી સિમિત નથી. તે ગ્રાઉન્ડ સ્તર સુધી પહોંચી ચૂકયું છે અને હવે તે અન્ય ખેડૂતો તથા આમ આદમીનું સમર્થન પણ મેળવી રહ્યું છે.'

## પાકિસ્તાનના ૨૦૦ આતંકવાદીઓ ભારતમાં ઘૂસણખોરી કરવાની ફિરાકમાં

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૨

થોડા થોડા સમયે પાકિસ્તાન તરફથી ભારત વિરુદ્ધ કોઈને કોઈ કાવતરું ખુલ્લું પાડવામાં આવી રહ્યું છે. પાકિસ્તાન સેનાદ્વારા નિયંત્રણ રેખા ક્રોસ કરીને આતંકવાદીઓને ભારતમાં ઘુસણખોરી કરવામાં મદદ કરવામાં આવે છે. હવે નવી માહિતી સામે આવી છે કે પાકિસ્તાનના ૨૦૦ જેટલા આતંકવાદીઓ ભારતમાં ઘુસણખોરી કરવાની તૈયારી કરી રહ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ આતંકવાદીઓ પૂંછ અને રાજૌરી સેક્ટરથી ભારતના જમ્મુ-કાશ્મીરમાં ઘુસણખોરી કરી શકે છે.

મળતી માહિતી મુજબ આતંકવાદી સંગઠનો લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહમ્મદ અને હિઝબુલ મુજાહિદ્દીનના આતંકવાદી કમાન્ડરોએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ના ફોર્ટ ઘૌટામાં ભારત વિરુદ્ધ કાવતરું ઘડવા એક બેઠક પણ યોજી છે. આ બેઠકમાં આતંકવાદી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનનો મુખ્ય આતંકવાદી તારિક શાહ અને લશ્કરનો મોટો આતંકવાદી તાલા મહેતાબ પણ આ હાજર રહ્યા હતા. ઉપરાંત જયેશ-એ-મોહમ્મદ કમાન્ડર નઝિમ ઉર રેહમાન પણ આમાં સામેલ હતો.

જે માહિતી સામે આવી છે એમાં કહેવામાં આવ્યું છે કે મીટિંગમાં આતંકવાદીઓની સંખ્યાને વધારવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો છે. આ સાથે બેઠક બાદ ૫-૬ લશ્કર આતંકવાદીઓ રાજૌરીમાં પુખેરી અને લહેરાણની સામે પાકિસ્તાની વિસ્તારોમાં ગાઇડ સાથે રેકી કરતા જોવા મળ્યા હતા. અત્યારે ભારતીય સેનાના સૈનિકો આતંકીઓનો સામનો કરવા અને એલઓસી પર ઘૂસણખોરી રોકવા માટે તૈયાર છે.

# ઓશવાળ સેન્ટરમાં પરિણામ જાણવા ઉત્સુકો કોરોનાને ભુલી જતા પોલીસે અપાવી યાદ...





તસ્વીરઃ અનીલ ગોહીલ

જામનગર તા.૨ઃ જામનગરના સાતરસ્તા નજીકના ઓશવાળ સેન્ટરમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના મતદાન પછી આજે સવારથી મત ગણતરી શરૂ કરવામાં આવી હતી. બે મુખ્ય પક્ષ તેમજ ગુજરાતમાં તાજેતરમાં જ ઉભરેલા નવા પક્ષને કેટલી બેઠક મળી ?, કયાં ઉમેદવારને કેટલા મત મળ્યા ? તે જાણવા માટે ઓશવાળ સેન્ટરમાં માનવમેદની ઉમટી પડી હતી. દર મિનીટે બદલાતા ચૂંટણીના ચિત્રથી પરિણામ જાણવા ઉત્સુક લોકોમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી. તેમાં કોરોના વિસરાઈ ગયો હતો! ઓશવાળ સેન્ટરના મેદાનમાં ચારેકોર માણસ જ માણસ જોવા મળતા હતાં. મત ગણતરીના સ્થળે આવેલા એસ.પી. દિપેન ભદ્રને વધુ ભીડ જોઈ પોલીસ સ્ટાફને મેદાન ખાલી કરાવવા આદેશ કર્યો હતો. જેના પગલે એલસીબી, એસઓજી તેમજ ત્રણેય ડિવિઝનના સ્ટાફે ત્યાંથી લોકોને દૂર કર્યા હતાં. અગાઉથી જ કેટલાંક 'ઉત્સાહી' લોકોએ બોલાવીને રાખેલા ઢોલ વગાડવાવાળા પણ પોલીસની ઝપટે ચઢી ગયા હતાં. કેટલાંક ઢોલીઓને પોલીસે પોતાના વાહનમાં બેસાડી દેતા ઢોલીઓમાં પણ નાસભાગ મચી ગઈ હતી.

## ખંભાળિયા પાસે હંજરાપરના પાટીયે બાળકીનું મોટરની હડફેટે ચઢતા મોત

ખંભાળિયા તા. ૨ઃ ખંભાળિયાના હંજરાપર ગામના પાટીયા પાસે ગઈકાલે બપોરે એક બાળકીને પૂરપાટ જતી મોટરે ઠોકર મારી અકસ્માત સર્જ્યા પછી સારવારમાં ખસેડવામાં આવેલી બાળકીનું મૃત્યુ થયું છે. ઈજાગ્રસ્તને હોસ્પિટલ સુધી પહોંચાડી મોટરનો ચાલક નાશી ગયો હતો. પોલીસે મૃતક બાળકીના મોટાબાપુની ફરિયાદ પરથી ગુન્હો નોંધ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના હંજરાપર ગામના નરશીભાઈ નાનજીભાઈ કણઝારીયાની છ વર્ષની ભત્રીજી સંજના ગઈ કાલે સાંજે પોતાના પરિવારજનો સાથે હંજરાપર ગામના પાટીયા પાસે હતી ત્યારે ત્યાંથી પૂરપાટ ઝડપે પસાર થયેલી જીજે-૧૦-સીજી-૭૩૫૫ નંબરની મોટરના ચાલકે આ બાળકીને હડફેટે લીધી હતી.



અકસ્માતમાં સંજનાને પગ, માથા તથા શરીરના અન્ય ભાગોમાં ઈજા થઈ હતી. આ બાળકીને તે જ મોટરમાં સારવાર માટે ખંભાળિયા હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. તેણીને સારવાર માટે દાખલ કરવાની તજવીજ કરવામાં આવી તે દરમ્યાન મોટરનો ચાલક નાશી ગયો હતો. સારવાર દરમ્યાન આ બાળકીને રાત્રે મૃત્યુ થયું છે. નરશીભાઈએ મોટરના ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ખંભાળિયા પોલીસે આઈપીસી ૨૭૯, ૩૦૪(અ), એમવીએક્ટની કલમ ૧૭૭,૧૮૪,૧૩૪ હેઠળ ગુન્હો નોંધી નંબર પરથી મોટરના માલિક, ચાલકની શોધ શરૂ કરી છે.

## જામનગરના બેડેશ્વરમાં અગાઉની અદાવતના કારણે બે યુવાન પર ચાર શખ્સો તુટી પડ્યા

જામનગર તા. ૨ઃ જામનગરના બેડેશ્વર પાસે ગઈકાલે સાંજે એક પ્રૌઢ પર બે શખ્સે ફડાકાવાળી કરી પાઈપ ઝીંક્યો હતો. જયારે દ્વારકા નજીક નાગેશ્વર રોડ પર ચાલતા એક બાંધકામના સ્થળે બે યુવાન પર ચાર શખ્સે ધોકા, પાઈપથી હુમલો કર્યો હતો. અગાઉની અદાવતનો ખાર કાઢવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

જામનગરના બેડેશ્વર વિસ્તાર નજીક આવેલા રામનગર પાસેના ખોળમીલના ઢાળીયા પાસે રહેતાં હાજીભાઈ જુસબભાઈ ગંઢાર નામના પ્રૌઢ ગઈકાલે સાંજે પોતાના ઘર પાસે હતા ત્યારે ત્યાં ધસી આવેલા ધરારનગર વાળા આબીદ રસીદ ચંગડા ઉર્ફે આબલો ચોર તથા અબ્દુલ કાસમ જોખીયા ઉર્ફે અબુડો ચોર નામના બે શખ્સે કોઈ બાબતે ઉશ્કેરાઈ હાજીભાઈ પર હુમલો કર્યો હતો.

આ શખ્સો પૈકીના અબુડાએ તેઓને પકડી રાખ્યા હતાં. જયારે આબીદે ત્રણ ફડાકા ઝીંકી કાન પાસે પાઈપ ફટકાર્યો હતો. પોલીસે આઈપીસી ૩૨૩,૩૨૪, ૫૦૪,૧૧૪, જીપીએકટની કલમ ૧૩૫(૧) હેઠળ ગુન્હો નોંધ્યો છે.

દ્વારકા તાલુકાના વરવાળા ગામમાં રહેતાં મુળ મોજપના અને સેન્ટીંગનું કામ કરતાં વારસાકીયા દેવુભાઈ રાણાભાઈને ગઈકાલે બપોરે નાગેશ્વર રોડ પર ચાલતા એક મંદિરના બાંધકામના સ્થળે મીઠાપુર નજીકના સુરજકરાડી ગામના ભરતભા થોરીયાભા સુમણીયા, અલી અનવર, દિનેશ ગોંડલીયા અને અનિલ ખવાસ નામના શખ્સોએ પાઈપ, ધોકાથી હુમલો કરી માર માર્યો હતો. આ વેળાએ વચ્ચે પડનારા આલાભાઈને પણ માર મારવામાં આવતા ફ્રેકચર સહિતની ઈજા થઈ હતી. પથ્થરોના છૂટા ઘા કરી ચારેય આરોપી નાશી ગયા હતાં. બેએક મહિના પહેલાં આરોપીઓ તથા આલાભાઈ વચ્ચે મીઠાપુરમાં તકરાર થઈ હતી તેનો ખાર રાખી હુમલો કરાયાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

## ટાઉન પ્લાનીંગ સ્કીમ હેઠળનો પ્લોટ પરત લેવાની કાર્યવાહી સામે અપાયો સ્ટે

જામનગર તા. ૨ઃ

જામનગરના વિભાપરમાં નવી ટીપી સ્કીમ હેઠળ ફાળવાયેલા પ્લોટમાં એક જ પ્લોટ એકથી વધુ આસામીને ફાળવાઈ ગયો હતો. તેની રજુઆત થતાં ન્યાય મળવાના બદલે પ્લોટ જ કબ્જે કરી લેવાની તજવીજ થતા હાઈકોર્ટમાં ધા નાખવામાં આવી હતી. હાઈકોર્ટે રૂકજાવનો આદેશ કર્યો છે.

જામનગર શહેરમાં નવી જાહેર થયેલી ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૫ માં વિભાપરમાં આવેલા રે.સ.નં. ૩૮૯ પૈકીના વિવિધ પ્લોટ જે અલગ-અલગ ખાતેદારોના નામે હતા તે સ્કીમમાં એક વાયર કરવામાં આવ્યા હતા. સ્કીમમાં નવો પ્લોટ ફાળવવાની જોગવાઈ મુજબ એક પ્લોટ એકથી વધુ આસામીઓને ફાળવણી કરતો હુકમ થતાં જે તે આસામીઓએ રજુઆત કરી હતી. તેને ધ્યાને લઈ ન્યાય કરવાના બદલે તે આસામીના પ્લોટનો કબ્જો લઈ લેવાની તજવીજ કરાતા નારાજ થયેલા પ્લોટધારકોએ હાઈકોર્ટમાં રાવ કરી મનાઈ હુકમ માંગ્યો હતો.

હાઈકોર્ટમાં તે આસામીના વકીલ આદિત્ય ડી. દાવડાએ કરેલી દલીલો માન્ય રાખી હાઈકોર્ટે પ્લોટનો કબ્જો લઈ લેવાનો હુકમ સ્થગિત કરવાનો આદેશ કર્યો છે.

## દ્વારકાના યુવાન ઉપર ઘાતક હુમલોઃ ચાર શખ્સો સામે એટ્રોસિટી સહિતની ફરિયાદ

દ્વારકા તાલુકાના મોજપ ગામના મુળ રહિશ દેવુભાઈ રાણાભાઈ વારસાકિયા નામના ૨૮ વર્ષના અનુસૂચિત જાતિના યુવાન ઉપર સુરજકરાડીના ઉદ્યોગનગર વિસ્તારમાં રહેતા ભરતભા થોરીયાભા સુમણીયા, અલી અનવર, દિનેશ ગોંડલીયા અને અનિલ ખવાસ નામના ચાર શખ્સોએ લોખંડના પાઈપ તથા લાકડાના ધોકા વડે જીવલેણ હુમલો કરી, ફરિયાદી દેવુભાઈ તથા સાહેદ આલાભાઈ ઉર્ફે કનુભાઈને બેફામ માર મારી, ફ્રેકચર સહિતની ઈજાઓ કર્યાની ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ સમગ્ર બનાવ અંગે દ્વારકા પોલીસે આઈ.પી.સી. કલમ ૩૨૬, ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૩૪ તથા એટ્રોસિટી એકટની કલમ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ એસ.સી.એસ.ટી. સેલના ડી.વાય.એસ.પી. સમીર સારડાએ હાથ ધરી છે.

## પટેલ કોલોનીમાંથી અંગ્રેજી શરાબના બેતાલીસ ચપટા સાથે એક ઝડપાયો

જામનગર તા.૨ઃ જામનગરના પટેલકોલોની વિસ્તારની શેરી નં.૬માંથી ગઈરાત્રે પોલીસે એક શખ્સને શરાબના ૪૨ ચપટા સાથે પકડી પાડ્યો છે. જયારે ધ્રોલમાંથી નગરના બે શખ્સ શરાબની ૩ બોટલ સાથે ઝડપાયા છે.

જામનગરના પટેલ કોલોની વિસ્તારની શેરી નં.૬ના છેવાડે આવેલા મંદિર પાસેથી ગઈરાત્રે પસાર થતાં રામેશ્વરનગરમાં રહેતાં ધર્મેન્દ્રસિંહ ગોવુભા જાડેજા નામના શખ્સને પેટ્રોલીંગમાં રહેલા સિટી બી ડિવિઝનના સ્ટાફે રોકાવી તેની તલાસી લીધી હતી.

આ શખ્સના કબ્જામાંથી અંગ્રેજી શરાબના ૪૨ ચપટા મળી આવ્યા હતાં. પોલીસે ચપટા કબ્જે કરી આરોપી ધર્મેન્દ્રસિંહની ધરપકડ કરી છે અને તેને રિમાન્ડ પર લેવાની તજવીજ હાથ ધરી છે.

ધ્રોલ શહેરમાં આવેલા ખેતીવાડી માર્કેટીંગ યાર્ડ પાસેથી ગઈરાત્રે પસાર થયેલા જામનગરના નવાગામઘેડમાં રહેતાં હસમુખ વલ્લભભાઈ મકવાણા તથા દિપક રવજીભાઈ મકવાણા નામના બે કોળી શખ્સને પોલીસે શકના આધારે રોકાવી ચેક કરતાં આ શખ્સોના કબ્જામાં રહેલાં થેલામાંથી અંગ્રેજી શરાબની ૩ બોટલ મળી આવી હતી. પોલીસે બંન્નેની ધરપકડ કરી છે.

## સગીરાને નસાડી જવાના ગુન્હામાં આરોપીને જામીન આપતી હાઈકોર્ટ

જામનગર તા. ૨૭ઃ સિક્કાના એક શખ્સ સામે સગીરાને નસાડી જવા અને દુષ્કર્મ ગુજારવા અંગે ગુન્હો નોંધાયો હતો. આ આરોપીને હાઈકોર્ટે જામીન પર છોડવાનો હુકમ કર્યો છે.

જામનગર તાલુકાના સિક્કામાં રહેતા ઈનાયત અનવરભાઈ ભગાડ નામના શખ્સ સાથે એક સગીરાનો પરિચય થયા પછી પ્રેમ સંબંધ બંધાતા બંને એકબીજા સાથે નિકાહ કરવા ઈચ્છતા હતા પરંતુ સગીરાના માતા-પિતા આ સંબંધની વિરુદ્ધમાં હોય તે સગીરાએ પોતાનું ઘર મૂકી દીધું હતું અને ઈનાયત સાથે ચાલી ગઈ હતી.

આ બાબતની તેણીની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઈનાયત ભગાડ સામે પોકસો તેમજ આઈપીસીની કલમ ૩૬૩, ૩૬૬,૩૭૬ હેઠળ ગુન્હો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ જામીન મુક્ત થવા માટે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી જ્યાં સગીરાએ આપેલા નિવેદનના આધારે અદાલતે પ્રેમપ્રકરણ હોવાનું ધ્યાને લઈ આરોપીને જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો છે. આરોપી તરફથી કિરણભાઈ બગડા, પ્રેમલ રાચ્છ રોકાયા છે.

## જામનગરમાં વેપારી સામે બે લાખના ચેક પરતની ફરિયાદ

જામનગર તા. ૨ઃ જામનગરના એક વેપારી સામે અદાલતમાં રૂા. બે લાખના ચેક પરતની ફરિયાદ નોંધાવવામાં આવી છે. વેપારીએ પોતાના પરિચીતની પુત્રી પાસેથી આ રકમ હાથઉછીની લીધી હતી.

જામનગરના રવિનાબેન પરેશભાઈ શાહ પાસેથી તેમના પિતાના પરિચીત અને વેપારી એવા કિરીટભાઈ ચમનલાલ મહેતાએ રૂા.બે લાખ હાથ ઉછીના મેળવી તેની પરત ચૂકવણી માટે ચેક આપ્યો હતો. તે ચેક વસુલાત માટે રવિનાબેને બેંકમાં રજુ કરતા અપૂરતા નાણાભંડોળના શેરા સાથે પરત ફર્યો હતો. ત્યારપછી રવિનાબેન શાહે જામનગરની અદાલતમાં કિરીટ જમનલાલ સામે નેગો. ઈન્સ્ટ્રુ.એક્ટની કલમ ૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદી તરફથી વકીલ હેમલ ચોટાઈ, વી.એચ. બક્ષી, હિરેન ગુઢકા રોકાયા છે.

### કાર ચાલક ઝડપાયો

ખંભાળિયા- જામનગર હાઈવે પર સલાયા ગેટ વિસ્તારમાં રહેતા ડાવા ડાડાભાઈ લુણા નામના ૨૬ વર્ષના યુવાનને પોલીસે રૂપિયા ૭૫ હજારની કિંમતની શેવરોલેટ કંપનીની મોટરકાર સાથે લાયસન્સ વગર મધરાત્રીના સમયે નીકળતા પોલીસે ઝડપી લઈ, તેની સામે એમ.વી. એક્ટની કલમ મુજબ જરૂરી કાર્યવાહી કરી હતી.

## દ્વારકામાં જુગાર રમતા બે મહિલાઓ સહિત ચાર ઝડપાયા

દ્વારકાના એક મંદિર પાછળના ભાગે પેટ્રોલ પંપ પાસે જાહેરમાં ગંજીપત્તા વડે જુગાર રમી રહેલા ડાયા ભુવનભાઈ કાસ્ટા, મંગાભાઈ ઉર્ફે દેવદાસભાઈ જીવણભાઈ નાગબીર, રોશનબેન મંગાભાઈ નાગબીર અને મંજુલાબેન ઉર્ફે મંજુબેન ગોવિંદભાઈ ગોહિલ નામના ચાર પ્રેમીઓને ઝડપી લઈ, રૂપિયા ૨,૩૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

## જામનગરમાં લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટરના બે વર્ષની સફળતાની ઉજવણી



જામનગર તા. ૨ઃ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત લીલાવતી નેચર ક્યોર એન્ડ યોગ રિસર્ચ સેન્ટર, લાખાબાવળની દ્વિતીય વર્ષગાંઠ નિમિત્તે નેચરોપેથી કેમ્પનું તા. ૧-૩ થી તા. ૬-૩-૨૦૨૧ દરમિયાન આયોજન કરવામાં આવેલ છે. આ કેમ્પનો શુભારંભ તા. ૧-૩-૨૦૨૧, સોમવારના સવારે ૧૦.૩૦ કલાકે થયેલ છે.

આ કાર્યક્રમમાં કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય જગદ્ગુરૂ આચાર્ય ૧૦૮ કૃષ્ણમણીજી મહારાજ, બિપેન્દ્રસિંહ જાડેજા (પ્રમુખ - જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી), લાખાભાઈ કેશવાલા (પ્રમુખ - જામનગર ફેકટરી ઓનર્સ એસોસિએશન) ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ઉપરાંત ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી રમણીકલાલ કે. શાહ, ઓનરરી સેક્રેટરી ચંદુભાઈ શાહ તથા ટ્રસ્ટી ભરતેષભાઈ શાહ, ઉપરાંત કેતનભાઈ શાહ, વોર્ડ નં. ૮ ના નવા ચૂંટાયેલા કોર્પોરેટર પણ ઉપસ્થિત રહ્યાં હતાં. મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ. ત્યારબાદ ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કરવામાં આવ્યું હતું.

રમણીકભાઈ શાહ દ્વારા શાબ્દિક સ્વાગત કર્યા બાદ સેન્ટરની શરૂઆત તથા પ્રગતિ વિષે વિગતવાર માહિતી આપી હતી. ટ્રસ્ટી ભરતેષભાઈ શાહ દ્વારા નેચરોપેથીને સરળ ભાષામાં સમજાવવામાં આવેલ જેમાં હેપીનેસ એટલે કે ખુશ રહેવાથી જ રોગોની ૫૦ ટકા અસર ઘટી જાય છે તેવું જણાવવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ બિપેન્દ્રસિંહ જાડેજા દ્વારા પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. લાખાભાઈ કેશવાલાએ નેચરોપેથીના મહત્ત્વ અને સેન્ટરની વિશેષતાઓ સમજાવી હતી. ત્યાર પછી કૃષ્ણપ્રણામી ધર્માચાર્ય જગદ્ગુરૂ આચર્ય ૧૦૮ કૃષ્ણમણી મહારાજ દ્વારા નેચરોપેથી તથા યોગની મહતત્તા વિશે માર્ગદર્શન સાથે આશીર્વચન પાઠવવામાં આવ્યા હતાં. સેન્ટરના તજજ્ઞો ડો. ગરિમા દવે તથા ડો. રાહુલ કુશવાહા દ્વારા નેચરોપેથી શું છે તેના વિશે ટેકનિકલ માહિતી તથા સેન્ટરની ઉપલબ્ધ સુવિધાઓ વિશે વિગતો આપવામાં આવી હતી. અંતમાં ટ્રસ્ટના ઓનરરી સેક્રેટરી ચંદુભાઈ શાહએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિપાલ પટેલ અને બંસરી ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન દ્વારા પીજીવીસીએલના અધિક્ષક ઈજનેરનું અભિવાદન

જામનગર તા.૨ઃ જામનગર ફેક્ટરી ઓનર્સ એસોસીએશન દવારા ગત તા. ૨૫-૨ને ગુરૂવારના રોજ પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ની સ્થાનિક કચેરીના નવા વરાયેલા અધિક્ષક ઈજનેરનું અભિવાદન કરવા માટે સમારંભનું આયાજન કરવામાં આવેલ હતું જેમાં વિજ કંપનીના અધિક્ષક ઈજનેર સી. કે. પટેલ, નાયબ ઈજનેર જી. જી. પટેલ તથા ઓદ્યોગિક સબ ડીવીઝનના નાયબ ઈજનેર લીંબાસીયા તથા એસોસીએશનના પ્રમુખ લાખાભાઈ એમ. કેશવાલા, ઉપપ્રમુખ ભરતભાઈ એચ. દોઢીયા, માનદમંત્રી અશોકભાઈ દોમડીયા, સહમંત્રી હર્ષદભાઈ પણસારા, ખજાનચી ભાઈલાલભાઈ ગોધાણી, સંપાદક મનસુખભાઈ સાવલા સહિત સંસ્થાની કારોબારી સમિતિના સભ્યો તથા આમંત્રીત સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ લાખાભાઈ કેશવાલા દ્વારા અધિક્ષક ઈજનેર સી. કે. પટેલ તથા નાયબ ઈજનેર જી. જી. પટેલનું બુકે તથા મોમેન્ટો દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું, તથા જામનગરના બ્રાસ ઉદ્યોગના વિજ વિભાગને લગતા વિવિધ પ્રશ્નો જેવા કે, જામનગરના ઔદ્યોગિક વિસ્તારમાં એક પ્રિમાઈસીસમાં એક કરતા વધું ઔદ્યોગિક જોડાણ આપવા, ઉદ્યોગકારોના એલ.ટી. કનેકશનને એચ.ટી. માં તબદીલ કરવા બાબત અપાયેલ નોટીશ, જામનગર જી.આઈ.ડી.સી.-૨/૩ માટે મંજુર કરાયેલ સબ ડીવીઝન કાર્યાવિન્ત કરવા, તથા વિજ કંપની દ્વારા ઉદ્યોગકારાને એક માસમાં બે વિજ બિલો ફાળવવામાં આવેલ છે તે બાબતે રજુઆત કરી આ તમામ પ્રશ્નોનું આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

## એમ.ઈ.એસ. એમ્પલોઈઝ યુનીયન મુંબઈ એરફોર્સ બ્રાંચ જામનગરના હોદેદારોની નિમણુંક



જામનગર તા.૨ઃ એમ.ઈ.એસ. એમ્પ્લોઈઝ યુનિયન મુંબઈ એરફોર્સ બ્રાંચ જામનગરના રીજયોનલ સેક્રેટરી જે.ડી. કણઝારિયાની આગેવાનીમાં વાર્ષિક સાધારણ સભા ગતા તા.૧૬-૨-૨૦૨૧ના રોજ યોજવામાં આવેલ જેમાં વર્ષ ૨૦૨૦નો વાર્ષિક હિસાબ તથા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો તે સર્વાનુમતે સભાસદો દ્વારા મંજુર કરવામાં આવેલ તેમજ ૨૦૨૧ના વર્ષના હોદેદારોની સર્વાનુમતે બીનહરીફ વરણી કરવામાં આવી. જેમાં ચેરમેન રાજેશ રાઠોડ, સેક્રેટરી ભરત રાઠોડ, કેશીયર ભાવિન રાઠોડ, વાઈસ ચેરમેન અજયસિંહ જાડેજા, વાઈસ ચેરમેન રાકેશ નકુમ, આસી. સેક્રેટરી કિરણ પારઘી, ઓર્ગેનાઈજર સેક્રેટરી દિપક ખીમસુરિયા, ઓર્ગેનાઈઝર સેક્રેટરી પી.ઓ. ફર્નાન્ડો તેમજ અન્ય ૧૨ કમીટી મેમ્બરોની નિમણુંક કરવામાં આવી છે.

## બાવળની ઝાડી પાસે જુગાર રમતા બે ઝબ્બે

દ્વારકામાં બસ સ્ટેશન પાસે આવેલી ઝુપડપટ્ટી પાસે બાવળની ઝાળી નજીકથી જુગાર રમી રહેલા અનિલ રસિકભાઈ અને રમણીક પરસોત્તમભાઈ સોલંકી નામના બે શખ્સોને પોલીસે રૂપિયા ૧,૬૩૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ, જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધ્યો હતો.

## ખંભાળિયા તાલુકાના સોડસલા ગામે કૌટુંબિક પુત્રવધુના કવેણથી વૃધ્ધાએ અગ્નિસ્નાન કર્યું

ખંભાળિયા, તા. ૦૨ઃ ખંભાળિયા તાલુકા સોડસલા વાડી વિસ્તારમાં રહેતા જીવુબેન લાલાભાઈ કરમશીભાઈ ટોયટા નામના ૬૦ વર્ષના વૃદ્ધાએ ગત તારીખ ૨૮ મીના રોજ પોતાના શરીરે કેરોસીન છાંટી, દીવાસળી ચાંપી દેતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત મહિલાના જેઠના દીકરાની વહુ જમુબેન મચ્છાભાઈ ટોયટાએ ''તું સારી નથી''- તેવા શબ્દો બોલી, અપમાનીત કરી અવારનવાર સંભળાવણી કરી, શારીરિક-માનસિક ત્રાસ આપતા આનાથી વ્યથિત વૃદ્ધાએ આ પગલું ભર્યુ હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. આ બનાવ અંગે મહિલા પોલીસે જમૂબેન સામે આઈ.પી.સી. કલમ ૪૯૮ (એ) તથા ૫૦૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઓખામાં બે વર્લી ભક્ત ઝડપાયા

ખંભાળિયા, તા. ૦૨ઃ ઓખાના બસ સ્ટેશન પાસેથી વરલી મટકાના આંકડા વડે જુગાર રમી રહેલા વનરાજભા ગજુભા હાથલ (ઉ.વ. ૩૨) અને ગાંધીનગરી વિસ્તારમાંથી અલયાભાઈ ઈસ્માઈલભાઈ સપ નામના બે શખ્સોને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી લઈ, જુગારધારાની કલમ મુજબ જરૂરી કાર્યવાહી કરી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં ભાજપને પ્રથમવાર બહુમતી મળી

## જિલ્લા પંચાયતની રચના બાદ ૨૨ બેઠકો પૈકી ભાજપને ૧ બીન હરીફ સાથે ૧૨ સીટો મળતા સત્તા કબ્જે કરી : કોંગ્રેસ સિહત અન્યને ૧૦ બેઠક મળી

ચક્રવાત ટીમ જામ ખંભાળિયા, તા.૦૨

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતના અસ્તિત્વ બાદ યોજવામાં આવેલી આ બીજી ચૂંટણીમાં ભાજપને આ વખતે સ્પષ્ટ બહુમતી મળી છે. જેમાં ૨૨ સીટ પૈકી ૧૨ બેઠકો કબજે કરી, જિલ્લા પંચાયતમાં ભાજપનું શાસન સ્થાપિત થયું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાની કુલ ૨૨ બેઠક પૈકી અગાઉ બરડીયા જિલ્લા પંચાયત બેઠક બિનહરીફ થઈ હતી. જે ભાજપે કબજે કરી છે. બાકીની ૨૧ બેઠકો માટે રવિવારે યોજાઈ ગયેલા મતદાનમાં ૭૧ ટકા જેટલું ધિંગુ મતદાન થયું હતું.

જિલ્લા પંચાયત માટે આજરોજ ખંભાળિયા સહિત જિલ્લાના જુદાજુદા વિસ્તારોમાં યોજાયેલી મતગણતરીમાં ૧૧ બેઠક ભાજપને તથા ૧૦ બેઠક કોંગ્રેસને મળી છે. જ્યારે અગાઉની એક બિનહરિફ બેઠક ભાજપને મળી કુલ ૧૨ બેઠકો કબજે કરી, સ્પષ્ટ બહુમતી સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં ભાજપનું શાસન આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૪ થી જામનગરમાંથી અલગ થયેલા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત વખતે કોંગ્રેસની સ્પષ્ટ બહુમતી સાથે બે પ્રમુખ કોંગ્રેસના રહ્યા હતા. જ્યારે આ વખતે ૨૨ પૈકી ૧૨ બેઠકો મેળવી, ભાજપ જિલ્લા પંચાયત કબજે કરવામાં સફળ રહ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતમાં મહત્વની વડત્રા બેઠક પર જામનગરના પૂર્વ સાંસદ તથા ખંભાળિયા વિધાનસભાના કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય વિક્રમભાઈ માડમના પુત્ર કરન માડમે ઉમેદવારી નોંધાવી હતી. જેની સામે અહીંના ભાજપના પાયાના કાર્યકર પરંતુ ધારાસભ્ય વિક્રમ માડમ કરતા ઓછા શક્તિશાળી મનાતા ભરતભાઈ ચાવડાના પુત્ર અનિલભાઈ ચાવડાએ ૫૦૩૩ મળી મેળવી ધારાસભ્યના પુત્રને હરાવ્યા હતા. જ્યારે અહીના રાજકારણમાં મોટું નામ ધરાવતા અને જિલ્લા પંચાયતના તત્કાલીન સભ્ય તથા હોદેદાર એવા મેરગભાઈ કાનાભાઈ ચાવડાના ધર્મપત્ની પણ આ ચૂંટણીમાં હારી જતાં અનેક લોકો સ્તબ્ધ બની ગયા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની શક્તિનગર



બેઠક માટે ભાજપ દ્વારા અહીના પૂર્વ ધારાસભ્ય તથા પૂર્વ જિલ્લા પ્રમુખ સ્વ. મેઘજીભાઈ કણજારીયાના પુત્ર જીતેન્દ્રભાઈ મેઘજીભાઈ કણજારીયાને ટિકિટ આપવામાં આપી હતી. જેઓ ઐતિહાસિક તથા સમગ્ર જિલ્લામાં સૌથી વધુ ૯૨૨૧ મત મેળવી અને તોતીંગ લીડથી વિજેતા બન્યા હતા. આ ઉપરાંત જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખના પુત્ર સંજય હરિભાઈ નકુમે પણ નોંધપાત્ર ૭૦૭૫ મત, જ્યારે જિલ્લા પંચાયતના તત્કાલીન પ્રમુખ પી.એસ. જાડેજાના પુત્રવધુ રિદ્ધિબા શક્તિસિંહ જાડેજાએ ચારબારા બેઠક પર ૮૫૩૨ મત મેળવી અને જીત હાંસલ કરી હતી. આ ઉપરાંત જિલ્લા પંચાયતની સણખલા બેઠક પર અનુસૂચિત આદિજાતિના સ્ત્રી મહિલા ઉમેદવાર રાજીબેન વિરાભાઈ મોરી વિજેતા થયા છે. જે સંભવતઃ આગામી પ્રમુખ તરીકે બિરાજમાન થશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્યમથક ખંભાળિયામાં દ્વારકા હાઈવે પર આવેલી સરકારી આદર્શ નિવાસી શાળા ખાતે મહત્વની જિલ્લા પંચાયતની આઠ બેઠક તથા તાલુકા પંચાયતની ૨૩ બેઠક માટે મતગણતરી યોજાઈ હતી. આ સ્થળે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મિડિયાકર્મીઓ માટે વ્યવસ્થાના નામે મીંડું રહ્યું હતું. મતગણતરી બિલ્ડીંગ સિવાયના અન્ય બિલ્ડિંગમાં રાખવામાં આવેલા મિડિયા રૂમમાં ટીવી કે લાઉડ સ્પીકરની કોઈ વ્યવસ્થા ન હતી. જેથી ઉમેદવારોની હારજીત કે અન્ય કોઈ માહિતી પ્રાપ્ત થતી ન હતી. આ માહિતી મોડે મોડેથી પ્રાપ્ત થતી હતી. શહેરથી ખૂબ જ દૂર આ સ્થળે મોબાઈલ નેટવર્ક પણ તદ્દન નબળા હોવાથી ઈન્ટરનેટ તો દૂર પણ વાત કરવામાં પણ સૌને હાલાકી થતી હતી. તંત્રની આ અવ્યવસ્થાએ પત્રકારોમાં કચવાટની લાગણી પ્રસરાવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાની તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન બરકરાર રહ્યું છે. અગાઉ એક બેઠક બિનહરીફ થયા બાદ ૨૩ બેઠકની યોજાઈ ગયેલી ચૂંટણીના મતદાનમાં ભાજપને ૧૩ મળી કુલ ૧૪ તથા કોંગ્રેસને ૯ અને આમ આદમી પાર્ટીને એક બેઠક સાંપડી છે.

આ જ રીતે દ્વારકા તાલુકા પંચાયતમાં અગાઉ ભાજપે ચાર બેઠક બિનહરીફ મેળવ્યા બાદ આજની મતગણતરીમાં વધુ ૧૦ બેઠક સાથે કુલ ૧૪ બેઠક જ્યારે કોંગ્રેસને માત્ર એક બેઠક મળી હતી. કુલ ૧૬ પૈકી ૧ બેઠક અપક્ષએ પણ હાંસલ કરી છે. જિલ્લાની ૨૪ બેઠક ધરાવતી કલ્યાણપુર તાલુકા પંચાયત આ વખતે કોંગ્રેસે સેરવી લીધી છે. આજરોજ યોજાયેલી મતગણતરીમાં ૧૩ બેઠક સાથે કોંગ્રેસ અને ૧૧ બેઠકોમાં ભાજપ વિજેતા બન્યું છે. આમ, દેવભૂમિ દ્વારકા જિલ્લાની મહત્વની એવી જિલ્લા પંચાયત ઉપરાંત ખંભાળિયા તથા દ્વારકા તાલુકા પંચાયતમાં ભાજપનો કબજો રહ્યો છે. ત્યારે ભાણવડ તથા કલ્યાણપુર તાલુકા પંચાયત કોંગ્રેસને ફાળે ગઈ છે.

# સૌરાષ્ટ્રમાં કોરોનાના વધુ નવા ૯૧ કેસ, ૮૦ દર્દી સ્વસ્થ

### રાજકોટ જિલ્લામાં નવા ૫૦ અને જુનાગઢ ૧૨ કેસ અન્ય જિલ્લાઓમાં આંક એકી સંખ્યામાં : બોટાદ-પોરબંદર કોરોના મુક્ત

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૨

સૌરાષ્ટ્રભરમાં કોરોના વેકિસનના બીજા તબકકાના રસીકરણ સાથે પોઝીટીવ કેસમાં ફરી વધારો થવા લાગ્યો છે સ્થાનીક સ્વરાજયની ચુંટણીનાં મતદાન પહેલા બાદનાં દિવસોમાં પોઝીટીવ કેસમાં ઉછાળો જોવા મળ્યો છે. રાજકોટ અને જુનાગઢ જીલ્લામાં ડબલ અને અન્ય જીલ્લામાં સીંગલ આંકમાં કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન સૌરાષ્ટ્રમાં નવા ૯૧ પોઝીટીવ કેસ સામે ૮૦ દર્દીઓ ડીસ્ચાર્જ થયા છે. રાજકોટ જીલ્લામાં ૪૪ શહેર ૬ ગ્રામ્ય કુલ ૫૦, જુનાગઢ ૫ શહેર ૭ ગ્રામ્ય કુલ ૧૨, જામનગર ૯, ભાવનગર ૫, અમરેલી ૬, ગીર સોમનાથ ૫, મોરબી ૨, દ્વારકા-સુરેન્દ્રનગર ૧-૧ સહીત ૯૧ પોઝીટીવ કેસ નોંધાયા છે.જયારે રાજકોટ-૪૧, જામનગર ૬, જુનાગઢ ૭, ભાવનગર ૧૪, ગીર સોમનાથ ૭, મોરબી ૫ સહીત ૮૦ દર્દીઓ ડીસ્ચાર્જ થયા છે.કચ્છમાં ૧૧ નવા પોઝીટીવ કેસ નોંધાયા છે.રાજયમાં નવા ૪૨૭ કેસ સામે ૩૬૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. રાજયનો રીકવરી રેટ ૯૭.૪૭ ટકા નોંધાયો છે.

રાજકોટ : રાજકોટ જીલ્લામાં વધુ નવા ૫૦ પોઝીટીવ કેસ નોંધાયા છે. જેમાં ૪૪ શહેર અને ૬ ગ્રામ્ય કેસ નોંધાયા છે. શહેરનો કુલ પોઝીટીવ આંક ૧૬ હજારને પાર પહોંચ્યો છે.કોરોના વેકિસનના બીજા તબકકામાં રસીકરણ આગળ ધપી રહયુ છે. તેવા સમયે ફરી પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાઈ રહયો છે.

ભાવનગર : ભાવનગર જીલ્લામાં ૫ નવા કોરોના પોઝીટીવ કેસ નોંધાતા જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા ૬૧૮૨ થવા પામી છે. જેમા ભાવનગર શહેરી વિસ્તારમા ૩ પુરુષ અને ૧ સ્ત્રી મળી કુલ ૪ લોકોના રીપોર્ટ પોઝીટીવ નોંધાયા છે. જયારે તાલુકાઓમાં સીહોર તાલુકાના આંબલા ગામ ખાતે ૧ કેસ મળી કુલ ૧ લોકોના રીપોર્ટ પોઝીટીવ નોંધાતા સારવાર અર્થે દાખલ કરેલ છે.જયારે ભાવનગર મહાનગરપાલીકા વિસ્તારમા ૩ કેસ મળી કુલ ૩ કોરોના પોઝીટીવ દર્દી કોરોનામુકત થતા તેને હોસ્પીટલમાંથી રજા અપાઈ છે. જીલ્લામાં નોંધાયેલા ૬૧૮૨ કેસ પૈકી હાલ ૨૯ દર્દીઓ સારવાર હેઠળ છે. જયારે જીલ્લામાં ૬૯ દર્દીઓનું અવસાન થયેલ છે.

# કમલમમાં જશ્નનો માહોલ : રુપાણીએ કહ્યું-શહેર કરતાં પણ ગામડામાં સારૂં પરિણામ મળ્યું, કોંગ્રેસ વિપક્ષ માટે પણ લાયક નથી



ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં (ઈક્ષ્રીર્ક્ષેહ) ભાજપની ઝોળીમાં મોટી સફળતા આવી છે. ૨૦૧૫માં જ્યાં જ્યાં ભાજપની હાર થઈ હતી, તેમાંની મોટાભાગની બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો છે. ભાજપ જ્યારે જીત તરફ આગળ વધી રહી છે ત્યારે સીએમ રૂપાણી અને સી.આર. પાટીલ કમલમ્ ખાતે પહોંચ્યાં હતાં. ત્યાં સી.આર. પાટીલે જણાવ્યું કે, ગુજરાત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા જનતા સાથેના કામ અને સહકાર અને સરકારે કરેલા કામોનું પરિણામ દેખાઈ રહ્યું છે. ૨૦૧૫માં ભાજપને જે કાંઈપણ નુકસાન થયું હતું તેનો બદલો આજે આજે મળ્યો છે. જણાવી દઈએ કે રાજ્યની (ડ્વિટ્ટર્ઢિ) ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો અને ૨૩૧ તાલુકા પંચાયતોની ચૂંટણીનું મતદાન ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાયું હતું. આજે એટલે મતગણતરી (ફૈંહજ્ઞ) થઈ રહી છે જેમાં હાલ ભાજપ આગળ વધી રહી છે. જોકે સંપૂર્ણ પરિણામ મોડી સાંજે જાહેર થશે. રાજ્યમાં ૩૧ જિલ્લાની ૯૮૦ બેઠક, ૨૩૧ તાલુકા પંચાયતની ૪,૭૭૪ બેઠકો અને ૮૧ નગરપાલિકાની ૨,૭૨૦ બેઠકો સહિત કુલ ૮,૪૭૪ બેઠકો માટેનું આજે ભાવિ નક્કી થશે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયત ૮૭૪૭ બેઠકોમાંથી ૨૩૭ બેઠક બિનહરીફ થઈ છે. ૮૧ નગરપાલિકાની ચૂંટણીમાં ૬૮૦ વોર્ડની કુલ ૨૭૨૦ બેઠકો પૈકી ૯૫ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેમાં ભાજપને ૯૨, કોંગ્રેસને ૨, અન્યને ૧ બેઠક મળી છે. ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકો પૈકી ૨૫ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેમાં તમામ ભાજપને ફાળે આવી છે. ૨૩૧ તાલુકા પંચાયતની બેઠકો ૧૧૭ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેમાં ભાજપને ૧૧૧, કોંગ્રેસને ૫ અને અન્યને ૧ બેઠકો મળી છે.

# અખિલેશ અને તેજસ્વી યાદવ બન્ને મમતાની મદદે



ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૨

પશ્ચીમ બંગાળમાં યોજાઈ રહેલી ધારાસભા ચૂંટણીમાં ઉતરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ તથા બિહારમાં રાજદના વડા તેજસ્વી યાદવ બંને કલકતાની મુલાકાતે હતા. સવારે અખિલેશ યાદવ મમતા બેનરજીને મળ્યા અને બાદમાં પશ્ર્ચિમ બંગાળમાં વસતા ઉતરપ્રદેશના નાગરિકોને તૃણમુલ કોંગ્રેસ માટે મત આપવાની અપીલ કરી તથા અહી જે ઉતરપ્રદેશના લોકો રહે છે તે વિસ્તારમાં પ્રચાર માટે પણ આવશે તેવી જાહેરાત કરી સાંજે તેજસ્વી યાદવ મમતાને મળવા પહોંચી ગયા હતા અને રાજયના બિહારી લોકોને દીદી સાથે રહેવા અપીલ કરી, આ બંને નેતાઓએ જાહેર કર્યુ હતું કે તેઓ રાજયમાં ચૂંટણી લડવા માંગતા નથી પરંત મમતા બેનરજીની જીત માટે તેઓ પ્રચારમાં પણ આવશે.

# કોંગ્રેસને સગાવાદ નડ્યો : ધારાસભ્યોના સગાવહાલાઓ ચૂંટણી હાર્યા

ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૨

ગુજરાતમાં પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા ચૂંટણીના પરિણામો આવી રહ્યા છે. મહાનગરપાલિકાની ચૂંટણીની જેમ જ આ ચૂંટણીમાં પણ ભાજપે શાનદાર પ્રદર્શન કર્યું હતું, જ્યારે શહેર બાદ હવે ગામમાં પણ કોંગ્રેસનો પરાજય થયો છે. કોંગ્રેસના ધારાસભ્યો પણ ચૂંટણી હારી ગયા છે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (આપ) એ શાનદાર પ્રદર્શન કર્યું છે. પેટલાદ નગરપાલિકાની બે બેઠકો પર કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય નિરંજન પટેલ ચૂંટણી હારી ગયા છે. તેઓ ભાજપના ઉમેદવારો સામે પરાજિત થયા છે. કોંગ્રેસના ધારાસભ્ય નિરંજન પટેલે મધ્ય ગુજરાતમાં પેટલાદ મ્યુનિસિપલ ચૂંટણીના વોર્ડ નંબર ૩ અને ૫ પર ચૂંટણી લડી હતી અને તે બંને બેઠકો પરની ચૂંટણી હારી ગયા છે.

આ ઉપરાંત કોંગ્રેસના ધારાસભ્ય પૂનમ પરમારની ભત્રીજી નિકુંજ જિલ્લા પંચાયતની તારાપુર બેઠક પરથી ચૂંટણી હારી ગઈ છે. તેમજ પૂનમ પરમારના પુત્ર વિજય તારાપુર તાલુકા ચૂંટણીમાં તાલુકા પંચાયત બેઠક હારી ગયા છે. કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલનો પુત્ર યશ કોટવાલ વિજયનગર તાલુકા પંચાયતની ચિતારિયા બેઠક હારી ગયા છે. યશ કોટવાલ અગાઉ આ તાલુકા પંચાયતના પ્રમુખ હતા. ખાસ વાત એ છે કે કોંગ્રેસના ધારાસભ્ય અશ્વિન કોટવાલ પણ રાજ્ય વિધાનસભામાં કોંગ્રેસ પાર્ટીના વ્હીપ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસના અન્ય ધારાસભ્ય વિક્રમ માડમનો પુત્ર ચૂંટણી હાર્યો હતો. આ સિવાય ભારતીય ટ્રાઈબલ પાર્ટી (બીટીપી) ના વડા છોટુ વસાવાના પુત્ર દિલીપ વસાવા પણ ચૂંટણી હારી ગયા છે.

# ચૂંટણી જંગ જીત્યા, પણ પરિણામ પહેલા જિંદગીનો જંગ હાર્યા : સાંણદ પંચાયતની પીપળ બેઠકના મૃતક અપક્ષ મહિલા ઉમેદવારનો વિજય

ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૦૨

લીલા બહેને અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી હતી,પરિણામ આવે તેના એક દિવસ પહેલા તેમનું મૃત્યું નિપજ્યું,અમદાવાદ નગરપાલિકા, જિલ્લા અને તાલુકાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન બની હતી. જેમાં નગરપાલિકામાં ૬૪.૯૦ ટકા મતદાન નોંધાયું હતું. આ સાથે જિલ્લામાં ૭૦.૭૫ ટકા અને તાલુકામાં ૭૦.૭૧ ટકા મતદાન નોંધાયું હતું. જેમાં આજે મતગણતરી કરાઈ હતી. તાલુકા પંચાયતની ચૂંટણીમાં સાણંદમાં ૨૪ બેઠકોમાંથી ૧૪ ભાજપના ફાળામાં ગઈ હતી, ત્યારે ૯ પર કોંગ્રેસે કબ્જે કરી હતી. આ તમામ પરિણામમાં ૧ માત્ર બેઠક એવી હતી જેમાં અપક્ષના ઉમેદવારનો વિજય થયો હતો. તે અન્ય કોઈએ નહીં પરંતુ લીલા બહેન ઠાકરે જીતી હતી. લોકોએ તેમના પર ભરોસો દાખવીને મત તો આપ્યો પરંતુ જીવનની ચૂંટણીમાં તેઓ પરાસ્ત થઈ ગયા હતા. સોમવારે ચૂંટણીના પરિણામના એક દિવસ પહેલા જ તેમનું અવસાન થયું હતું. જિલ્લા અને તાલુકા પંચાયત સહિત નગર પાલિકાઓની ચૂંટણીના પરિણામોમાં ભાજપ વિજયકૂચ તરફ અગ્રેસર છે. ત્યારે પરિણામોમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની પણ હાર થઈ છે. આજે વહેલી સવારથી મતગણતરીનો માહોલ છવાઈ ગયો હતો. તેવામાં અત્યારે ઉમેદવારોના હાર જીતનો સીલસીલો ચાલી રહ્યો છે. જેમાં સાણંદ તાલુકા પંચાયતની પીપળ સીટ પર લીલાબેન ઠાકોરનો વિજય થયો હતો. પરિણામના એક દિવસ પહેલા મૃત્યું પામ્યા,લીલા બહેન સાંણદ તાલુકા પંચાયતની પીપળ સીટ પર અપક્ષમાંથી લડી રહ્યા હતા. મંગળવારના રોજ જ્યારે સ્થાનિક સ્વરાજની પાલિકા પંચાયતની ચૂંટણીના પરિણામો જાહેર કરાયા હતા, ત્યારે લીલા બહેનને સ્થાનિકોએ મત આપીને વિજેતા બનાવ્યા હતા. પરંતુ આ પરિણામમાં તેઓ સહભાગી બની શક્યા ન હતા. લીલા બહેનનું સોમવારે ચૂંટણીના પરિણામના એક દિવસ પહેલા અવસાન થયું હતું. તેવામાં આજે જ્યારે તેઓ અપક્ષમાંથી પીપળી સીટ પર વિજયી થયા છે. લીલાબેહેનને મતદારોએ જીતાડ્યા પરંતુ ભગવાને હરાવ્યા જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

# વલસાડ-મુંબઈ-વલસાડ ફાસ્ટ પેસેન્જર ટ્રેન શરૂ

ચક્રવાત ટીમ વાપી, તા.૦૨

કોરોના મહામારીના પગલે સમગ્ર દેશમાં ટ્રેન વ્યવહાર બંધ થઈ ગયો હતો. જોકે, કોરોનાના કેસમાં હવે ધીરે ધીરે ઘટાડો થતાં વિભાગ દરેક દિશામાં નિયમિત ટ્રેન વ્યવહાર પુનઃ શરૂ કરી રહ્યું છે, પરંતુ સુરતથી મુંબઈ જતાં રોજિંદા પેસેન્જરો માટે રેલવે તંત્ર હજુ પણ અમુક ટ્રેન વ્યવહાર શરૂ કરી શક્યું નથી. ઉપરાંત આ ટ્રેનોમાં માત્ર કન્ફર્મ ટિકિટ જ માન્ય હોવાથી રોજિંદા મુસાફરોને પારા વાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અગાઉ વલસાડથી મુંબઈ (Valsad-Mumbai) દોડતી વલસાડ ફાસ્ટ પેસેન્જર ટ્રેન તેના નિયનિટ ટાઈમ ટેબલ પ્રમાણે સોમવાર ૧લી માર્ચથી (March) પૂર્વવત્ શરૂ થઈ ગઈ છે. જોકે, આ ટ્રેનમાં (Train) માત્ર રિઝર્વેશન કન્ફર્મ ટિકિટ ધારક જ પ્રવેશ મેળવી યાત્રા કરી શકશે. વલસાડ-મુંબઈ ફાસ્ટ પેસેન્જર ટ્રેન તેના નિધારિત સમયે સવારે ૪:૪૦ કલાકે વલસાડથી ઉપડી મુંબઈ સવારે ૯:૧૫ કલાકે પહોંચશે.

વલસાડ રેલવે વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ ૧ માર્ચ, સોમવારથી સેકન્ડ ક્લાસ સિટીંગ કોચ ધરાવતી વલસાડ-મુંબઈ ફાસ્ટ પેસેન્જર ટ્રેન તેના નિધારિત સમયે સવારે ૪:૪૦ કલાકે વલસાડથી ઉપડી મુંબઈ સવારે ૯:૧૫ કલાકે પહોંચશે. આ ટ્રેન બંને તરફ અતુલ, પારડી, ઉદવાડા, વાપી, કરમબેલી, ભીલાડ, સંજાણ, ઉમરગાવ રોડ, ઘોલવડ, દહાણુરોડ, વાનગાવ, બોઈસર, પાલઘર, કેલવે રોડ, સફાળે, વૈતરણા, વિરાર, બોરીવલી અને દાદર ઉભી રહેશે. વલસાડ ફાસ્ટ પેસેન્જર મુંબઈથી રોજ સાંજે ૬:૧૦ કલાકે ઉપડી વલસાડ ખાતે રાત્રે ૧૧:૦૫ કલાકે પહોંચશે. આ ટ્રેનમાં યાત્રા કરનાર મુસાફરે રિઝર્વેશન ટિકિટ બુક કરાવી પડશે. કન્ફર્મ ટિકિટધારકોને જ આ ટ્રેનમાં પ્રવાસ કરવા દેવાશે. ઉપરાંત દરેક યાત્રીને કોવિડ-૧૯ના નીતિ નિયમોનું પાલન કરવાની પણ સલાહ આપવામાં આવે છે.

રેલવે વિભાગ ધીરે ધીરે ટ્રેન વ્યવહાર પૂર્વવત્ કરી રહી છે, પરંતુ રોજિંદા મુસાફરી કરતાં નોકરિયાત લોકો, અધિકારીઓ, બેન્ક સ્ટાફ સહિત અસંખ્ય મુસાફરો માટે હજુ પણ કોઈજ પ્રકારની સુવિધા શરૂ કરાઈ નથી. રોજે રોજ મુંબઈથી સુરત સુધી અપડાઉન કરતાં મુસાફરોને રોજ ઓનલાઈન રિઝર્વેશન કરાવું પોષાય તેમ નથી. વલસાડ સહિત સંઘપ્રદેશના જનપ્રતિનિધિઓ અને રાજકીય આગેવાનો ક્યારે જાગશે, અને રેલવે વિભાગને રજૂઆત કરી પાસધારકો માટે સ્પેશ્યલ ટ્રેન ક્યારે શરૂ કરાવશે, તેની રાહ રોજિંદા મુસાફરો કરી રહ્યા છે.

# તામીલનાડુમાં ડીએમકેના સ્ટાલીન અને તેના પુત્ર ઉદયનિધી બંને ચૂંટણી લડશે



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૨

તામીલનાડુમાં યોજાઈ રહેલી ધારાસભા ચુંટણીમાં ડીએમકેના નેતા અને મુખ્યમંત્રી પદના દાવેદાર તથા સ્વર્ગસ્થ કરુણાનીધીના પુત્ર એમ. કે. સ્તાલીન એ આગામી ચુંટણીમાં કોલાથુર ધારાસભા બેઠક પરથી પોતે ચુંટણી લડવાની જાહેરાત કરી છે અને પક્ષમાં આ માટે ઉમેદવારી પણ નોંધાવી દીધી છે. જયારે તેમના પુત્ર અને પક્ષની યુવા મોરચાના મહામંત્રી ઉદયનીધી સ્તાલીન ચેપોક મત વિસ્તારમાંથી ચુંટણી લડશે. ઉદય પ્રથમ વખત ચુંટણી લડી રહયો છે. અને તેણે પોતાના દાદા એમ. કરુણાનીધીની ચેપોક બેઠક પસંદ કરી છે. આમ પિતા-પુત્ર બંને ચુંટણી લડી રહયા હોય તેવી તામીલનાડુમાં આ બીજી ઘટના છે. અગાઉ ખુદ કરુણાનીધી અને સ્તાલીન બંને સાથે લડયા હતા.

# રાજકોટમાં વિજય સરઘસથી શહેરમાં ટ્રાફિકજામ સર્જાયો, ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ચલણી નોટો ઉડાવી



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૦૨

રાજકોટમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં થયેલ મતદાનની મત ગણતરી શરુ થઈ ગઈ છે, ત્યારે વિવિધ બેઠકો પર અનુક્રમે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વિજયી બનતા તેઓ ખુલ્લેઆમ ટોળે વળીને જીતની ઉજવણી કરે છે ત્યારે હાલ કોંગ્રેસનો આણંદપર બેઠક પર વિજય થતા કોંગી કાર્યકરોએ ઢોલના તાલે કાર્યકરોએ પૈસા ઉડાડી જીતની ઉજવણી કરી હતી. જેનાથી પ્રેરાયને રાજકોટના બેડી ગામ પર ભાજપની જીત થતા કાર્યકરોએ ખુલ્લે આમ ૫૦૦-૫૦૦ની નોટ ઉડાડી જીતની ઉજવણી કરી હતી. જીતનો જશ્ન ઉજવતા ભાજપના કાર્યકરોના ટોળે ટોળા ઉમટ્યા હતા જેથી ચારે તરફ ટ્રાફિકજામ થતાં લોકો પણ પરેશાન થયા હતા.

# ઊનાના યાજપુરના યુવાનના પીઠમાં થયેલ ગાંઠનું સફળ ઓપરેશન કરાયુ



ચક્રવાત ટીમ ઊના, તા.૦૨

ઉનાના યાજપુર ગામે રહેતા પ્રવિણભાઈ ગોવિદભાઈ ઉ.વ.૩૦ ને શરીરના વાસાના ભાગે છેલ્લા ૧૦ વર્ષથી સાદી ગાંઠ હોય અને દશ વર્ષથી પિડાતો યુવાન ગરીબ પરીવારનો હોવાથી ખાનગી હોસ્પીટલમાં ઓપરેશન કરવાનો ખર્ચ ઉપાડી શકે તેમ ન હોવાથી ઉના સરકારી હોસ્પીટલના તબીબને બતાવતા ડો. એ તપાસ કરતા ઓપરેશન કરાવવા જણાવેલ હતું. અને આજે સવારે પ્રવિણભાઈના વાસામાં થયેલ સાદી ગાંઠનું ઓપરેશન સફળ કર્યુ હતું. સરકારી હોસ્પીટલના ડો.એન કે જાદવ તેમજ સ્ટાફના જીતેન્દ્રભાઈ, પાયલબેન નર્સ સહીતનો સ્ટાફએ જહેમત ઉઠાવી આ ગરીબ પરીવાર માંથી આવતા યુવાનને સાદી ગાંઠનું ઓપરેશન સફળ બનાવેલ હતું. જોકે અન્ય ખાનગી હોસ્પીટલમાં ઓપરેશન કરવાનો ખર્ચ વધુ થતો હોય પરંતુ સરકારી હોસ્પીટલના ડોક્ટર અને સ્ટાફે આ ઓપરેશન કરેલ તે બદલ તેમના પરીવારજનોએ ડો. તેમજ સ્ફાટનો આભાર વ્યક્ત કરેલ હતો.

# સુરેન્દ્રનગર જીલ્લામાં ભાજપનો ભગવો લહેરાવાની સાથે આપની એન્ટ્રી



ચક્રવાત ટીમ વઢવાણ , તા.૦૨

સુરેન્દ્રનગર જીલ્લા ની સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૦૨૧ માં જિલ્લા પંચાયત, ૧૦ તાલુકા પંચાયત અને પાંચ નગરપાલિકા માં ભાજપને બહુમતી મળેલ છે અને સૌથી જૂની પાર્ટી કોંગ્રેસ ના સૂપડા સાફ થયાં છે વિશેષ માં કોંગ્રેસ ને ૫૧, એનસીપી ને ૦૧, બસપા ને ૦૨, આમ આદમી પાર્ટી ને ૦૧ અને અપક્ષ ને ૦૫ સીટ મળેલ છે સૌ પ્રથમ વખત ચૂંટણી લડનાર આમ આદમી પાર્ટી ની સુરેન્દ્રનગરમાં એન્ટ્રી થઈ ગઈ છે સુરેન્દ્રનગરમાં કુલ ૩૮૦ માંથી ૩૨૦ સીટ ભાજપા એ કબ્જે કરી છે હવે આગામી સમય માં ઝાલાવાડ ની ધરા ને વધુ વિકાસ કરાવશે તેવી બધાની આશા મંડાય છે.

તંત્રી સ્થાનેથી......

# દેશમાં વેકસિન આપવાની ઝુંબેશ, લોકોને કરાતી તાકિદ...

કોરોનાને હરાવવા માટે સરકાર દ્વારા ગત ૧૬ જાન્યુઆરીથી દેશભરમાં કોરોના વેકસિન આપવાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે પહેલા તબકકામાં હેલ્થ વર્કર્સ અને ફ્ન્ટ લાઈન વોરિયર્સને વેકિસન આપ્યા પછી હવે ૬૦ વર્ષથી મોટી ઉમંરના અને ૪૫ વર્ષથી મોટી ઉંમરના ગંભીર બિમારી ધરાવતા લોકોને વેકસિન આપવાની શરૂઆત કરવામાં આવી છે.

પહેલા તબક્કામાં લાખો આરોગ્ય કર્મચારીઓ અને ફ્રન્ટ લાઈન વર્કસને વેકિસન આપ્યા પછી આવા લોકોને બીજા તબક્કાની વેકિસન આપવાનો લક્ષ્યાંક પુરો થયો નથી ત્યારે સરકાર દ્વારા ૧ કરોડ ૪૩ લાખથી વધુ લોકોને વેકિસન આપવાની કામગીરી પુરી થઈ છે પણ આતો હજૂ માત્ર શરૂઆત છે. દેશમાં હજારો લોકો એવા છે કે જેઓ વેકિસન લેતા કયાંક તો ડરે છે અથવા તો અન્ય કારણોસર આનાકાની કરે છે વિપક્ષોએ પણ દેશમાં બનાવવામાં આવેલી વેકિસનની વિશ્ર્વસનિયતા સામે સવાલ ઉઠાવ્યા હતા. આવા સમયે પી.એમ. નરેન્દ્ર મોદીએ દેશના અદના નાગરીક અને જાગૃત નેતા તરીકે એઈમ્સમાં હોસ્પિટલમાં વેકસિન લઈને અલગ ઉદાહરણ આપ્યું છે.

આમ જનતાને વેકસિન આપવાની ઝુંબેશમાં પી.એમ. મોદીએ સૌથી પહેલા વેકસિન લઈને લોકોમાં વેકસિન પ્રત્યે વિશ્ર્વાસ જગાવીને વેકસિનની સુરક્ષા સામે સવાલ ઉઠાવતા વિપક્ષોને સણસણતો જવાબ આપ્યો છે. વેકસિનની કામગીરી સરકારે ઘડેલી રણનીતિ મુજબ બરાબર ચાલી રહી છે પણ કોરોના વાયરસના દેશમાં નવા પ્રવેશેલા સ્ટ્રેનના કારણે સરકારની ચિંતામાં અનેકગણો વધારો થયો છે. નવા વાયરસ મહારાષ્ટ્ર, કેરળ, કર્ણાટક, છત્તિસગઢ, મધ્યપ્રદેશ અને ગુજરાત સહિતના કેટલાક રાજયોમાં કોરોનાના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે જે દેશમાં કોરોનાનો બીજો જોખમી તબક્કો શરૂ થવા સંકેતો આપે છે.

કોરોનાને વકરતો રોકવા સરકાર દ્વારા કોરોનાની રણનિતી બદલાવવામાં આવી છે સંક્રમણની આશંકા વચ્ચે જીવી રહેલા સીનીયર સીટીઝન તેમજ ૪૫ વર્ષથી મોટી ઉંમરના પણ ગંભીર બિમારી ધરાવતા લોકોને વેકસિન આપીને સરકારે કોરોના સામે સુરક્ષા આપવાનું સમયસરનું પગલું લીધુ છે. આનાથી કોરોનાનું વધતું જતું સંક્રમણ રોકી શકાશે. સાથોસાથ ખાનગી હોસ્પિટલોમાં વેકસિન લેવા માટે રૂા.૨૫૦નો ચાર્જ નક્કી કરાયો છે જેના કારણે સરકારી હોસ્પિટલોમાં વેકસિન માટેની લાંબી કતારો બંધ થવા લાગી છે.

કેટલાક રાજયોમાં કોરોનાના બે નવા સ્ટ્રેન જોવા મળ્યા છે જે બ્રિટન, સાઉથ આફ્રિકા અને બ્રાઝિલના સ્ટ્રેન કરતા અલગ જ છે નવા કેસ વધવા માટે આ સ્ટ્રેન જવાબદાર છે કે નહીં તે હજૂ નકકી થઈ શકયું નથી. દેશમાંથી કોરોનાએ વિદાય લીધી નથી લોકોએ હજૂ કપરોકાળ પસાર કરવાનો છે જેથી દો ગજ કી દૂરી... માસ્ક જરૂરીના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૦૩-૦૩-૨૦૨૧, બુધવાર, મહા વદ-૫, સૂર્યોદય-૬-૪૪, સૂર્યાસ્ત-૬-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૩-૦૩-૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શકિતની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




## પ્રકરણ ૭૮

છઠ્ઠની સાંજે ત્રણેય મેળાની મુલાકાતનો આખો રોડમેપ તૈયાર કરી લીધો હતો. પહેલા હું રાજકોટના મેળાની મુલાકાત લેવાનો હતો. ત્યારબાદ પોરબંદર અને છેલ્લો શ્રાવણ માસની અમાસના રોજ યોજાતો ભૂચરમોરીનો મેળો. તરણેતરના જગપ્રસિદ્ધ મેળાની મુલાકાત લેવાની બહુ ઈચ્છા હતી. પરન્તુ મેં કલ્ચર ટાસ્ક પહેલાં પસંદ કરી લીધો હોય હવે તેમાં ફેરફાર શક્ય નહોતો. મેં મન મારીને પરિસ્થિતિ સાથે સમાધાન કરી લીધું.

મેં રાજકોટના લોકમેળાથી મારા પ્રોજેક્ટના ટાસ્કની શરૂઆત કરી. સાતમની બપોર પછીનો સમય. હૈયે હૈયું દળાય એટલી માનવ મેદની વચ્ચે હું જગ્યા કરતો આગળ વધી રહ્યો હતો. કાગળ ઉપર આયોજન બહુ વ્યવસ્થિત દેખાઈ રહ્યું હતું. પરંતુ આટલી ભીડ ભેગી થાય તેની આગળ ગમે એવડી વ્યવસ્થા ટૂંકી પડવાની હતી. નજર પહોંચે ત્યાં સુધી માનવ મહેરામણ વચ્ચે જગ્યા કરતાં કરતાં મેં સૌરાષ્ટ્રના સહુથી મોટા લોકમેળામાં પ્રવેશ કર્યો. આ મેળાની ભીડ વચ્ચે હું નાનપણમાં માણેલા મેળાઓના સ્મરણમાં ફરવા લાગ્યો.

મેં કેમેરાનું શટર ખોલ્યું. પહેલો ફોટો એક સેલ્ફી પાડી રહેલા ફેમેલીનો ક્લિક થયો. બાજુમાંથી છોકરીઓનું એક ટોળું પસાર થયું. હાથમાં કેમેરો જોઈને મારી સામે કતરાતી નજરે જોતું રહ્યું. ગળામાં લટકાવેલું 'ફ્રીડમ બોક્સ' નું કાર્ડ મારી બ્રાન્ડ વેલ્યુને ટોપ પર મૂકી દેતું હતું. લોકો રિકવેસ્ટ કર્યા વગર ફોટો ખેંચાવા તૈયાર થઈ જતાં હતા. મેં એ ઉડતી તીતલીઓને પણ ઈશારાથી ફોટો પાડવાની ઈચ્છા દર્શાવી. એમાંથી એકે મારું ગળાનું કાર્ડ નોટિસ કર્યું. અંદરોઅંદર થોડી ગુપસુપ કરી તૈયાર થઈ. અને આખા મેળામાં એના ફોટા પાડી દેવા પડશે એ શરતે પોઝ આપવા સંમત થઈ.

"અફકોર્સ, બટ હું 'ફ્યુચર લેબ' માં સ્ટડી કરું છું. આ મારા સ્કૂલના પ્રોજેક્ટનો એક ટાસ્ક છે. મારે આખો મેળો કવર કરવાનો છે. લક બાય ચાન્સ મળતાં રહેશું તો મને તમારા જેવી બ્યુટીફૂલ ગર્લ્સના ફોટા પાડવા ચોક્કસ ગમશે." મેં તેમની ઓફર સામે મારી મજબૂરી જણાવતાં કહ્યું.

"હાય હું પ્રિયા, હું આ મેળો રિસર્ચ માટે મારી ફ્રેન્ડ સાથે મેળો એન્જોય કરવા માટે આવી છું. આપણે આ મેળો સાથે કવર કરીશું તો મને ગમશે."એક કાળા મોટા ચશ્માં પાછળ છુપાયેલી તેજસ્વી આંખો આ મેળામાં મને કંપની આપવા ઉત્સુક હતી. આ બાર છોકરીઓના ગ્રુપમાં કદાચ તે દેખાવમાં સાવ સામાન્ય કહી શકાય તેવી છોકરી હતી. કાળી, ઓછી હાઈટ, જાડી અને લંબગોળ ચહેરો. કોઈ છોકરો સામે મળે તો પણ નોટિસ ના કરે.

"અમે તમને બહુ હેરાન અને નિરાશ નહી કરીએ. કોલેજમાં અમારું ગ્રુપ બહુ ફેમસ છે." ગ્રુપની સહુથી બ્યુટીફૂલ છોકરી બોલી. આ સાંભળી આખું ટોળું ખિલખિલાટ હસી પડ્યું.

"સોરી હું તમારા જોઈન તો નહી કરી શકું. પણ મિસ પ્રિયા ...તમે મને ચોક્કસ જોઈન કરી શકો છો. મને તમારા જેવી ટેલેન્ટેડ અને સ્માર્ટ ગર્લની કંપનીમાં કશુંક નવું જાણતાં અને શીખતાં આખો મેળો કવર કરવો ગમશે. મેળો ફર્યા બાદ તમને સહી - સલામત ઘરે પહોંચાડી દેવાની જવાબદારી મારી." હું બોલ્યો. કદાચ, પ્રિયાને પોતાના દેખાવને કારણે દરેક જગ્યાએથી રિજેક્શન જ મળતું હોય એવું લાગ્યું. મારી વાત સાંભળી તે મારા શબ્દો પર વિશ્વાસ ના કરી શકી. તેણીએ પોતાના ગ્રુપ સામે જોયું. બધા ફાટી આંખે તેને જોઈ રહ્યા હતા.

"જા પ્રિયા,...જી લે અપની ઝીંદગી....તારા જેવી છોકરીને તો આમ પણ લાઈફમાં આવો હેન્ડસમ અને 'ફ્યુચર લેબ' માં ભણતો છોકરો આવી ઓફર ક્યારેય નહી કરે." ટોળામાંથી એક છોકરી પ્રિયાને તેના દેખાવ વિશે મેણું મારતી હોય એમ બોલી.

પ્રિયાએ પોતાના ચશ્માં ઉતારી આંખો લૂછતાં કહ્યું. "ઓકે...મી ક્રિષ્ના પટેલ....હું આ મેળો તમારી સાથે એન્જોય કરીશ. એન્ડ નિરાયા...થેન્ક્સ. મને હવે ખરેખર લાગે છે. ક્રિષ્ના જેવી કમ્પ્લિટ પેકેજની ઓફર મને ક્યારેય નહી મળે. આજની રાતે તમે મારી રાહ ના જોતાં." બોલીને પ્રિયા મારી સાથે ચાલતી થઈ ગઈ.

"પ્રિયા, તું કમ્ફર્ટેબલ તો છે ને...મારી સાથે ? આઈ મીન, મારા લીધે તારા ફ્રેન્ડસ્ સાથે તારે કોઈ પ્રોબ્લેમ ના થવો જોઈએ. મેં તો અમસ્તા જ તમારું ગ્રુપ જોઈન કરવાની ઈચ્છા નહોતી એટલે કહેલું." મેં તેની સાથે આગળ વધતાં કહ્યું.

"ઓહ, મને એમ કે તને મારી રિસર્ચ વાળી વાત ગમી હશે ? એટલે જેન્યુઈન કંપની આપવાની ઓફર કરી ? જો તને પણ બીજાની જેમ મારી કંપની પસંદ ના હોય તો મને રિજેક્ટ કરી શકે છે. મને હવે એની આદત પડી ગઈ છે." તે અચાનક જ સેડ થઈ ગઈ હોય એમ બોલી.

"કમાલ છે તું પણ યાર, મેં તને કંપની આપવા માટે સામેથી ઓફર કરી અને હવે આ રિજેક્શન....?....આદત છે.... તું કહેવા શું માંગે છે ?" હું છોકરીઓની આ ટેવને હંમેશાં ધિક્કારતો. એ તમારી સામાન્ય વાતને શંકાના એંગલથી જોઈને ના વિચાર્યુ હોય એવું વિચિત્ર રિએક્શન આપતી.

"હું ભૂલી જ ગઈ તું 'ફ્યુચર લેબ' નો સ્ટુડન્ટ છે. જ્યાં દેખાવ કરતાં ટેલેન્ટને વધુ ઈમ્પોર્ટન્સ મળે છે. એની વે, ઈન્ડિયામાં જાડી, બેડોળ કહી શકાય તેવી કુરૂપ અને અનાકર્ષક છોકરી હોવાથી મોટો શ્રાપ કોઈ નથી. તમારા દરેક જગ્યાએથી સતત રિજેક્શન માટેની માનસિક તૈયારી રાખવી પડે." તે પોતાના ચશ્માંની ફ્રેમ સરખી કરતાં બોલી.

હું હસી પડ્યો. "ઓહો, તો તને તારા દેખાવ સામે પ્રોબ્લેમ છે. જો કે મને તારા કાળા કે રૂપાળા હોવા સાથે કોઈ લેવાદેવા નથી. કારણ કે એ તમે પસંદ નથી કરી શકતાં. ભગવાન આપણાં કરતાં હોંશિયાર છે. એના પર ભરોસો રાખવો. તે કોઈ ઈન્ટ્રો વગર સામેથી કંપની ઓફર કરી એ ડેરિંગ મને ગમ્યું. આપણને ફ્રેન્ડ બનાવવા માટે આટલું બહુ છે. ફ્રેન્ડ..!" મેં સામે હાથ લાંબો કરતાં પૂછ્યું.

તેની ફરિયાદનો જવાબ મળી ગયો હતો. "ફ્રેન્ડસ"તે હાથ મિલાવતાં બોલી.

મેળાની મસ્ત ટૂર સ્ટાર્ટ કરીએ એ પહેલાં મેં મોબાઈલનો વીડિયો સ્ટાર્ટ કરી. મારી નાનકડી સ્પીચ પ્રિયાના ઈન્ટ્રો સાથે રેકોર્ડ કરી. જે ફરજીયાત હતું. મેં મોબાઈલ ખિસ્સામાં મુકતાં પ્રિયાને પૂછ્યું. "તું મેળા વિશે શું માને છે. આઈ મીન તું એને ક્યાં એંગલથી જુએ છે ?"

"મેળો... તમારો જોવાનો દરેક એંગલ બદલી નાખે ઈ મેળો. એના વિશે તમે કશું માની કે ધારી ના શકો. આજે તું મેળામાં તારા ટાસ્ક કે પ્રોજેક્ટ માટે આવેલો. તે સપનેય વિચારેલું કે હું તને આ રીતે મળીશ...?"

"મારો ફ્રેન્ડ સાગર એની બૂક છોકરીના છપ્પામાં એવું કહે છે કે.... છોકરી અને પરિસ્થિતિ વિશે ક્યારેય પૂર્વધારણાં ના બાંધવી. ભગવાને એ બંનેને તમને ખોટા સાબિત કરવા માટે જ બનાવ્યા છે. લાઈફના અમુક અનુભવો આ વાતને સાચી સાબિત કરે છે. એટલે હું મોટેભાગે આવું કશું ધારીને કે માનીને ક્યારેય આગળ વધતો નથી." સાગરની જેમ એના છપ્પાનો કોણ જાણે ક્યાં ચોઘડીયે મારી સાથે પનારો પડ્યો હશે ? હું એ બંનેને ગમે તેટલી ગાળો આપું મારો એનાથી પીછો છૂટતો નહોતો.

"સાગર તારો ફ્રેન્ડ છે ...? તું બહુ લકી છો યાર. એ મારી લાઈફનો ફર્સ્ટ અને લાસ્ટ રોલમોડેલ છે. એની બુક્સ માટે હું આખી રાત લાઈનમાં ઉભી રહેલી. બિકોઝ મારે એની સિગ્નેચર કોપી જોતી હતી. તું એની સાથે મારી એકવાર મુલાકાત કરાવી શકે. પ્લીઝ... " તે સહજભાવે વિનંતી કરતાં બોલી.

આમ જોવો

આભાર - નિહારીકા રવિયા

તો સાગર મારા માટે ક્રેડિટ કાર્ડ સમાન હતો. એની બ્રાન્ડવેલ્યુથી હું ફક્ત પ્રોડક્ટ જ નહી હ્યુમન ફીલિંગ્સ પણ ખરીદી શકતો હતો. મને ખબર હતી હું હા પાડીશ એટલે એ અમારી સફર પુરી ના થાય ત્યાં સુધી પોતાનું બેસ્ટ આઉટપુટ આપવાની હતી. મેં એટલું જ કહ્યું. "સ્યોર, હું પ્રયત્ન કરીશ." અમે આગળ વધ્યા.

"ક્રિષ્ના, રાજકોટનો મેળો લોકમેળો છે. પણ તેની માધવપુર, વૌઠા, શિવરાત, તરણેતર જેવો આગવો ઈતિહાસ નથી. આ મેળાને તું કોમન પીપલ માટેનો મેળો કહી શકે." અમે ચાલતાં ચાલતાં વાતો કરતાં હતાં.

"હા, કોમન પીપલની પણ પોતાની કંઈક ઓળખ હશે ને ?" મારો કેમેરાનો લેન્સ જાણે બધું કેદ કરવા માંગતો હોય એમ ચારેતરફ નજર દોડાવી રહ્યો હતો.

"યસ..કોમન પીપલની એક જ ઓળખ છે. અભાવ અને એકજેસસમેન્ટ. ગદ્ધાવૈતરું કરીને માંડ બે છેડા ભેગા કરતો પુરુષ જ્યારે ફેમિલીને લઈને મેળામાં આવે છે ત્યારે તેને બાળકોને હા કરતાં ના માટે સતત કન્વીસ કરતાં રહેવું પડે છે. ૭૦૦ નું બજેટ હોય તો ૨૦૦ એક્સ્ટ્રા બચાવીને રાખવા પડે છે. તને ખબર છે. એ એક્સ્ટ્રા ૨૦૦ માં દરેક વખતે ૧૦૦ રૂપિયા જેટલી રકમ ઘટતી હોય. દર વર્ષે આવું બને." પ્રિયા બોલી.

"આ પેરેન્ટ્સ પોતાના બાળકોને સમજાવી પણ શકે ને ?" " હું ફોટા પાડતાં બોલ્યો.

"બાળકોની ખુશી આગળ સમજદારી લાચાર બની જાય છે. એ વાત આજે મેળામાં ફરીશું એટલે સમજાય." તે ગળે વિટેલી ચૂંદડીને સરખી કરતાં બોલી.

અમે ખાણીપીણીના વિભાગમાં પ્રવેશી રહ્યા હતાં. મેં નાનકડી પેપ્સી જોઈ. જે નાના હતાં ત્યારે ૨ અને ૩ રૂપિયાની આવતી. "પ્રિયા તું પેપ્સી ખાઈશ ?" મેં પ્રિયા સામે બાળપણ જેવી તોફાની આંખે પૂછ્યું. " ક્રિષ્ના, તું મને સાવ બાળક જેવો લાગે છે. આ નાના છોકરાને સમજાવવાની વસ્તુ છે. આપણે આ મેળામાં બધાની વચ્ચે ખાઈએ એ સારું ના લાગે...?"

મેં બે પેપ્સીનો ઓર્ડર આપ્યો. હવે એના પાંચ રૂપિયા થઈ ગયા હતાં.એ વૃદ્ધ દેખાતાં ભાઈનો મેં એક ફોટો પાડ્યો. મેં બંને પેપ્સી લઈને પૈસા ચૂકવી એક પ્રિયાને આપી. બીજી હું ખોલતાં પહેલાં એનો ઓરેન્જ અને કાલાખટ્ટા ફ્લેવરને મન ભરીને જોઈ લેવા માંગતો હતો. પણ એ પેપ્સી પરનું નામ વાંચી મારું હૃદય એક ધબકરો ચૂકી ગયું. 'ટબૂડી પેપ્સી'.

હું એ વેચવા વાળા ભાઈના નંખાઈ ગયેલા શરીર સામે એક્ટીશે જોઈ રહ્યો......

# મહાપાલિકાના પરિણામો બાદ ભાજપે રાતોરાત વ્યૂહરચના બદલી,

### ભાજપ કેમ જીત્યું?: કોંગ્રેસના બદલે આપને પછાડવા બનાવેલી નવી ટીમ સફળ થઈ ગઈ

### બે તબક્કાની ચૂંટણીના અલગ અલગ પરિણામની ચૂંટણી પંચની નીતિ થી ભાજપને ફાયદો થયો હોવાનું તારણ







ગુજરાત ની સ્થાનિક સ્વરાજય ની ચૂંટણીમાં મહાનગરપાલિકાના પરિણામ બાદ જિલ્લા-તાલુકા પંચાયત અને પાલિકા ની ચૂંટણી યોજવાના ચૂંટણી પંચ ના નિર્ણય ની પૂરેપૂરો ફાયદો ભાજપને મળ્યો હોવાનું મનાય રહ્યું છે. કેમકે મહાનગરપાલિકા માં કૉંગ્રેસ કરતા આપ નું જોર વધી જતાં ભાજપ એલર્ટ થઈ ગયો હતો અને આ ચૂંટણીમાં વ્યૂહરચના બદલી કૉંગ્રેસ ના બદલે આપ ને પછાડવા નું જોર લગાવ્યું હતું, જેના કારણે ભાજપ નો ભવ્ય વિજય થયો હતો.

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માં મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકા ની ચૂંટણી બે તબક્કાની જાહેર કરવામાં આવી હતી, તેમાં પણ પ્રથમ તબક્કાના મતદાન બાદ પરિણામ જાહેર કરી ને પછી જિલ્લા-તાલુકા પંચાયત અને પાલિકાનું મતદાન કરવાની જાહેરાત કરી હતી જેની સામે કૉંગ્રેસ એ વાંધો લીધો હતો અને મામલો કોર્ટ સુધી પહોંચ્યો હતો, જેમાં કૉંગ્રેસ નો પરાજય થયો હતો, મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભાજપ નો વિજય તો થયો હતો સુરત મહાપાલિકા માં આમ આદમી પાર્ટી નો પગપેસારો થતા ભાજપના નેતાઓ એલર્ટ થઈ ગયા અને તાત્કાલિક અસરથી વ્યૂહરચના બદલી ને ગામડાઓમાં કૉંગ્રેસના બદલે આપ ને પરાસ્ત કરવામાં વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

મહાનગરપાલિકા ના પરિણામોમાં ભાજપ સામે સીધી ટક્કર આપનાર આમ આદમી પાર્ટી પાટીદાર મત વિસ્તારમાં વિજેતા બની હતી. જેથી ભાજપને ભય પેસી ગયો હતો કે, જો પાટીદાર અનામત આંદોલન ની અસર ૨૦૧૫ ની ચૂંટણીમાં પડી હતી અને ભાજપે હારનો સામનો કરવો પડ્યો હતો તે રીતે પાટીદારો જો ફરી આપ તરફી જતા રહે તો ભાજપને જીતવું મુશ્કેલ બને તેમ હતું,તેથી ભાજપે જે બેઠકો પર આપ ના ઉમેદવારો લડતા હતા,ઉપરાંત ખમતીધર અપક્ષ ભાજપને નડે નહીં તે માટે વધારાની ટીમ એક્ટિવ કરી હતી, જેના કારણે આજે જાહેર થયેલા જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકા ના પરિણામોમાં કૉંગ્રેસની સાથે આપને પણ પછાડી ભાજપે ફરી એકવાર વિજય વાવટો ફરકાવ્યો હતો.

ગુજરાતમાં વિવિધ ચૂંટણીઓમાં ભાજપના થઈ રહેલા ધોવાણ બાદ પક્ષ-પ્રમુખ તરીકે સી.આર.પાટીલની નિમણૂક કરવામાં આવી હતી. ચૂંટણી મેનેજમેન્ટમાં માહેર પાટીલ પાસે સત્તા આવતાં જ વિધાનસભાની પેટાચૂંટણી આવી હતી, જેમાં તમામ ૮ બેઠક કોંગ્રેસ પાસેથી ખૂંચવી લઈને પાટીલે પ્રુવ કરી દીધું હતું, પાટીલની ચૂંટણી સ્ટેટજીમાં મુખ્યત્વે પક્ષ-પ્રમુખથી પેજ-પ્રમુખની ફોર્મ્યુલા રહી હતી.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ સૌરાષ્ટ્રના પ્રવાસ દરમિયાન સી.આર.પાટીલે સ્પષ્ટ કહ્યું હતું કે 'તમેં મને પેજ જિતાડી આપો, હું ગુજરાતમાં ભાજપ માટે ૧૮૨ ધારાસભા બેઠકનો લક્ષ્યાંક રાખું છું. 'સી.આર.પાટીલે વિધાનસભાની પેટાચૂંટણીથી શરૂ કરેલી આ વ્યૂહરચના હવે આગામી મહાનગરપાલિકા, જિલ્લા તાલુકા પંચાયત અને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી સુધીનો રોડ મેપ તૈયાર કરી દીધો છે.

**૨૦૧૫માં પાટીદારો કૉંગ્રેસ તરફી જતા રહ્યા હતા, ૨૦૨૧ માં જો આપ તરફી જાય તો ભાજપ માટે જીતવું મુશ્કેલ બને તેમ હોવાથી ભાજપે નીતિ બદલી**

# કોંગ્રેસના સૂપડા સાફઃકોંગ્રેસના પાંચ ધારાસભ્યોના પુત્રોનો કારમો પરાજય, નેતાઓના સગા સંબંધીઓ પણ જીતી ના શક્યા

### અર્જુન મોઢવાડિયાના ભાઈ રામદેવ મોઢવાડિયા પોરબંદર તાલુકા પંચાયતની ચૂંટણીમાં હારી ગયા



રાજ્યમાં જિલ્લા અને તાલુકા પંચાયત સહિત નગર પાલિકાઓની ચૂંટણીના પરિણામોમાં ભાજપ વિજયકૂચ તરફ અગ્રેસર છે. ત્યારે પરિણામોમાં કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની પણ હાર થઈ છે. પેટલાદ નગર પાલિકાના વોર્ડ નંબર ત્રણ અને પાંચમાં ઉમેદવારી કરનારા ધારાસભ્ય નિરંજન પટેલનો બંને બેઠકો પર પરાજય થયો છે. બીજી બાજુ આણંદ જિલ્લા પંચાયતની તારાપુર બેઠક પર ધારાસભ્ય પૂનમ પરમારના ભત્રીજા નિકુંજ પરમારની કારમી હાર થઈ છે.

પોરબંદરમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા અર્જુન મોઢવાડિયાના ભાઈ રામદેવ મોઢવાડિયા પણ તાલુકા પંચાયત બેઠક પર હારી ગયાં છે. ઉત્તરગુજરાતમાં ધારાસભ્ય અશ્વિન કોટવાળના પુત્રનો પણ કારમો પરાજય થયો છે. તેમજ દ્વારકા જિલ્લા પંચાયતમાં ખંભાળિયાના ધારાસભ્ય વિક્રમ માડમના પુત્રની પણ હાર થઈ છે. આમ કોંગ્રેસના નેતાઓના સગા સબંધીઓ અને ચાલુ ધારાસભ્યોનો પરાજય થયો છે. અરવલ્લી જિલ્લાના ભીલોડાના ધારાસભ્ય અનિલ જોષીયારાના પુત્રની પણ હાર થઈ છે.

૨૦૧૦ની પાલિકા પંચાયતની ચૂંટણી બાદ ફરી ઠેર-ઠેર ભાજપનો ભગવો લહેરાઈ રહ્યો છે, શહેરો બાદ ગામડાંઓમાં પણ મોદીના નામે ભાજપને ખોબલે ને ખોબલે મત મળ્યાં છે. ૨૦૧૫માં કોંગ્રેસનો જે જગ્યાઓ પર વિજય થયો હતો ત્યાં પણ આજે પાર્ટીમાં સન્નાટો છવાઈ ગયો છે. બીજીતરફ આમ આદમી પાર્ટી ધીમી ગતિએ આગળ વધી રહી છે.સુરત મ્યુનિ.કોર્પોરેશનની ચૂંટણીમાં બેઠકો મેળવ્યા બાદ આમ આદમી પાર્ટી હવે જિલ્લા પંચાયત, તાલુકા તેમજ નગરપાલિકાની ચૂંટણીમાં પણ એંટ્રી કરી ચુકી છે.

સૌરાષ્ટ્ર, સુરત, સાબરકાંઠામાં છઉઁની એન્ટ્રી થઈ ગઈ છે, જેમાં તાલુકામાં ૧૮ અને નગરપાલિકામાં ૨૨ બેઠકો સાથે "આપ" આગળ છે. બીજીતરફ જિલ્લા-તાલુકા અને નગરપાલિકામાં "કમળ" ખીલ્યુંછે. ઠેર-ઠેર ભાજપના કાર્યકરો ઢોલ-નગારા સાથે રોડ પર ઉમટી પડ્યા છે. ૧૨ વાગે ભાજપ કાર્યાલય 'કમલમ'માં વિજય ઉત્સવની ઉજવણી કરવામાં આવશે. જ્યારે ૧.૩૦ વાગે સીએમ વિજય રૂપાણી પણ ઉજવણીમાં હાજર રહેશે. જ્યારે કોંગ્રેસ કાર્યાલયોમાં કાગડાં ઉડી રહ્યા છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ ૩૧ જિલ્લા પંચાયતની ૯૮૦ બેઠકો, ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૭૨ બેઠકો અને ૮૧ નગરપાલિકાઓની ૨૭૨૦ બેઠકો માટે મતદાન થયુંહતું. જેમાં જિલ્લા પંચાયતોમાં ૬૬.૬૭ ટકા, તાલુકા પંચાયતોમાં ૬૯.૧૮ ટકા અને નગરપાલિકાઓમાં ૫૯.૦૫ ટકા મતદાન થયું હતું. શહેરી વિસ્તાર કરતા ગામડાઓમાં મતદાન સારૂ રહ્યું હતું. રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયત ૮૭૪૭ બેઠકોમાંથી ૨૩૭ બેઠક બિનહરીફ થઈ હતી. જેમાં જિલ્લા પંચાયતમાં ભાજપે ૨૫ બિનહરીફ, નગરપાલિકામાં ૯૫ માંથી ભાજપને ૯૨, કોંગ્રેસને ૨, અન્યને ૧ બેઠક મળી છે, તાલુકા પંચાયતની કુલ ૧૧૭ બિનહરીફમાંથી ભાજપને ૧૧૧, કોંગ્રેસને ૫ અને અન્યને ૧ બેઠકો મળી છે.

## વસઈમા ખુલ્લા મેદાનમા આગ લાગતા ત્રણ રિક્ષા અને બે કાર ખાક



વસઈ સનસીટી વિસ્તારમા ખુલ્લા મેદાનમા સૂકા ઘાસમા અચાનક આગ લાગતા ત્યાં પાર્ક કરેલ ૩ રિક્ષા અને બે કાર ખાક થઈ ગઈ હોવાની માહિતી ફાયર બ્રિગેડના સ્ટાફ દ્વારા આપવામા આવી છે.

# પોલીમરના કાચા માલોના ભાવવધારાથી ઉત્પાદન, એમએસએમઈને ફટકો

### કાચા માલોની કટોકટીથી ૨૦,૦૦૦થી વધુ એમએસએમઈ પ્લાસ્ટિક એકમો બંધ થવાને આરે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

પોલીમરના કાચા માલોના ભાવવધારાથી ઉત્પાદન, એમએસએમઈને મોટો ફટકો પડ્યો છે. આને કારણે ૨૦,૦૦૦થી વધુ એમએસએમઈ પ્લાસ્ટિક એકમો બંધ થવાને આરે આવી ગયાં છે. આથી ઈન્ડિયન ઓઈલ, ગેઈલ ઓપલ, હલ્દિયા ફાર્માસ્યુટિકલ્સ, એમઆરપીએલ જેવાં જાહેર ક્ષેત્રના એકમોને એમએસએમઈ ક્ષેત્રને વાજબી કિંમતે પૂરતી માત્રામાં કાચા માલોનો પુરવઠો કરવા સૂચિત કરાય એવી માગણી ઉદ્યોગના સંગઠનોએ કેન્દ્ર સરકાર પાસે કરી છે. કમસેકમ એક વર્ષ માટે કાચા માલોની નિકાસ પર બંધી લાદવી જોઈએ. ભારતમાં પ્લાસ્ટિકના કાચા માલોની કટોકટીને કારણે કૃષિ અને આરોગ્ય ક્ષેત્રને અસર થવાની શક્યતા છે, એવી ચેતવણી પણ સંગઠનોએ આપી છે.

ખાદ્ય પ્રક્રિયા, કૃષિ, રમકડાં, આરોગ્ય સંભાળ, ફાર્મા, વાહન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કન્ઝ્યુમર સેગમેન્ટ્સ માટે પ્લાસ્ટિકના માલોનું ઉત્પાદન કરતું પ્લાસ્ટિક પ્રક્રિયા ક્ષેત્ર અને માઈક્રો સ્મોલ એન્ડ મિડિયન એન્ટરપ્રાઈઝીસ ક્ષેત્રને કાચા માલોની તીવ્ર અછત વર્તાઈ રહી છે, જેને લીધે દેશભરમાં હજારો એકમો બંધ થવાને આરે છે.

દેશમાં પ્લાસ્ટિક પ્રક્રિયા ક્ષેત્રમાં લગભગ ૫૦,૦૦૦ એકમો આશરે પચાસ લાખ કર્મચારીઓને રોજગાર આપે છે અને તેઓ ક્ષમતાથી ૫૦ ટકા ઓછી કામગીરી કરી રહ્યાં છે અને જો કટોકટીનો ઉકેલ નહીં લવાય તો હજારો એમએસએમઈ બંધ થશે,

પીએસયુ સહિતની મોટી પેટ્રોકેમિકલ કંપનીઓ કિંમતોમાં આડેધડ વધારો કરી રહી છે, જેને લીધે છેલ્લા ૮-૧૦ મહિનામાં કિંમતોમાં ૪૦થી ૧૫૫ ટકાનો ઉછાળો આવ્યો છે. મોટી પેટ્રોકેમિકલ કંપનીઓ બજારમાં કાચા માલોની તીવ્ર અછત સર્જી રહી છે, જેને લીધે પ્રીમિયમ અને કાળાંબજારને પ્રોત્સાહન મળી રહ્યું છે.

પ્લાસ્ટિક પ્રક્રિયા ક્ષેત્રે ભારતીય પેટ્રોકેમિકલ કંપનીઓ દ્વારા કાચા માલોની આયાતો મુક્ત કરવા માટે સરકારની તુરંત મધ્યસ્થીની માગણી કરી છે. ઉદ્યોગ પ્લાસ્ટિક માલોના ઉત્પાદન માટે મુખ્ય કાચો માલ પોલીમર્સની તીવ્ર અછતનો સામનો કરી રહ્યો છે, જે કૃષિ, આરોગ્ય સંભાળ, ખાદ્ય અને રમકડાં ક્ષેત્ર સહિત રાષ્ટ્રનિર્માણમાં વિવિધ ઉપયોગ ધરાવે છે, એમ ધ ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના પ્રેસિડેન્ટ શ્રી ચંદ્રકાંત તુરખિયાએ જણાવ્યું હતું.

કાચા માલોના ખર્ચમાં વધારો અને બજારમાં તીવ્ર અછતથી પ્રોજેક્ટ ખર્ચમાં વધારો થઈ રહ્યો છે અને એમએસએમઈની ખર્ચ સ્પર્ધાત્મકતા પર માઠી અસર પડી રહી છે, એમ ધ ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશનના ગર્વનિંગ કાઉન્સિલના ચેરમેન શ્રી અરવિંદ મહેતાએ જણાવ્યું હતું.

## ????? ??????



કરણ રાઝદાનની ફિલ્મ હિન્દુત્વ માં દેહરાદૂનના સિનિયર પત્રકાર સતીશ શર્મા એક પિતાની ભૂમિકા ભજવશે. સોનારિકાના પિતાની ભૂમિકા સતીશ શર્મા કરશે. ફિલ્મમાં દીપિકા ચિખલિયા ગોવિંદ નામદેવ ઉપરાંત અનુપ જલોટા પણ આ ફિલ્મમાં ભૂમિકા ભજવી રહ્યા છે.

## સોશ્યલ મિડિયામા વાયરલ થયેલ મોર્ફ્ડ ફોટા કેસમાચિત્રાવાઘેસાયબરસેલમાફરિયાદનોંધાવી



ચક્રવાત ટીમ ,મુંબઈ તા. ૨

પૂજા ચવ્હાણના આત્મહત્યા કેસમાં સંજય રાઠોડની ટીકા કરનારી ભાજપના નેતા ચિત્ર વાઘના ફોટાના મોર્ફિંગને લઈને ભારે હોબાળો મચી ગયો હતો. ચિત્રા વાઘે આજે બીકેસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ચિત્રા વાઘનો મોર્ફ્ડ ફોટો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ભાજપના નેતાઓએ પણ ફોટા ઉપર નારાજગી વ્યક્ત કરી હતી અને દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. બાદમાં આજે ચિત્રા વાઘે સાયબર ક્રાઈમના ડેપ્યુટી કમિશનર ડો. હું રશ્મિ કરંદીકરને મળીને ફોટો મોર્ફિંગ કેસમાં ફરિયાદ પણ નોંધાઈ છે.

ફોટો વાયરલ થયા બાદ ચિત્રા વાઘે મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે અને ગૃહ પ્રધાન અનિલ દેશમુખ પાસે ફોટાઓને લઈને ફરિયાદ કરી હતી. હવે આ મામલે મુંબઈ પોલીસ પાસે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

દરમિયાન, પૂજા ચવ્હાણ આત્મહત્યા કેસમાં રાજ્ય સરકારને નિશાન બનાવતા ચિત્ર વાઘના પતિ કિશોર વાઘની વિરુધ્ધમા એસીબી વિભાગે કેસ નોંધ્યા બાદ વધુ આક્રમક બન્યા છે. મારા પતિએ એક પણ રૂપિયો લીધો નથી. તે ત્યાં ન હતો. રાજ્યની એસીબી વિભાગ તેના પતિને પરેશાન કરી રહી છે. મેં ક્યારેય મુંબઈ બેંક પાસેથી લોન લીધી નથી અને તેથી પણ એસીબી બેંકને ૩૦ લાખ રૂપિયાની લોન આપવા બાબતની માહિતી આપવા માટે દબાણ કરી રહ્યા છે. અમે આની સામે કોર્ટમા પણ લડવાની જાણકારી આપી છે.

## ઔરંગાબાદ હચમચી ઉઠ્યું, સાતમા ધોરણની વિદ્યાર્થીનીએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

ઔરંગાબાદમા માતા-પિતા કામ પર ગયા બાદ એક ૧૪ વર્ષિય સાતમા ધોરણની વિદ્યાર્થીનીએ સોમવારે રાત્રે ઘરમા સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી, .આ ઘટનાને પગલે નાગરિકોમાં ખળભળાટ મચી ગયો છે. ઔરંગાબાદમા ગારખેડા કેમ્પસ ખાતે આનંદનગરમા રહેતી સંજીવની ઉર્ફે દીપાલી એકનાથ ઘેણી ૧૪ વર્ષની સાતમા ધોરણમા ભણતી વિધ્યાર્થીનીએ તેના ઘરે ફાંસો ખાઈ અત્મહત્યા કરી હતી. આ કેસમાં પોલીસે આપેલી વધુ માહિતી એવી છે કે સંજીવની સાતમા ધોરણમાં અભ્યાસ કરતી હતી. તેના માતાપિતા બંને કામ કરે છે. નિયમિત રૂપે, તેના માતાપિતા અને નાના ભાઈ બધા વસ્તુઓ વેચવા ગયા હતા. રાત્રે નવ વાગ્યાની આસપાસ ઘરે આવ્યા હોત. ઘરનો આગળનો દરવાજો બંધ હતો. તેથી ઘરમાં કોઈ અવાજ આવતો ન હોવાથી પરિવારના સભ્યોએ વિચાર્યું કે તેણી પાડોશીની પાસે ગઈ હશે જો કે, થોડા સમય પછી, નાનો ભાઈ ઘરના પહેલા માળે રૂમમાં ગયો હતો, ત્યારે તેણે સંજીવનીને સાડીની મદદથી છતનો લોખંડના એંગલમા ગળે લટકતી જોતા તેણે ગભરાટની હાલતમાં તેના માતા-પિતાને જાણ કરી હતી. પોલીસે સંજીવનીને હોસ્પિટલમાં ખસેડતા, પરંતુ તે ત્યાં પહોચતા જ ડોકટરે તેને તપાસીને મૃત જાહેર કરી હતી.. . હંમેશા હસતી રમતી સંજીવનીએ આટલી નાની ઉંમરે ક્યા કારણે આત્મહત્યા કરી તે જાણવા મળ્યુ નથી આ ઘટના બાદ વિસ્તારમા શોકનુમ વાતાવરણ પ્રસરી ગયુ છે.. પુંડલીકાનગર પોલીસ મથકે અકસ્માતી મૃત્યુની નોંધ કરવામા આવી છે. નોંધાયું છે અને આગળની તપાસ સબ-ઈન્સ્પેક્ટર મીરા ચવ્હાણ ચલાવી રહ્યા છે.

## બેસ્ટની કરોડો રૂપિયાની રકમ ઓળવી જનારા ડેવલપરોની સીટ દ્વારા તપાસ કરાવો

### બીજેપી વિધાનસભ્યોની વિધાનસભામાં માંગણી

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨

દેવામાં ડૂબેલા બેસ્ટ ના કરોડો રૂપિયાનો ચૂનો લગાડનાર ડેવલપરો વિરુદ્ધ સીટ દ્વારા તપાસ કરી તેમની વિરૂદ્ધ કડક પગલા લેવાની માંગણી બીજેપીના વિધાનસભ્યો દ્વારા વિધાનસભામાં જોરદાર હલ્લો કરવામાં આવ્યો હતો. નગરવિકાસ મંત્રી એકનાથ શિંદેએ આ બાબત લવાદ સમક્ષ ચાલુ હોવાનું જણાવ્યું હતું. જેને બીજેપીના સભ્યોએ વિરોધ કર્યો હતો પરંતુ શિંદેએ તેમને ગણકાર્યા નહોતા.

બેસ્ટ દ્વારા આર્થિક નુકશાની ઓછી કરવા બેસ્ટના ડેપોની જમીન ડેવલપરો ને અપાયા હતા.આ માટેના ૩૨૦ કરોડ રૂપિયા હજી બેસ્ટને મળ્યા ન હોવાનું તરાંકિત પ્રશ્નના ઉત્તરમાં જણાવાયું હતું. આથી બીજેપીના ચંદ્રકાંત પાટીલે આવા ડેવલપર પર શું કાર્યવાહી કરશો તેવો પ્રશ્ન કર્યો હતો. એકનાથ શિંદેએ ૧૬૦ કરોડ રૂપિયાની રકમ બાકી હોવાનું તેમ જ આ પ્રશ્ન લવાદ સમક્ષ હોવાનું જણાવ્યું હતું. આથી બીજેપીના આશિષ શેલાર દ્વારા આ બાબત શરમજનક હોવાનું તેમ જ ડેવલોપરને અપાયેલા અનેક ફાયદાઓ વિશે જણાવી સીટ દ્વારા તપાસ કરવાની માગણી કરી હતી જેને બીજેપીના બીજા સભ્યોએ પણ ટેકો આપ્યો હતો. જો કે આમ છતાં નગર વિકાસ મંત્રી એકનાથ શિંદેએ તેમની માંગણી નકારી કાઢી હતી.

## મુંબઈના હાઈપ્રોફાઈલ વિસ્તારમાં વૃદ્ધ મહિલાની હત્યાના કેસમા બે જણની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૨

મુંબઈના હાઈપ્રોફાઈલ વરલી વિસ્તારમાં બંગલામાં ૭૭ વર્ષની વૃદ્ધાની હત્યા બાદ લૂંટનો કેસ પોલીસે ૪૮ કલાકમાં ઉકેલી કાઢીને નોકર સહિત બે જણની અટક કરી હતી. પકડાયેલા આરોપી પાસેથી પાંચ લાખના દાગીના પણ હસ્તગત કરવામાં આવ્યા હતા.

વરલી પોલીસે અટક કરેલા આરોપીઓની ઓળખ અમરજીત કરમરાજ નિશાદ (૨૨) અને અભિજીત રામપલટ જોરિયા (૨૨) તરીકે થઇ હતી.

વરલી સી-ફેસ ખાતે ખાન અબ્દુલ ગફાર ખાન માર્ગ પર આવેલા બંગલામાં રહેતી વિષ્ણી ડોલવાની (૭૭) નામની વૃદ્ધાની ૨૬ ફેબ્રુઆરીએ હત્યા કરવામાં આવી હતી. વરલી પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

વૃદ્ધાના પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું કે ઘટના બાદ નોકર અમરજીત ગાયબ છે અને ઘરમાંથી રૂ. પાંચ લાખના દાગીના પણ ગુમ છે. પોલીસે ત્યાર બાદ નોકર અમરજીતની શોધ આદરી હતી અને આખરે પશ્ચિમી પરામાંથી નોકર અને તેના સાથીદારની ધરપકડ કરી હતી.

## બીડ-જાલના હાઈવે પર ૭૫ કરોડનો કપાસ સળગ્યો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

બીડ-જાલના હાઈવે પર બીડ ખાતે કપાસ વેરહાઉસમાં લાગેલી આગમાં રૂ. ૭૫ કરોડની કિમતનું કપાસ અને ગાસડી ખાક થઈ ગઈ છે. મધ્યરાત્રિની આસપાસ શરૂ થયેલી આ આગ દસ કલાક (રાત્રીના ૧૦ વાગ્યા) પછી પણ બુઝાવી શકી ન હતી. મધ્યરાત્રિથી અગ્નિશામક દળ આગ બુઝાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. બીડ નજીક આવેલ જપ્તી પારગાવ વિસ્તારમાં સરકારી વેર હાઉસ છે. ત્યાં સરકાર દ્વારા ૨૧,૦૦૦ થી વધુ કપાસની ગાંસડી ખરીદવામાં આવી હતી અને ખાનગી વેપારીઓની ૬,૦૦૦ થી ૭,૦૦૦ કપાસની ગાંસડીની ખરીદી કરવામાં આવી હતી. તેની બજાર કિંમત લગભગ ૭૬ કરોડ રૂપિયાની આસપાસ હોવાનું જાણવા મળે છે.

આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી. દરમિયાનમાં આગ એટલી ભીષણ હતી કે જિલ્લામાંથી ૪૦ થી વધુ ફાયર બ્રિગેડ્સ આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કરી રહી હતી.

## વિવાહિત પોલિસને અનૈતિક સબંધ રાખવા અને ગર્ભપાત કરાવવા મુદ્દે સસ્પેન્ડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૨

ગડચિરોલીમાં ફરજ પર હતા ત્યારે, એક પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ડિસેમ્બર ૨૦૧૯ થી પછાત વર્ગની યુવતી સાથે પ્રેમ સંબંધ ધરાવે છે અને તેની સાથે 'લિવ ઈન રિલેશનશીપ' પૂનામા રહે છે. તેમને એડિશનલ પોલીસ કમિશનર નામદેવ ચવ્હાણે સસ્પેન્ડ કર્યા છે.

પોલીસ સબ ઈન્સ્પેક્ટરને હડપસર પોલીસ સ્ટેશનમાં નિમણુંક કરવામા આવી હતી.. તેના લગ્ન પહેલા જ થયા હતા.. ઓગસ્ટ ૨૦૧૯ પહેલા, જ્યારે તે ગડચિરોલીમાં હતો, ત્યારે તે એક યુવતી સાથે પ્રેમમાં પડી ગયો. તેણીને પુણે લાવી અને હડપસરમાં એક મકાન ભાડે અપાવી. ત્યાં તે ડિસેમ્બર ૨૦૧૯ થી લિએ ઈન રિલેશનશીપમા રહેતા હતા.. હડપસર પોલીસ મથકે યુવતીનો વિગતવાર જવાબ નોંધ્યો છે અને તેઓએ અવારનવાર જાતીય સંબંધ બાંધ્યા હતા. એક સમયનો ગર્ભપાત પણ કરવામાં આવ્યો હતો.. લગ્નનો ઈનકાર કરવાને કારણે તેમની વચ્ચે અવારનવાર ઝઘડો થયો હતો. યુવતીએ ભરોસા સેલમાં ફરિયાદ નોંધાવી હતી. બંનેને આ સ્થળે સલાહ આપવામાં આવી હતી. તે સમયે, યુવતીએ મહિલા દક્ષતા સમિતિના સભ્યોને પત્ર લખ્યો હતો કે આગળ કોઈ ફરિયાદ નથી. યુવતિ સાથે લગ્ન કરતી વખતે તેની સાથે અફેર હોવાનું અને ગર્ભપાત કરાવવા દબાણ કરતાં તેનું વર્તન પોલિસદળના સમાજની પ્રતિમા ખરડાતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરને પોલીસ સેવામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## પોલિસ કસ્ટડીમાથી ભાગેલ આરોપી મહિના બાદ ફરી લોકઅપ ભેગો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

મિરારોડના નયાનગર પોલિસે અટક કરેલ મલાડના માલવણીમા રહેતો રીઢો ચોર ૨૫ જાન્યુઆરી ૨૦૨૧ના મળસ્કે સમીર અકબર શેખ (૩૦) સ્ટેશનના ટોયલેટની જાળી તોડીને ભાગી ગયો હતો.અંતે મહિનાથી વધારે દિવસો બાદ પોલિસે તેને પકડીને લોક અપ ભેગો કર્યો છે.આરોપીને કોર્ટમા રજૂ કરતા ૪ માર્ચ સુધીની પોલિસ કસ્ટડી સોપી છે. આરોપી વિરુધ્ધ અન્ય પોલિસ સ્ટેશનમા આશરે ૬ ગુનાઓ નોંધાયેલ હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળે છે.

નયાનગર પોલિસ સ્ટેશનના પીએસઆઈ આશુતોશ ચવ્હાણની ટીમે નાકોડા મંદિરમાથી ૧૭ જાન્યુઆરીના રોજ ૧૩ હજારની કરેલ ચોરીના કેસમા સમીરની અટક કરીને પોલિસ લોક અપમા રાખેલ હતો.૨૫ જાન્યુઆરીના આરોપીએ સવારે શૌચાલય જવાનું કહેતા તેને પહેલા માળે લઈ જવામા આવ્યો હતો, લાંબા સમય સુધી તે બહાર ન આવતા પોલિસે તપાસ કરતા શૌચાલયની બારીમા લગાડેલ એલ્યુમિનિયમની જાળી તોડીને પાઈપ વડે નીચે ઉતરીને તે ભાગી ગયો હતો. વરિષ્ઠો દ્વારા આરોપીને પકડવા ત્રણ ટીમ બનાવવામા આવી હતી.પોલિસ તેને પકડવા પીછો કરતી હતી પરંતુ વારેઘડીએ તે સ્થળ બદલી પોલિસને ઉંધે રવાડે ચડાવતો હતો.અંતે પોલિસને જાણકારી મળતા માલવણી પોલિસની સહાયથી આરોપી સમીર અકબર શેખને પકડી ફરી લોક અપ ભેગો કરવા નયાનગર પોલિસને સફળતા મળી છે.

## ઘરફોડીના કેસમા ૮ આરોપીઓની અટક કરી નવ લાખનો માલ જપ્ત : ૧૯ કેસ ઉકેલાયા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

વાલિવ પોલિસે ઘરફોડીના કેસમા સંડોવાયેલા ૮ આરોપીઓની અટક કરી નવ લાખનો માલ જપ્ત કરી ૧૯ કેસ ઉકેલવામા સફળતા મળી છે.

વસઈ પૂર્વમા વાલિવ પોલિસ સ્ટેસન હેઠળના વિસ્તારમા છેલ્લા કેટલાક દિવસોથી ઘરફોડીના કેસમા વધારો થયો હતો.જેને લઈને ડેપ્યુટી કમિશ્નર પ્રશાંત વાધુંડે તેમજ એસીપી અમોલ માડવેની દેખરેખ હેઠળ વાલિવ પોલિસના પીઆઈ વિલાસ ચૌગલે દ્વારા ઘરફોડીના કેસની તપાસ માટે વધારાની ટીમ નિમવામા આવી હતી એપીઆઈ જ્ઞાનેશ ફડતરે તેમજ સ્ટાફ દ્વારા તપાસ કરીત્ર આઠ આરોપીઓની ૨૬/૦૨/૨૦૨૧ના રોજ અટક કરવામા આવી હતી.આરોપીઓ પાસેથી ૯,૨૪,૬૫૫/-ની મત્તા જપ્ત કરવામા આવી હતી.અટક કરેલ આરોપીઓએ વાલિવ પોલિસ સ્ટેશન હેઠળ નોંધાયેલા ૧૯ ગુનાઓમા તેઓની સંડોવણી હોવાનું કબુલતા તે ઉકેલવામા સફળતા મળી છે.

## મહિલાઓને વાતોમા પરોવીને હાથચાલાકીએ દાગીના હડપ કરતી ટોળકીના પાંચની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ ૨

કાશિમીરા પોલિસે મહિલાઓને રસ્તામા વાતોમા પરોવીને હાથચાલાકીએ દાગીના હડપ કરતી ટોળકીના પાંચ આરોપીઓની અટક કરી સોનાની ચેઈન જપ્ત કરવામા આવી છે.

મિરારોડમા ૨૫/૦૧/૨૦૨૧ના રોજ સવારના ૧૦.૩૦ વાગે ફરિયાદી મહિલા કામેથી ઘરે જતી હતી ત્યારે હાટકેશ ચોક પાસે અજાણી વ્યક્તિએ તેને ઉભી રાખીને વાતોમા પરોવી રાખી ગળાની ચેન રૂમાલમા વીટાળીને આપી હતી.ઘરે જઈને તે રૂમાલમા જોતા પથ્થરો મળી આવ્યા હતા.હાથચાલાકીથી આરોપીએ સોનાની ચેઈન હડપ કરી હતી.મહિલાએ કાશિમીરા પોલિસમા ફરિયાદ કરી આરોપી વિરુધ્ધ ગુનો નોંધાવ્યો હતો.કાશિમીરા પોલિસે સીસીટીવીના ફૂટેજ તપાસીને અમદાવાદમા રહેતા પાંચ આરોપીઓની અટક કરીને ૩૦ હજારની ચેઈન જપ્ત કરી હતી.

## વિધિમંડળમાં ચર્ચા દ્વારા નિર્ણય આવે નહિ ત્યાં સુધી કૃષિપંપ અને વીજગ્રાહકોના જોડાણ નહીં કપાય

### ડેપ્યુટી સીએમ અજિત પવાર ~~નો વીજકંપનીને આદેશ~~

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨

મહારાષ્ટ્રમાં ખેડૂતોના કૃષીપંપ તેમ જ હજારો ગ્રાહકોના મસમોટા વીજબિલ ની રકમ બાકી છે ત્યારે ચાલી રહેલા અંદાજપત્ર અધિવેશનમાં ડેપ્યુટી સીએમ અજિત પવારે એક પ્રશ્નના જવાબમાં વીજ કંપનીઓને આદેશ આપ્યો છે કે જ્યાં સુધી અધિવેશનમાં વીજબિલ ની બાકી રહેલી રકમ અંગે ચર્ચા દ્વારા શાશક અને વિપક્ષને સંતોષપૂર્વક ઉકેલ મળે નહિ ત્યાં સુધી કૃશિપંપ અને ગ્રાહકોના વીજળીનું જોડાણ કાપવું નહિ. પવારના આદેશનો વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસે અભિનંદન કરી આભાર મળ્યો હતો.

અધિવેશનના બીજા દિવસે ખાસ કરીને ખેડૂતોના કૃશીપંપ અને હજારો વિજગ્રહકો ના વીજ બિલની તોતિંગ રકમ અંગે પ્રશ્ન કરાયો હતો. કોરોના અને લોકડાંઉન ને કારણે તમામને આર્થિક નુકશાન થયું છે. અન્ય રાજ્યોએ વીજબિલમાં રાહત આપી છે પરંતુ રાજ્યસરકાર દ્વારા કોઈ રાહત આપવામાં આવી નથી. આથી અધિવેશનમાં આ વિષયની ચર્ચા કરી યોગ્ય ઉકેલ લાવવાની વિનંતી કરાઈ હતી. જેને અજિત પવારે માન્ય રાખી હતી.

અજિત પવાર ના આદેશ બાદ સંબધિત તમામ કંપની દ્વારા તેમના સ્ટાફને વીજ જોડાણ નહિ કાપવા જણાવાયું હતું. હવે જોવાનું રહે છે કે શું અન્ય રાજ્યની માફક મહારાષ્ટ્રની જનતાને પણ વીજ બિલમાં રાહત મળશે કે પછી હંમેશ ની જેમ નિરાશા.

## પત્ની પોલિસને બોલાવવા જતા નશામા પુત્રીનુ ગળુ ચિરી હત્યા કર્યા બાદ પતિનો આત્મહત્યાનો પ્રયાસ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

નાગપુરમાં દંપતી વચ્ચેના આંતરિક વિવાદના કારણે બે વર્ષીય બાળકીને તેના જન્મજાત પિતાએ બ્લેડ વડે છરીથી મોતને ઘાટ ઉતારી દીધી હતી. દીકરીની હત્યા કર્યા બાદ પિતાએ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ ચોંકાવનારી ઘટના સોમવારે સાંજે ૭.૩૦ થી ૮ દરમિયાન નાગપુર જિલ્લાના બુટબોરી એમઆઈડીસી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગણેશપુરમાં બની હતી. મૃતક રાધિકા સિયામ માત્ર બે વર્ષની છે, કિશોર સિયામ નરાધમ આ ઘટનાનો આરોપી છે. પોલીસના જણાવ્યા અનુસાર, કિશોર તેની પત્ની પૂજા અને બે વર્ષની પુત્રી રાધિકા સાથે ગણેશપુરમાં દાસના ઘરે ભાડાથી રહેતા હતા. તે મૂળ ઉમરવાહી, તાલુકા સિંદેવાહી, જિલ્લા.ચંદ્રપુરના રહેવાસી છે. છેલ્લા કેટલાક દિવસોથી કિશોર તેની પત્નીના ચારિત્ર પર શંકાને આધારે દારૂ પી માર મારતો હતો..હંમેશા છૂટાછેડાની માગણી તે કરતો હતો. સોમવારે સવારે તે પત્નીને દારૂ પીને ગાળો આપી રહ્યો હતો. રાધિકા અને આરોપી કિશોર ઘરે હતા ત્યારે પૂજા એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા આવી હતી. પત્ની પોલીસને ઘરે લઈ ગઈ ત્યારે તેની પુત્રી રાધિકા લોહીલુહાણ હાલતમા જમીન પર પડી હતી. કિશોરને પણ ઈજા થઈ હતી. પોલીસે બાળકીને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. પરંતુ, ત્યાં સુધીમાં તે ખૂબ મોડું થઈ ગયું હતું અને ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી દીધી હતી.પોલીસે આરોપી કિશોરની ધરપકડ કરી છે. કિશોરને નાગપુરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેની સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ એમઆઈડીસી પોલીસ ચલાવી રહી છે.

## સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ: સોનું રૂ.૧૨૫ વધ્યું, ચાંદી રૂ.૨૭૫ ઘટી

ચક્રવાત ટીમ, મુંબઈ,૦૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૫૪૦૪ સોદામાં રૂ.૧૫૧૦૨.૩૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫ વધવા સામે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૨૭૫ ઘટ્યો હતો. તમામ બિનલોહ ધાતુઓ તથા એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસના વાયદાઓમાં સાર્વત્રિક વૃદ્ધિ વાયદાના ભાવમાં થઈ હતી. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓ અને રબરમાં નરમાઈનો માહોલ હતો, જ્યારે કોટન અને મેન્થા તેલમાં સુધારાનો સંચાર થયો હતો. કપાસનો વાયદો આગલા બંધ પર જળવાયેલો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૩૨૨૪૫ સોદાઓમાં રૂ.૮૦૩૨.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૪૭૯ અને નીચામાં રૂ.૪૪૯૭૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૨૫ વધીને રૂ.૪૫૪૩૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૩ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૫૦૮ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર ૧ ગ્રામદીઠ રૂ.૪૫૩૩ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૯ વધીને બંધમાં રૂ.૪૫૩૨૦ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૪૬૩ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૨૨૩ અને નીચામાં રૂ.૬૫૮૬૩ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨૭૫ ઘટીને રૂ.૬૭૧૪૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૫૬૩ ઘટીને રૂ.૬૮૨૪૮ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૫૭૯ ઘટીને રૂ.૬૮૨૪૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૩૩૦૩ સોદાઓમાં રૂ.૨૨૦૩.૬૬ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૪૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૭૮ અને નીચામાં રૂ.૪૩૯૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧ વધીને રૂ.૪૪૬૨ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૧૯૬૭ સોદાઓમાં કુલ રૂ.૨૫૮.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૨૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૫૪૦ અને નીચામાં રૂ.૨૨૧૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦ વધીને રૂ.૨૨૩૩૦ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૪૫.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૮.૯ ઘટીને બંધમાં રૂ.૧૦૪૪.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૫૪ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૧.૧ અને નીચામાં રૂ.૯૫૦.૫ રહી, અંતે રૂ.૯૫૭.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૬૧.૫ અને નીચામાં રૂ.૧૨૫૬ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર આગળના રૂ.૧૨૫૯ના જ સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૩૨૬૫ સોદાઓમાં કુલ રૂ.૪૨૨૫.૪૦ કરોડ ની કીમતનાં ૯૩૪૩.૨૦૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૮૯૮૦ સોદાઓમાં કુલ રૂ.૩૮૦૬.૬૩ કરોડ ની કીમતનાં ૫૬૧.૫૬૪ ટન, ક્રૂડ તેલમાં ૧૬૫૨૮ સોદાઓમાં રૂ.૧૧૩૬.૨૦ કરોડનાં ૨૫૬૩૫૦૦ બેરલ્સ, કોટનમાં ૫૦૬ સોદાઓમાં રૂ.૪૬.૦૪ કરોડનાં ૨૦૬૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૩૮૮ સોદાઓમાં રૂ.૨૦૭.૭૮ કરોડનાં ૨૦૦૦૦ ટન, મેન્થા તેલમાં ૩૨ સોદાઓમાં રૂ.૩.૬૨ કરોડનાં ૩૭.૮ ટન, કપાસમાં ૮ સોદાઓમાં રૂ.૨૨.૬૬ લાખનાં ૩૬ ટનના વેપાર થયા હતા.

# ઉના-ગીરગઢડા પંથકમાં તમામ બેઠકો પર કેસરીયો છવાયો : કોંગ્રેસના વળતા પાણી



ચક્રવાત ટીમ ઉના, તા.૦૨

સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જીલ્લા પંચાયતની ૧૧ બેઠક અને બન્ને તાલુકા પંચાયતની ૩૫ બેઠકો ભાજપના હાથમાં.. કોંગ્રેસને માત્ર ૧૧ બેઠક..

ઉના-ગીરગઢડા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં જીલ્લા પંચાયતની ૧૧ બેઠક અને તાલુકા પંચાયતની ૪૬ બેઠક, નગરપાલીકાની ૧૬ બેઠક પર ચુંટણી મતગણતરી યોજવામાં આવતા પ્રજાએ આપેલા જનાદેશએ સમગ્ર પંથકમાં કેસરીયો લહેરાવતા કોંગ્રેસના સુપડા સાફ થઇ ગયા છે. ઉના તાલુકા પંચાયતની ૨૬ બેઠકોની ચુંટણીમાં ભાજપને ૨૦ બેઠક મળી હતી. તેમજ કોંગ્રેસને ૬ બેઠકથી સંતોષ માનવો પડ્યો છે. જ્યારે ગીરગઢડા તાલુકા પંચાયતની ૨૦ બેઠકમાં ૧૫ બેઠક પર ભાજપનો ભગવો લહેરાયેલ છે. અને કોંગ્રેસને ૫ બેઠક મળી હતી. બન્ને તાલુકા પંચાયતમાં સંપૂર્ણ બહુમતી ભાજપને મળતા સત્તાના સ્થાન સંભાળશે. આ ઉપરાંત જીલ્લા પંચાયતની બન્ને તાલુકાની ૧૧ બેઠક ભાજપએ કબ્જો કરી લેતા કોંગ્રેસના ભુકંપ સર્જાયો છે. જીલ્લા પંચાયતની બેઠક પર કોંગ્રેસને ખાતુ પણ ખોલવા દીધુ ન હતું. આ ઉપરાંત ન.પા.ની ૨૦ બેઠક ભાજપ એ બિનહરીફ મેળવેલ હતી. અને ૧૬ બેઠકની ચુંટણી યોજાતા ૧૫ બેઠક ભાજપએ કબ્જે કરી ૩૫ બેઠકો સાથે ન.પા.માં સત્તા સ્થાન જાળવી રાખેલ હતું. એક મહીલા અપક્ષ ઉમેદવાર ચુંટાઇ આવેલ છે. આમ ઉના ગીરગઢડા તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને ન.પા. માં ભાજપનું એકીચકી સાસન આવતા આ તાલુકામાં કોંગ્રેસના સુપડા સાફ થઇ ગયા છે. અને ભાજપની વિજય લહેરથી સમગ્ર શહેર તાલુકામાં કેસરીયો રંગ ફેલાઇ ગયો છે.

# મુંબઈમાં ચાલતા કોરોના રસીકરણ અભિયાનમાં અરાજકતાનું વાતાવરણ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

આજે મુંબઈમાં જે રીતે રસીકરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે તેનાથી આમ આદમી પાર્ટીએ મોટી નિરાશા વ્યક્ત કરી છે. જે રીતે રસીકરણમા ગડબડી જોવા મળે છે, તે સિનિયર સિટિઝન્સ અને અન્ય રોગોથી પીડિત લોકોને આ રસીકરણ અભિયાનનો લાભ લેવાનું ખૂબ મુશ્કેલ બનાવે છે. ભલે તે ભારત સરકારના આરોગ્ય મંત્રાલય છે, જેણે રસીકરણ નોંધણી માટે 'કોવિન' એપ્લિકેશનની સખ્તાઈથી જાહેરાત કરી છે, અથવા સર્વર પર ક્યારેય ન આવતી ટેકનીકી મુશ્કેલીઓ અને ઓટીપી સમસ્યાઓ છે, આખી પ્રક્રિયા અસુવિધાજનક છે. ટેકનીકી એ છે કે આપણા જીવનને મુશ્કેલ બનાવવું નહીં, સરળ બનાવવું. નેસ્કો અને બીકેસી જેવા રસીકરણ કેન્દ્રોમાં અફરાતફરીનું ચિત્ર જોવા મળી રહ્યું છે. લાંબી કતારો, ભીડભાડ, અધિકારીઓ પાસે ઉપલબ્ધ માહિતીનો અભાવ અને વિવિધ પ્રકારની અફવાઓ ફેલાવવાને કારણે આ કેન્દ્રોમાં ભારે અરાજકતા જોવા મળી રહી છે. વરિષ્ઠ નાગરિકો અને ગંભીર રોગોથી પીડાતા લોકો ભીડવાળી જગ્યા પર કલાકો સુધી રાહ જોતા હોય છે, જે તેમના સ્વાસ્થ્ય માટે મોટો ખતરો છે. આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય પ્રવક્તા અને મુંબઇ પ્રભારી પ્રીતિ શર્મા મેનને જણાવ્યું હતું કે, ×અમે રસીકરણ નોંધણીમાં થતી ખામી વિશે મુંબઈકરો તરફથી સતત ફરિયાદો મેળવી રહ્યા છીએ. રસીકરણ કેન્દ્રોમાં ભયંકર અરાજકતા છે. વરિષ્ઠ નાગરિકો અને ગંભીર રોગોથી પીડિત લોકો, જેમના માટે પાછલા વર્ષથી, તેણે ભીડની પરિસ્થિતિમાં રાહ જોવી પડશે, ઘરના પરિસરમાંથી બહાર રહેવાનું ટાળવું તે ખરેખર ભયંકર છે. આપણે બધા જાણીએ છીએ કે અધિકારીઓ છેલ્લા કેટલાક મહિનાઓથી આ રસીકરણ અભિયાનની યોજના બનાવી રહ્યા હતા. આમાંથી, એવું કંઈ પણ નહોતું કે જેનો અનુમાન ન કરી શકાય. અમારી પાસે ઘણા પશ્ચિમી દેશોના મોડેલો અને અનુભવો હતા જેમાંથી શીખવા માટે, જ્યાંથી રસીકરણ અભિયાન શરૂ થઈ ચૂક્યું છે. આજે પ્રવર્તતી આ અસ્તવ્યસ્ત પરિસ્થિતિ એ આપણી સરકારોના સ્થિરતાનું સૌથી મોટું ઉદાહરણ છે. મનપા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર રોગચાળાની વચ્ચે યોગ્ય રીતે પ્લાનિંગ અને રસીકરણ અભિયાનને સરળતાથી સંપાદિત કરવામાં ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. રસીકરણ સંબંધિત તમામ જરૂરી માર્ગદર્શિકા પહેલાથી જ ઉપલબ્ધ છે. અમે તમામ સરકારો, ખાસ કરીને મનપાને તેમના કામ જવાબદારીપૂર્વક કરવા અપીલ કરીએ છીએ.

# એટીમમાંથી રૂપિયા સવા લાખ કાઢનાર બેન્ક કર્મચારીની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨

નયાનગર પોલિસે બેન્કના એટીમ સેન્ટરના મશીનનો પાસવર્ડ મેળવી તેમાથી સવ્વા લાખ રૂપિયા કાઢી લેનાર કર્મચારીની અટક કરી છે,નયાનગર પોલિસની હદમા આવેલ વસઈ સહકારી બેન્કના એટીએમ સેન્ટરના મશીનમાથી ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ૧,૨૪,૦૦૦/- ચોરી થયાની ફરિયાદ કરવામા આવી હતી. પોલિસને પહેલેથી કોઇ બેન્કના સ્ટાફની સંડોવણી હોવાનો શક હતો.પોલિસે તપાસ કરીને બેન્કમા પ્યુનનુ કામ કરનાર આરોપી હર્ષદની અટક કરીને તેની પાસેથી ૭૮,૦૦૦/- પરત મેળવ્યા હતા. આરોપીએ બેન્કના એટીએમ સેન્ટરમા દરરોજ રોકડ ભરવા જનાર કર્મચારીઓ સાથે મિત્રતા બનાવી તેઓનો વિશ્વાસ મેળવ્યા બાદ એટીમ મશીનનો કોડ મેળવ્યો હતો.જે કોડ વડે આરોપીએ એટીએમ મશીનમાથી પૈસા ચોરી લીધા હતા

# પાંચ રાજયોની વિધાનસભા ચૂંટણી બાદ બાગી સહીતના સામે સોનિયાની કાર્યવાહી

**ગુજરાતમાં કોંગ્રેસ નેતૃત્વ પક્ષનો સફાયો રોકી શકી નથી તે નિશ્ચિત થયું : હાલ ચૂંટણીમાં પક્ષને સાથ આપવાના બદલે પ્રશ્નો ઉભા કરનાર જી-૨૩ ના નેતાઓને 'પાઠ' ભણાવાશે : ગુજરાત-રાજસ્થાનના પ્રશ્નો પણ હાથમાં લેવાશે : પંજાબમાં કેપ્ટનને ડીસ્ટર્બ કરાયા : હાલ તામિલનાડુ, પોંડીચેરી, આસામમાં સારા દેખાવના પ્રયાસો**

ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૨

કોંગ્રેસ પક્ષમાં પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણી સમયે જ જે રીતે જી-૨૩ તરીકે ઓળખાતા પક્ષના વરિષ્ઠ નેતાઓએ મોવડીમંડળ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે અને તેમાં પ.બંગાળમાં પક્ષના જોડાણ વિ. મુદે પણ પ્રશ્નો ઉઠાવી રહ્યા છે તેમાં હાઈકમાન્ડે હાલ કોઈ કાર્યવાહી નહી કરવા માટે અને એક વખત વિધાનસભા ચૂંટણીઓ પુરી થયા બાદ કાર્યવાહી કરાશે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ આ જી-૨૩ તરીકે ઓળખાતા નેતાઓએ ખોટા સમયે આ મુદો ઉઠાવ્યો છે. પક્ષની ગત માસની બેઠકમાં જૂન માસમાં આંતરિક ચૂંટણીઓ યોજવા તથા સંગઠનને ફરી બેઠું કરવાનો નિર્ણય લેવાયો હતો પછી આ પ્રકારની હાલની બેઠકોનો કોઈ પ્રશ્ન નથી અને તેમાં જે રીતે મુદા ઉઠાવી રહ્યા છે તેનાથી પક્ષને જ નુકશાન થાય છે.,હાલ ગુલાબનબી આઝાદ, કપીલ સિબ્બલ, મનીષ તિવારી, આનંદ શર્મા જેવા સિનીયર નેતાઓએ પ્રચાર સહિતની ચૂંટણીની કામગીરીમાં જોડાવું જોઈએ. તેના બદલે પક્ષ માટે પ્રશ્નો ઉભા કરે છે તેનાથી પક્ષ પ્રમુખ સોનિયા ગાંધી સખ્ત નારાજ છે અને તેઓએ હાલ ચૂંટણી સમયે કોઈ નવા વેકસીન નહી લેવા નિર્ણય લીધો છે. પક્ષના સૂત્રો કહે છે કે ગુજરાતના પરિણામોની પણ પક્ષે નોંધ લીધી છે અને જે રીતે પક્ષ પ્રચારમાં એક થઈ શકયો નહી તે પણ નોંધાયુ છે. મહારાષ્ટ્રમાં જે રીતે શિવસેના સાથેની સરકારમાં પ્રશ્નો છે તેને પણ હાથ પર લેવાશે અને જરૂર પડે તો આ જોડાણમાં સમીક્ષા પણ કરાશે. ખાસ કરીને મુંબઈ મહાપાલિકાની ચૂંટણીમાં સેના- એનસીપી એ હાથ મિલાવીને કોંગ્રેસને એકલી પાડી દીધી છે.,તે મુદો હાઈકમાન્ડ ચકાસશે. પક્ષે રાજસ્થાનમાં પણ વેલ ઓલ વેલ કરવાનું છે. જો પાંચ રાજયોની ચૂંટણીમાં ભાજપને ધારી સફળતા મળે તો રાજસ્થાનની કોંગ્રેસ સરકાર પણ ફરી નિશાન બનાવી શકે છે. હાલ તો મુખ્યમંત્રી અશોક ગેહલોટ તથા બાગી તેવર ધરાવતા સચીન પાયલોટ વચ્ચે કામચલાવ યુદ્ધ વિરામ છે પણ સચીન પાઈલોટ મોવડીમંડળ કયારે તેને ન્યાય આપે છે તેની રાહમાં છે અને જુન પછી પક્ષના સંગઠનમાં ફેરફાર સાથે જ રાજસ્થાનનો મુદો પણ હાથમાં લઈને અશોક ગેહલોટને દિલ્હી ખસેડીને સચીનને મુખ્યમંત્રી બનાવી શકાશે. પંજાબમાં પણ નવજોત સિદ્ધુ લાંબા સમયથી પ્રશ્નો ઉભા કરે છે પણ સ્થાનિક મહાપાલિકા ચૂંટણીમાં જે રીતે કોંગ્રેસને જબરો વિજય મળ્યો તે પછી મુખ્યમંત્રી કેપ્ટન અમરીન્દર સિંઘનું પલડું ભારે છે.ગુજરાતમાં હવે કોંગ્રેસ પ્રમુખ કોઈ નિર્ણય લેવા માંગે છે અને તેના લાભ જુના જોગીમાં ફરી આગળ આવશે.. પક્ષ પ્રમુખ અમીત ચાવડા અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી એક થઈ શકયા નથી અને હાર્દિક પટેલે પણ હાલમાં જ જાહેરમાં બળાપા કાઢયા છે તે આ મોવડીમંડળના ધ્યાનમાં છે.

# ઉપલેટા તાલુકા પંચાયતમાં ભાજપ-કોંગ્રેસને સરખી ૮-૮, અપક્ષને ૨ બેઠકો : જ્યારે જિલ્લામાં ભાજપને ૧ અને કોંગ્રેસને ૨ બેઠક



ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૦૨

ઉપલેટા યોજાયેલ સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં તાલુકા પંચાયતમાં ભાજપને ૮ કોંગ્રેસને ૮ અને અપક્ષને ૨ બેઠકો મળી છે જ્યારે જિલ્લા પંચાયતની ૦૩ બેઠકોમાં ૧ ભાજપ અને ૨ કોંગ્રેસને ફાળે ગઈ છે. ઉપલેટામાં તાલુકા પંચાયતની ૧૮ બીઠકો માટે ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષના ૫૭ જેટલા ઉમેદવારોએ જંપલાવ્યું હતું. અહિયાં તાલુકા પંચાયતમાં ભાજપને ૮ બેઠકો પર જીત મળી છે જ્યારે કોંગ્રેસને પણ ૮ બેઠકો પર જીત મળી છે.

આ સાથે ઉપલેટામાં આવેલ રાજકોટ જિલ્લા પંચાયતની ૦૩ બેઠકોમાં ૧ બેઠક કોંગ્રેસને મળી છે તો બીજી ૨ બેઠકો કોંગ્રેસનાં ભાગે ગઈ છે. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસનો ગઢ કહેવાતા આ વિસ્તારમાં ઉપલેટા તાલુકા પંચાયતની સૌથી અગત્યની બેઠક મોજીરા પરથી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ, આમ આદમી પાર્ટી ઉપલેટાના પ્રમુખ અને ભાજપના ઉમેદવાર વચ્ચે જંગ હતો જેમાં ઉપલેટા તાલુકા પંચાયતની મોજીરા બેઠકા પર ભાજપને જીત મળી છે.

ઉપલેટા તાલુકા પંચાયતની સીટ પર ગત ટર્મમાં કોંગ્રેસનું શાશન હતું જ્યારે આ વર્ષે ભાજપ-કોંગ્રેસને સમાન બેઠકો મળતા કોંગ્રેસને નુકશાની જોવા મળી છે સાથે જ આવનારા સમયમાં ઉપલેટા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કોણ આવશે તે પણ એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# મોદીના વતનમાં આપનો રાજકીય પ્રવેશ

ચક્રવાત ટીમ મહેસાણા, તા.૦૨

૦૧૫ની મહેસાણાની નગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૧૫૨ બેઠકોમાંથી ભાજપને ૪૭ અને કોંગ્રેસને ૫૦ બેઠકો મળી હતી.

વડાપ્રધાનના માદરે વતન વડનગર તાલુકા પંચાયતની મોલીપુર સીટ પર AAPની એન્ટ્રી થઈ છે. આપના નજરભાઈ ગુડાળ ૩૦૦ મતે વિજયી થયા છે. મહેસાણાના બહુચરાજીના ધારાસભ્ય ભરતજી ઠાકોરના મત વિસ્તારમાં ગાબડું પડ્યું છે. બહુચરાજી અને જોટાના તાલુકા પંચાયતમાં ભગવો લહેરાયો છે. ભરતજીના વતન વિરસોડા-રામપુરામાં પણ ભાજપ જીત્યું છે. બહુચરાજી અને જોટાના જિલ્લા પંચાયતની બેઠક પણ ભાજપે છીનવી છે.

# ઊનાના આંબાના પાકને ભારે નુકસાન



ચક્રવાત ટીમ ઊના, તા.૦૨

ઉના ગીરગઢડા પંથકમાં કેસર કેરીના બગીચા વધુ પ્રમાણમાં હોય હાલ આંબામાં નાની કેરી (ખાખડી) બજારમાં જોવા મળતી હોય છે. તો ક્યાંક આંબામાં હજુ ફાલ પણ નિકળતો જોવા મળેલ છે. ત્યારે છેલ્લા બે દિવસમાં પડેલા ભારે ઝેરી ઝાંકળના કારણે આંબાને ભારે નુકસાન થઇ રહ્યું છે. જોકે આંબામાં કેરીનો પાક માર્ચ-એપ્રિલમાં આવતો હોય પરંતુ આ બે દિવસ પડેલા ઝેરી ઝાંકળના લીધે આંબામાં મધીયો આવતા પાકને ભારે નુકસાન થતા પાયમાલ બની ગયા હોવાનું ખેડૂતોએ ચિંતા વ્યક્ત કરી હતી.

# પેટ્રોલ-ડિઝલ સસ્તુ થશે:નાણાં મંત્રાલય ટેક્સ ઘટાડશે, કેન્દ્રની રાજ્યો સાથે વાત થઈ રહી છે; તા. ૧૫ સુધીમાં ઘટી શકે છે કિંમત

ચક્રવાત ટીમ નવી દિલ્હી, તા.૦૨

કેટલાક શહેરોમાં આ સમયે પેટ્રોલની કિંમત ૧૦૦ રૂપિયાને વટાવી ગઈ છે, એપ્રિલથી ડિસેપબર ૨૦૨૦ની વચ્ચે ૪.૨૧ લાખ કરોડની રેવન્યુ સરકારને મળી,પેટ્રોલ અને ડિઝલ ઝડપથી સસ્તા થશે. નાણાં મંત્રાલય આ બંને પર એક્સાઈઝ ડ્યુટી ઘટાડવાની યોજના બનાવી રહી છે. જોકે છેલ્લા ત્રણ દિવસથી પેટ્રોલ અને ડિઝલના ભાવોમાં કોઈ વધારો થયો નથી.,૧૫ માર્ચ સુધી ઘટી શકે છે કિંમત

સમાચાર એવા છે કે ૧૫ માર્ચ સુધી ટેક્સ ઘટાડવા બાબતે નિર્ણય થાય તેવી શકયતા છે. સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ આ બાબતે ઝડપથી નિર્ણય કરવામાં આવશે. છેલ્લા ૧૦ મહિનામાં ક્રુડની કિંમતમાં બે ગણો વધારો થયો છે. આ રીતે દેશમાં પેટ્રોલ અને ડિઝલની કિંમત હાલના સમયમાં સરેરાશ ૯૨ રૂપિયા અને ૮૬ રૂપિયાને વટાવી ગઈ છે. કેટલાક શહેરોમાં તો પેટ્રોલ ૧૦૦ રૂપિયાને વટાવી ગયું છે. એવામાં ચારેય તરફથી વધી રહેલા દબાણથી સરકાર એક્સાઈઝ ડ્યુટી ઘટાડી શકે છે.,કેન્દ્ર એક્સાઈઝ ડયુટી અને રાજ્ય વેટ લગાવી શકે છે,કેન્દ્ર સરકાર પેટ્રોલ અને ડિઝલ પર એક્સાઈઝ ડયુટી લગાવે છે, જ્યારે રાજ્ય સરકાર વેટ લગાવે છે. છેલ્લા ત્રણ દિવસમાં સરકારી અધિકારઓ અને કોર્પોરેટે ટેક્સ ઘટાડવાની માંગ કરી છે. થોડા દિવસો પહેલા જ સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ એ વાત કહીને તેની નીંદા કરી કે રામના ભારતમાં પેટ્રોલ ૯૩ રૂપિયા છે જ્યારે રાવણની લંકામાં ૫૧ રૂપિયા અને સીતાના નેપાળમાં ૫૩ રૂપિયા છે.

પેટ્રોલિયમને જીએસટીમાં લાવવું જોઈએ,સોમવારે જ સરકારના મુખ્ય આર્થિક સલાહકાર કે વી સુબ્રમણ્યમે કહ્યું કે પેટ્રોલિયમ પ્રોડક્ટને જીએસટીમાં લાવવી જોઈએ. ભારતમાં પેટ્રોલ અને ડિઝલની કિંમતો પર બેગણો ટેક્સ લાગે છે. કેન્દ્ર સરકારે છેલ્લા ૧૨ મહિનામાં બે વખત એક્સાઈઝ ડ્યુટી વધારી દીધી છે. સરકાર લોકોને ક્રુડની કિંમતમાં ઘટાડાનો ફાયદો આપવાની જગ્યાએ પોતે રેવન્યુ વધારવા પર ફોકસ કરી રહી છે.

રાજ્યો સાથે થઈ રહી છે ચર્ચા,નાણાં મંત્રાલય આ સંબંધમાં કેટલાક રાજ્યો સાથે પણ ચર્ચા કરી રહ્યું છે કે ટેક્સ ઘટાડી દે. જોકે પંજાબ, બંગાળ, આસામ સહિત ઘણા રાજ્યોમાં પેટ્રોલિયમ પદાર્થો પર ટેક્સ ઘટાડી દીધો છે. આ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી આવવાની છે. કેન્દ્ર સરકારને લાગે છે કે પેટ્રોલિયમ પદાર્થોની કિંમત ચૂંટણીમાં તેમની વિરુદ્ધ કામ કરી શકે છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે તાજેતરમાં કહ્યું હતું કે અમે એ નહિ કહી શકીએ કે ક્યારે ટેક્સ ઘટશે. જોકે અમે રાજ્યોને આ વિશે વાત કરી રહ્યાં છે.

# રક્તદાન મહાદાન

ચક્રવાત ટીમ જામનગર, તા.૦૨

શ્રી ગાયત્રી શક્તિપીઠ જામનગરના સુંદર આયોજનમાં જી.જી. સરકારી હોસ્પીટલ જામનગરના સહયોગથી રક્તદાન કેપપનો ભવ્ય કાર્યક્રમ શક્તિપીઠના સમર્પિત પ્રમુખ સરોજબેન મીસ્ત્રીના માર્ગદર્શન હેઠળ યોજાયો. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ નિશાન્ત બી. કાનાણી (રાષ્ટ્રીય કક્ષાના પૂર્વે વલીબોલ ખેલાડી) એ તેમના નાનાભાઈ નિશ્ચલ કાનાણી (એમ.બી.એ.) તથા તેમની ઓફિસના બે કર્મચારી સાથે રક્તદાન કરીને યુવાનો અને રમતવીરોને પ્રેરણા અપવાનું સુંદર અને સમાજઉપયોગી કાર્ય કરેલ છે. ૭ માસમાં બે વખત રક્તદાન કર્યુ છે. તેમના પિતાશ્રી કેળવણીકાર ભગવાનજીભાઈ કાનાણીએ કુલ ૨૬ વખત રક્તદાન કરેલ છે. હાલ ૭૪ વર્ષની ઉંમરે પણ શ્રી ઉમિયાજી મહિલા કોલેજ ધ્રોલમાં પ્રિન્સીપાલ તરીકે સેવા આપી રહ્યા છે.

# જોડિયા તાલુકા પંચાયતમાં ભાજપે ૧૬ માંથી ૧૩ બેઠકો પર વિજય મેળવ્યો



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૦૨

જોડિયા તાલુકા પંચાયતની ૧૬ માંથી ૧૩ બેઠકો જીતીને ભાજપે ભગવો લહેરાવ્યો છે. જ્યારે ત્રણ બેઠકો કોંગ્રેસના ફાળે ગઈ છે. પરંતુ અનામત બેઠક માટેના ભાજપના ઉમેદવારો હારી જતા અસમંજસભરી સ્થિતિ સર્જાઈ છે.

જોડિયા તાલુકા પંચાયતના ૧૬ મંત્રી ૧૩ બેઠકો ભાજપે કબજે કરી સત્તાના સૂત્રો સંભાળશે તે નક્કી થયું છે. જ્યારે કોંગ્રેસને માત્ર ત્રણ બેઠકો મળી છે. જોડિયા તાલુકા પંચાયતના રોટેશન મુજબ અનામત પ્રમુખ પદની બેઠકમાં ભાજપના ઉમેદવાર હારી ગયા છે. તેની સામે કોંગ્રેસના બાબુભાઈનો વિજય થયો છે. ત્યારે અહીં પ્રમુખપદ માટે વિચિત્ર સ્થિતિનું નિર્માણ થયું છે. જ્યારે જિલ્લા પંચાયતની કુલ ૨૪ બેઠકોમાંથી જોડિયા તાલુકાની બે બેઠકો જોડિયા અને પીઠડની હતી. જેમાં બન્ને બેઠકો ભાજપે હાંસલ કરી લીધી છે.

# તાપી : જિલ્લા પંચાયતમાં ભાજપે ૨૬ પૈકી ૨૩ બેઠકો પર જીત મેળવી

**જિલ્લા પંચાયતની સ્થાપના બાદ ભાજપને પ્રથમવાર સત્તા મળી**



ચક્રવાત ટીમ તાપી, તા.૦૨

તાપી જિલ્લાની રચના પછી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપે પ્રથમવાર સત્તા મેળવી કુલ ૨૬ પૈકીની ૨૩ બેઠકોની મત ગણતરીમાં ભાજપને ૧૪ બેઠકો સાથે બહુમતી મળી, ચૂંટણી ઈન્ચાર્જ એવા સુમુલ ડેરીના વાઈસ ચેરમેન રાજુ પાઠક સફળ વ્યૂહરચનાકાર સાબિત થયા.

તાપી કુકરમુંડા તાલુકા પંચાયતની બહુરૂપા બેઠક પર ભાજપના લક્ષ્મીબેન વળવી વિજેતા થયા ત્યારે નગરપાલિકા વોર્ડ નં ૨ ચારેય બેઠક પર ભાજપની જીત થઈ છે. ડોલવણ તાલુકા પંચાયત અંતાપૂર બેઠક પર કોંગ્રેસના દીપિકાબેન ચૌધરી વિજેતા અને સોનગઢ તાલુકા પંચાયત ભીમપુરા બેઠક પર કોંગ્રેસના નીતાબેન ગામીત વિજેતા બન્યા, વ્યારા નગર પાલિકામાં વોર્ડ નં. ૫માં કોંગ્રેસના ચાર ઉમેદવારો દિલપ જાધવ, કિરણ ભોય, દ્રષ્ટિ જોશી, કિતા ચૌધરીની જીત થઈ છે. વ્યારા નગર પાલિકામાં વોર્ડ નંબર ૪ માં ભાજપ ના ૨ અને કોંગ્રેસ ના ૨ ઉમેદવારની જીત ઉપરાંત ભાજપના કલ્પેશ ઢોડિયા, રિના પટેલ અને કોંગ્રેસના રાહીલબેન ગામીત અને જોનીલ ગામીતની પણ જીત થઈ છે. વ્યારા વોર્ડ નંબર ૪ માં બે કોંગ્રેસ બે ભાજપ સાથે આ વર્ષે વ્યારા નગરપાલિકામાં કોંગ્રેસની સીટો તૂટી રહી છે. ત્યારે ભાજપના દિગ્ગજ નેતા અંકુર દેસાઈની વોર્ડ નંબર ૨ માંથી રસાકસી વચ્ચે જીત થઈ છે , વ્યારા નગર પાલિકામાં વોર્ડ નંબર ૧ માં ભાજપના ચાર ઉમેદવારો નયના બેન ગામીત, મહેશભાઈ ગામીત, દુર્ગાબેન ગામીત, રિતેશ ઉપાધ્યાયની જીત થઈ છે.

# મધવાસ ગામે રેવાભાઈ પટેલ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં કરીયાણાની દુકાન ચલાવે છે



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૦૨

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામા મહી નદીના કીનારા પર આવેલુ મધવાસ ગામના નેત્રહીન તેવા રેવાભાઈ પટેલ પોતે બંને આંખે જોઈ શકતા નથી છતાં પણ હાલ તે મધવાસ ગામે પોતાની કરીયાણાની દુકાન તે જાતે ચલાવે છે. દુકાનથી પોતાનુ ઘર અડધો કિલો મીટર દૂર હોવા છતાં સવાર સાંજ એકલા જ ચાલીને દુકાને આવે છે અને ગરે પણ જાય છે. દુકાન જાતે એકલા હાથે ચલાવે છે.તેમજ દુકાનમાં આવનાર ગ્રાહકોને સામાન આપવુ તેમજ પૈસાની લેવડદેવડ પણ જાતે કરે છે.પૈસા હોય કે રૂપિયોની નોટો હોય પણ હાથથી સ્પર્શ કરીને ગમે તેવી નોટ હોય તો પણ તે ઓળખી શકે છે તેવી તો તેમના અંદર પૈસા ઓળખવાની અનોખી એક કુદરતી શક્તિ જોવા મળે છે.

જયારે કહેવત મા છે ને જેનુ કોઈ ના હોય તેનો કુદરત હોય છે તેવી જ રીતના તે પોતે જોઈ શકતા ન હોવાથી પણ પોતાની ઓનખી સુઝબુઝથી અને વસ્તુ પારખવાની શકતિનો પણ તેમના હાથમા કુદરતનો અનોખુ જાદુ હોય તેમ લાગી રહ્યુ છે.

કોઈ પણ વ્યકિતનો જીવનમાં માટે અંધાપો અઘરો છે.અધત્વ આવતા કુટુંબના સભ્યો પણ હતાશ થય જાય છે.નાની ઉંમરે અંધત્વનો શિકાર બનેલી વ્યકિતો ભણી ગણીને કુશળ બને છે અને સમાજમાં ઉચ્ચ પદે બિરાજમાન થાય છે.પણ યુવાવસ્થા કે મોટી ઉમંરે અંધાપો આવે ત્યારે માણસ માણસ હતાશ અને નિરાશ થય જાય છે.સુખમાં હસવુ સહેલુ છે પણ દુખમાં હસવુ અઘરૃ છે.મજબુત મનનો માનવ દુખમાં હાર્યા વિના આવી પડેલા સંકટનો સામનો કરે છે અને હિંમતથી જીવન જીવી સમાજ ને પ્રરેણા પુરી પાડી છે.છતમાં તો સહુ જીવે પણ અછત માં જીવે તેનુ નામ જ મદૉનગી કહેવાય. આવા એક મર્દ માનવ મે જોયો આ માનવ સહુ સાથે હસે.બોલે અને હળે મળે પ્રેમ પ્રેમાળ એવો કે સહુને તેની સાથે બોલવુ ગમે પણ જયારે મે આ માણસની પ્રવૃત્તિ અને તેનો ઈતિહાસ જાણ્યો ત્યારે મને તેનાં પ્રત્યે માન થયુ. આ બિરાદરનુ ટુકુ નામ રેવાભાઈ પટેલ છે.આ રેવાભાઈ બન્ને આંખે જોઈ શકતા હતા.પણ ધોરણ ૯ માં અભ્યાસ કરતા તેમના નયન દીપ બુજાયા હતા.પણ મજબૂત મન અને તીવ્ર બુધ્ધિથી વસ્ત્રાપુર અંધ શાળામાં દાખલ થયા હતા.ધોરણ ૧૦ અને ૧૨ તેમજ બુક બાઈડીગનો અભ્યાસ કર્યો.તેમજ ઉચ્ચ ટકાવારી સાથે ડીગ્રીઓ પ્રાપ્ત કરી અને ત્યારબાદ ઉચ્ચ શિક્ષણ મેળવી બી.એ ની ડીગ્રી પ્રાપ્ત શિક્ષણ લીધા બાદ નમાલા માણસની જેમ નોકરીની રાહ જોઈ રેવાભાઈ લમણે હાથ દઈને બેઠા હતા.મુડી વિનાના રેવાભાઈ ૧૦ રૂપિયાની મુડીથી લુણાવાડા તાલુકાના મધવાસ ગામે દુકાન શરૂ કરી હતી.ધીરે ધીરે ધંધામાં પ્રગતિ થઈ હતી.અને રેવાભાઈના માન વધ્યા હતા.રેવાભાઈ ગામની વિવિધ મંડળીમાં અને પંચાયતમાં સભ્ય તરીકે બીન હરીફ ચુટ્યા હતા.આમ રેવાભાઈ પોતે અંધ ચક્ષુ હોવા છતાં પણ વિવિધ ક્ષેત્ર આગવી પોતાની પહચાન બનાવતા હતા.હાલ રેવાભાઈ પોતાની દુકાન જાતે એકલા હાથ ચલાવે છે.તેમજ દુકાનમા આવતાજતા ગ્રાહકોને સામાન આપવુ તેમજ પૈસા પણ ઓળખાવાની તેમણા હાથ કુદરતી ગજબ શક્તિ છુપાવેલી હોય તેમ હાથના સ્પર્શ કરી અને પૈસા જાતે ઓળખી શકે છે. આમ જાતે અંધ હોવા છતાં પણ પૈસા પારખવાના તેમની સામે આંખે જોઈ શકતા હોય તેવો માણસ પણ થાપ ખાઈ શકે છે પણ તેમના જોડે કુદરતનો તેવો કરશિમો છે કે તે કોઈ પણ વસ્તુને પોતાના હાથ વડે સ્પર્શ કરિને પારખી શકે છે.

# વિરાટ કોહલીનો દબદબોઃ ઇન્સ્ટાગ્રામ પર ૧૦ કરોડ ફોલોઅર્સ ધરાવનાર પ્રથમ ભારતીય



(જી.એન.એસ.)મુંબઇ,તા.૨

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ઈતિહાસ રચ્યો છે. આ વખતે તેણે ક્રિકેટ મેદાનની બહાર આવો રેકોર્ડ બનાવ્યો છે કે જે ભારતમાં તો શું એશિયામાં કોઈએ બનાવ્યો નથી. વિરાટ કોહલીનો આ રેકોર્ડ ઇન્સ્ટાગ્રામ સાથે સંકળાયેલો છે. તે ૧૦૦ મિલિયન એટલે કે ૧૦ કરોડ ફોલોઅર્સ ધરાવતા પ્રથમ ભારતીય અને એશિયન વ્યક્તિ છે. આ સાથે, તે આ સ્થાન પર પહોંચનાર પ્રથમ ક્રિકેટર પણ છે. આઈસીસીએ પણ તેમના પરાક્રમ અંગે ટ્વીટ કર્યું છે. આમાં તેણે ૧૦૦ મિલિયનથી વધુ ફોલોઅર્સવાળા લોકોના ફોટા પોસ્ટ કર્યા છે. સાથે લખ્યું છે, 'વિરાટ કોહલી, ઇન્સ્ટાગ્રામ પર ૧૦૦ મિલિયન ફોલોઅર્સ ધરાવતા પહેલા ક્રિકેટર છે.'

ઇન્સ્ટાગ્રામ પરના ફોલોઅર્સ અનુસાર, વિશ્વમાં ફૂટબોલ સ્ટાર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો સવથી આગળ છે. તેના ૨૬૬ મિલિયન ૨૬.૬ કરોડ ફોલોઅર્સ છે. ત્યારબાદ એરિયાના ગ્રાંડે (૨૨.૪ મિલિયન), અભિનેતા ડ્વેન જહોનસનના ૨.૨૦ કરોડ, કાઈલી જેનરના ૨.૧૮ કરોડ ઇન્સ્ટાગ્રામ ફોલોઅર્સ છે. ૧૦૦ મિલિયનથી વધુ ઇન્સ્ટાગ્રામ ફોલોઅર્સની સૂચિમાં ફક્ત ચાર ખેલાડીઓ છે. તેમાં રોનાલ્ડો ઉપરાંત લિયોનેલ મેસી (૧૮.૭ કરોડ), બ્રાઝિલના ફુટબોલર નેમાર (૧૪.૭ કરોડ) અને હવે વિરાટ કોહલીનું નામ છે.

ભારતીય લોકોમાં, કોહલી પછી પ્રિયંકા ચોપરાના ઇન્સ્ટાગ્રામ પર ૬૦.૮ મિલિયન અથવા ૬.૦૮ કરોડ ફોલોઅર્સ છે. તેમની પાછળ શ્રદ્ધા કપૂર છે, જેમના ૫.૮ કરોડ ફોલોઅર્સ છે. દીપિકા પાદુકોણ પાસે ૫.૩૩ કરોડ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૫.૧૨ કરોડ ફોલોઅર્સ છે. વળી, કોહલી પછી ક્રિકેટરમાં મહેન્દ્રસિંહ ધોનીના સૌથી વધુ ઇન્સ્ટાગ્રામ ફોલોઅર્સ છે. સચિન તેંડુલકરનું નામ છે.

વિરાટ કોહલી હાલમાં ભારતીય ક્રિકેટ ટીમ સાથે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ સિરીઝમાં રમી રહ્યો છે. તે અમદાવાદમાં ચોથી ટેસ્ટ તૈયારી કરી રહ્યો છે. ભારત ચાર મેચની શ્રેણીમાં ૨-૧થી આગળ છે. છેલ્લી ટેસ્ટમાં જીત અથવા ડ્રો સાથે, તે જૂનમાં યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપમાં પ્રવેશ કરશે.

# ઇંગ્લેન્ડ વિરુદ્ધ વન-ડે સિરીઝમાં પંત-બુરામહ, રોહિતને આરામ અપાય તેવી શક્યતાઓ







(જી.એન.એસ.)મુંબઇ,તા.૨

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમ આ સમયે ભારતના પ્રવાસે છે. ટેસ્ટ અને ટી૨૦ સિરીઝ બાદ બન્ને ટીમો વચ્ચે વનડે સિરીઝ રમાવાની છે. ચાર મેચોની ટેસ્ટ સિરીઝમાં ભારતીય ટીમે ૨-૧થી લીડ બનાવી છે. ચોથી અને અંતિમ ટેસ્ટ ૪ માર્ચથી અમદાવાદમાં રમાશે. ત્યારબાદ પાંચ મેચોની ટી૨૦ સિરીઝનું આયોજન થવાનું છે. સમાચાર છે કે ત્યારબાદ રમાનારી ત્રણ વનડે મેચોની સિરીઝમાં ઘણા ભારતીય ખેલાડીઓને આરામ આપવામાં આવી શકે છે.

ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાનારી ટી૨૦ સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત થઈ ગઈ છે. તેમાં રમનાર વિકેટકીપર રિષભ પંત, વોશિંગટન સુંદર સહિત આઠ ખેલાડીઓને ઈન્ડિયન પ્રીમિયર લીગ પહેલા આરામ આપવાની શક્યતા છે. શનિવાર ૨૭ ફેબ્રુઆરીએ ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ભારતીય ક્રિકેટ બોર્ડને રિલીઝ કરવાની વિનંતી કરી હતી. બોર્ડે તેને રિલીઝ કરતા અંતિમ ટેસ્ટમાંથી બહાર રાખ્યો છે. તો બુમરાહને ટી૨૦ સિરીઝમાં પણ આરામ આપવામાં આવ્યો છે.

એક રિપોર્ટ પ્રમાણે ભારતીય ઓપનર રોહિત શર્મા, વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત અને સ્પિનર વોશિંગટન સુંદરને વનડે સિરીઝ માટે આરામ આપવામાં આવી શકે છે. ત્રણ મેચોની સિરીઝનું આયોજન પુણેમાં થવાનું છે. સિરીઝના મુકાબલા ૨૩, ૨૬ અને ૨૮ માર્ચે રમાશે. ભારતીય ટીમના જે ખેલાડી લાંબા સમયથી બાયો બબલમાં છે તેને આરામ આપવાને લઈને ટીમ મેનેજમેન્ટ કામ કરી રહ્યું છે. બુમરાહ અને મોહમ્મદ સિરાજને ટી૨૦ સિરીઝમાંથી બહાર રાખવાનો નિર્ણયઆ નીતિનો ભાગ છે.

# ધોની અને તેની ટીમ ૧૧ માર્ચથી મેદાન પર પ્રેક્ટિસ કરતી જોવા મળશે

(જી.એન.એસ.)મુંબઇ,તા.૨

આઈપીએલ ૨૦૨૦માં ચેન્નાઈ સુપર કિંગ્સના ચાહકોના દિલ તુટી ગયા હતા, કેમ કે પ્રથમ વખત આ ટીમ પ્લે ઓફમાં સ્થાન મેળવી શકી ન હતી અને પોઈન્ટ ટેબલમાં ૭ મા ક્રમે રહી હતી. જે ટીમનો કેપ્ટન એમએસ ધોની જેવો ક્રિકેટર છે તે હંમેશા સારો દેખાવ કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે અને આવું જ આઈપીએલની ૧૪મી સીઝનમાં છે.

આઈપીએલ-૨૦૨૧ પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સ અને એમએસ ધોનીના ચાહકો માટે એક સારા સમાચાર છે. હકિકતમાં ધોની અને તેની ટીમ ૧૧ માર્ચથી મેદાન પર પ્રેક્ટિસ કરતી જોવા મળશે. એક સમાચાર મુજબ, ચેન્નાઈ સુપર કિંગ્સનો પ્રેક્ટિસ કેમ્પ ૧૧ માર્ચથી શરૂ થશે, જેમાં ધોની અને રૈના જેવા દિગ્ગજ ખેલાડીઓ પણ સામેલ થશે.

રિપોર્ટ અનુસાર ચેન્નાઈ સુપરકિંગ્સ મેનેજમેન્ટે એમએસ ધોની સાથે વાતચીત કર્યા પછી જ ૧૧ માર્ચથી પ્રેક્ટિસ શિબિર શરૂ કરવાનો નિર્ણય લીધો છે. ચેન્નાઈ સુપર કિંગ્સના એક અધિકારીએ કહ્યું કે, અમારા ખેલાડીઓ જુદી જુદી બેન્ચમાં આવશે, પરંતુ કેપ્ટન ધોની પહેલા દિવસથી જ શિબિરનો ભાગ બનશે. ખેલાડીઓની ઉપલબ્ધતા કોઈ સમસ્યા નથી. અમને આશા છે કે અમે શિબિર સફળતાપૂર્વક શરૂ કરીશું અને બાયો બબલ પ્રોટોકોલનું પાલન કરીશું. તમને જણાવી દઈએ કે - ૨૦૨૦ દરમિયાન ચેન્નાઈ સુપરકિંગ્સના ઘણા સારા ખેલાડીઓ કોરોનાની ઝપેટમાં આવી ગયા હતા. તેમાં શાર્દુલ ઠાકુર, ઋતુરાજ ગાયકવાડ પણ શામેલ હતા.

# અલગ-અલગ સમયગાળામાં રમેલા ભારતના ખેલાડીઓની સરખામણી કરવી મુશ્કેલઃ ગંભીર



(જી.એન.એસ.)મુંબઇ,તા.૨

પૂર્વ ભારતીય બેટ્સમેન ગૌતમ ગંભીરએ હરભજન સિંહને બેસ્ટ સ્પિનર રેટિંગમાં રવિચંદ્રન અશ્વિનથી થોડો આગળ રાખ્યો છે. અશ્વિને તાજેતરમાં જ ઈંગ્લેન્ડ સામે ૪૦૦ વિકેટ પૂરી કરી હતી. જો કે ગંભીરનું માનવુ છે કે અલગ અલગ સમયગાળામાં રમેલા ખેલાડીઓની સરખામણી કરવી મુશ્કેલ છે. પરંતુ હરભજનના સમય દરમિયાન ડીઆરએસની ગેરહાજરી અને પીચની પ્રકૃતિને ધ્યાનમાં રાખીને તેમણે અશ્વિનની સરખામણીએ ભજ્જીને વધુ મહત્વ આપ્યું છે.

હરભજન સિંહે ૧૦૩ ટેસ્ટ મેચમાં ૪૧૭ વિકેટ અને ૨૩૬ વન ડેમાં ૨૬૯ વિકેટ પ્રાપ્ત કરી છે. ભજ્જી તે સમયે ભારતીય ટીમનો ભાગ હતો જે સમયે ભારતીય ટીમે ૨૦૧૧નો વર્લ્ડ કપ જીત્યો હતો. તે ભારત માટે સૌથી વધુ વિકેટ લેનારા ખેલાડીઓના લીસ્ટમાં ત્રીજા ક્રમે છે. અશ્વિન તેનાથી ૧૬ વિકેટ પાછળ ચાલી રહ્યો છે, પરંતુ આશા છે કે તે જલદીથી જ ભજ્જીનો રેકોર્ડ તોડી દેશે.

ગંભીરે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતુ કે, સમયના હિસાબે જોઈએ તો કોઈની સરખામણી કરવી મુશ્કેલ છે પરંતુ અત્યારે બધી સુવિધા મળી રહી છે તેને જોતા હુ હરભજનને બેસ્ટ માનુ છું. અશ્વિન હાલમાં દુનિયાનો સૌથી બેસ્ટ ઓફ સ્પિનર છે, પરંતુ જો હુ તેની હરભજન સાથે તુલના કરૂ છુ તો તે સમયે ન તોઆવી વિકેટ હતી ન તો ડીઆરએસની સિસ્ટમ હતી.

ગંભીરે કહ્યું કે, અશ્વિન પાસે બોલિંગનો વિકલ્પ 'દૂસરા' નથી, જેમા હરભજનને મહારથ હાંસલ હતી. છતા પણ તે અશ્વિનને સારો ખેલાડી માને છે અને હરભજનને બેસ્ટ ગણે છે. હરભજન પાસે 'દૂસરા' બોલ કરવાનો ફાયદો હતો. અશ્વિન પાસે તે વિકલ્પ હતો, કેમ કે 'દૂસરા' આંગળીઓના સ્પિનર માટે નથી. તેમ છતા અશ્વિન પાસે વેરિએશન છે. જો હુ ઓવરઓલ દ્રષ્ટીકોણથી જોવુ તો અશ્વિન શંભવતઃ હરભજનની સરખામણીએ બોલિંગની દ્રષ્ટીએ સારો પર્ફોરમર છે.

# ભારતના કોચ રવિ શાસ્ત્રીએ અમદાવાદમાં લીધી કોરોના વેક્સિન



(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨

ભારતીય ક્રિકેટ ટીમના કોચ રવિ શાસ્ત્રીએ કોરોના વેક્સિન લીધી છે. રવિ શાસ્ત્રીએ અમદાવાદના એપોલો હોસ્પિટલમાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો. શાસ્ત્રીએ વેક્સિન લેતી તસવીર સોશિયલ મીડિયામાં શેર કરી છે. સાથે જ ટ્વિટ કરતાં તેમણે લખ્યું કે, કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો. મહામારી વિરુદ્ધ ભારતને સશક્ત બનાવવા માટે ડોક્ટર્સ અને વૈજ્ઞાનિકોનો આભાર. એપોલો હોસ્પિટલમાં કાંતાબેન અને તેમની ટીમથી ઘણો પ્રભાવિત થયો.

દેશમાં કોરોના વેક્સિન અભિયાનના બીજા તબક્કાની શરૂઆત થઇ ચૂકી છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વયના લોકોને રસી આપવામાં આવશે. સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હતો. તે બાદ ઘણા નેતાઓએ વેક્સિન લીધી હતી. જે બાદ આજે રવિ શાસ્ત્રીએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો.

બીજી બાજી, ભારતીય ક્રિકેટ ટીમ ૪ માર્ચે ઈંગ્લેન્ડ વિરુદ્ધ સીરિઝની છેલ્લી અને ચોથી ટેસ્ટ મેચ રમશે. સીરિઝમાં ભારત ૨-૧થી આગળ છે. જ્યારે છેલ્લી ટેસ્ટ મેચ પણ અમદાવાદમાં જ રમાશે. ટેસ્ટ સીરિઝ બાદ ટીમ ઈન્ડિયા પાંચ ટી-૨૦ મેચ રમશે. સાથે જ ત્રણ વનડે મેચ પણ રમશે.

# એક શખ્સે સુપરસ્ટાર કિમ કાદશિયાનો એક્સ હસબન્ડ હોવાનો કર્યો દાવો

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

હોલીવુડ સુપરસ્ટાર કિમ કાદર્શિયા હંમેશા કોઇને કોઇ વાતે ચર્ચામાં છવાયેલી રહે છે. આ વખતે અભિનેત્રી ચર્ચામાં આવી તેની પછળ એક અજીબ કારણ છે. એક માણસે દાવો કર્યો છે કે તે હોલીવુડ સુપરસ્ટાર કિમ કાદર્શિયાનો એક્સ હસબન્ડ છે. આ શખ્સ કિમના ઘરમાં ઘુસવાનો પ્રયત્ન કરતો હતો ત્યારે પકડાઇ ગયો હતો. જાણકારી અનુસાર આ માણસ કિમના ઘરમાં તાકી રહ્યો હતો. કિમની એક ઝલક મળે તે માટે તે આવા પ્રયત્ન કરી રહ્યો હતો.

જાણકારી અનુસાર હિડન હિલ્સમાં સ્થિત કિમના ઘરના મેન ગેટથી અંગર ઘુસી ગયો હતો આ શખ્સ. મીડિયા રીપોર્ટ અનુસાર સિક્યોરીટી કર્મચારીએ આ માણસને કિમની નજીક પહોંચે તે પહેલા જ પકડી લીધો હતો. પકડાઇ ગયા પછી જ્યારે આ માણસને પુછવામાં આવ્યુ તો તેણે દાવો કર્યો કે તે કિમનો એક્સ હસબન્ડ છે. આ માણસે કહ્યુ કે તે કિમને મળવા માંગે છે આજ કારણે તે આ રીતે ઘરમાં ઘુસ્યો હતો. આ શખ્સ આ રીતે છુપાઇને સુપરસ્ટારના ઘરમાં ઘુસવાનો આરોપ લાગ્યો છે જો કે પાછળથી આ શખ્સને છોડી દેવામાં આવ્યો હતો. કિમ હમણા તેના છુટાછેડાના સમાચારને લઇને ચર્ચામાં છવાયેલી છે.

૧૯ વર્ષની ઉંમરે પહેલા લગ્ન કરનાર કિમ અત્યાર સુધીમાં ત્રણ લગ્ન કરી ચુકી છે. થોડા સમય પહેલા જ ત્રીજા પતિથી કિમના છુટાછેડા થયા છે. તેના ત્રીજા પતિનું નામ કાન્યે વેસ્ટ છે. બંનેના ૬ વર્ષના લગ્નજીવનનો અંત આવ્યો છે. કપલ માટે આ સંબંધ ભારે ઉથલ-પાથલ વાળો રહ્યો. જો કે થોડા સમય પહેલા જ બંને વચ્ચે બધુ ઠીક નથી. આ સમાચાર વચ્ચે બંને અલગ થવાનો નિર્ણય થોડો ચોંકાવનારો હતો.

# ૧૮૦ કિલો વજન ઉપાડીને જીમમાં સૌથી અલગ જ કસરત કરે છે ટાઇગર શ્રોફ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

બોલિવૂડના તમામ સેલેબ્સ ફિટનેસને લઈને ખૂબ જ સતર્ક છે અને જીમમાં કલાકો સુધી પરસેવો પાડતા હોય છે જેથી તેમની ફિટનેસ સારી રહે. ટાઈગર શ્રોફ પણ તેની આગામી ફિલ્મ રેમ્બો ફર્સ્ટ બ્લડની તૈયારીમાં કલાકો સુધી જીમમાં પરસેવો પાડતો રહે છે. ફિલ્મમાં ટાઇગર સિલ્વેસ્ટર સ્ટેલોનના લૂકમાં જોવા મળશે અને તેના માટે એક મજબૂત શરીર બનાવી રહ્યા છે. જીમમાં પરસેવો ઉપરાંત ટાઈગર શ્રોફ પણ તેના આહારમાં ખૂબ ધ્યાન આપે છે. તે ડેલી આઠ ઇંડા તેમજ ચિકન અને માછલી ખાય છે. ચાલો જાણીએ ટાઈગર શ્રોફની ફિટનેસનું રહસ્ય. ટાઈગર શ્રોફ ફિટ રહેવા માટે કસરત, હેલ્દી આહારનું પાલન કરે છે, જ્યારે તે ખરાબ વસ્તુઓના વ્યસનથી પણ દૂર રહે છે. ટાઇગર આલ્કોહોલ કે સિગરેટ પીતો નથી.

તમને જણાવી દઈએ કે ફિલ્મ ધૂમ -૩ ના શૂટિંગ દરમિયાન ટાઇગર શ્રોફે આમિર ખાનને બોડી બનાવવામાં મદદ કરી હતી. ટાઇગરે ત્રણ વર્ષથી ફ્લેક્સિબિલિટી અને મોશનની તાલીમ પણ લીધી છે. ટાઇગર શ્રોફે રાષ્ટ્રીય કક્ષાના જીમ્નાસ્ટ જિલે સિંહ મવાઈ પાસેથી તાલીમ લીધી હતી.

ટાઇગરને માર્શલ આર્ટ્સની તાલીમ પણ આપવામાં આવે છે. ટાઇગર તેના રોજના નાસ્તામાં બ્રેડ અને ઓમેલેટ સાથે આઠ ઇંડા લે છે.

આ સિવાય તે નાસ્તામાં ડ્રાયફ્રૂટ્સ પણ ખાય છે. ટાઇગર લંચમાં બ્રાઉન રાઇસ ચિકન અને માછલી સાથે ખાય છે. બપોરના જીમ પછી પ્રોટીન શેક પીવે છે. ટાઇગર શ્રોફ જીમમાં વિવિધ કસરતો કરે છે. ઉદાહરણ તરીકે, સોમવારે, બેક માટેની કસરત કરે છે. ૮૦ થી ૮૫ કિગ્રા વજન સાથે પુલ-ડાઉન કરે છે. મંગળવાર ચેસ્ટ કસરત કરે છે. બુધવારે પગની કસરત. આ દિવસે, તે વિવિધ વજન સાથે વિવિધ કસરતો કરે છે. ગુરુવારે, તે આમર્સ વ્યાયામ કરે છે. શુક્રવારે શોલ્ડર વ્યાયામ કરે છે. શનિવારે મિક્સ કસરત કરે છે. તે રવિવારે એબ્સ એક્સરસાઇઝ કરે છે.

# પાકિસ્તાનની અભિનેત્રી વીડિયો શેર કરી થઇ ગઇ ટ્રોલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

પાકિસ્તાની અભિનેત્રી માહિરા ખાન સોશિયલ મીડિયા પર ખુબજ સક્રીય છે. તેની તસવીરો અને વીડિયો અવારનવાર સોશિયલ મીડિયા પર વાયરલ થાય છે. હાલમાંજ માહિરાએ ઇંસ્ટાગ્રામ પર એક જાહેરાતનો વીડિયો શેર કર્યો. આ ટીવી કમર્શિયલનને શેર કરતા માહિરાએ લખ્યુ કે પ્યોર મેન્ગો પ્લેઝર. હવે આ જાહેરાતને લઇને ભારતીય સોશિયલ મીડિયા પર યૂઝર્સ માહિરાને ટ્રોલ કરવા લાગ્યા છે. બોલિવુડ ફિલ્મોમાં કામ કરી ચુકેલી માહિરા ખાન જાહેરાતમાં મેન્ગો કોલ્ડ ડ્રિંક પીતી નજરે ચડે છે.

આ જાહેરાતમાં માહિરા ખુબસુરત લાગી રહી છે તો પ્રશંસકો ટ્રોલ કેમ કરી રહ્યા છે? વાત જાણે એમ છે કે આ વીડિયોને એજ અંદાજથી શુટ કરવામાં આવ્યો જેમ ભારતીય જાહેરાત કેટરીના કૈફને શુટ કરવામાં આવી હતી ડીટો કોપી સહેજ પણ ફેરફાર નહી આથી દર્શકો બરાબરના ભડક્યા હતા. આટલુ જ નહી આ વીડિયોમાં માહિરાનો ડ્રેસ અને કોલ્ડ ડ્રિંક પીવાનો અંદાજ કેટરીના કૈફ જેવો જ છે. આ વીડિયો જોયા પછી પ્રશંસકો માહિરાને ટ્રોલ કરવા લાગ્યા છે. દર્શકોનું કહેવુ છે કે માહિરાએ કેટરીનાની કોપી કરી છે. એક યૂઝરે લખ્યુ કે પાકિસ્તાની કેટરીના, તો બીજા એક યૂઝરે કહ્યુ અરે પોતાની જાતને કેટરીના ન સમજતી. ભારતીય અભિનેત્રી કેટરીના કેફનો આમસૂત્ર વાળો વીડિયો ખુબજ લોકપ્રિય થયો હતો.

ગરમી શરૂ થતા જ આ જાહેરાતનું પ્રસારણ કરવામાં આવે છે તેની લોકપ્રિયતા જોઇને જ પાકિસ્તાનના એડ મેકરે ખોટી મહેનત કર્યા વગર સીધી કોપી જ મારી દીધી છે. માહિરા ખાન શાહરૂખ ખાનની સાથે ફિલ્મ રઈસમાં નજર આવી હતી.

આ સિવાય તે રણબીર કપૂર સાથે સિગરેટ પીતી હોય તેવી એક તસવીરને કારણે ચર્ચામાં આવી હતી. જો કે ભારત અને પાકિસ્તાનના સંબંધો વણસતા પાકિસ્તાની કલાકારોનું કામ અટકાવી દેવાયુ છે આથી માહિરા કોઇ ઊારતીય ફિલ્મનો ભાગ બની શકી નથી.

# આમિર ખાન હવે 'મહાભારત' નહીં બનાવે, 3 ફિલ્મો ગુમાવવાનો અંદેશ હતો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

છેલ્લા ૫-૬ વર્ષથી ચર્ચા થઈ રહી હતી કે આમિર ખાન 'મહાભારત' પર એક મોટી ફિલ્મ બનાવવાની તૈયારીમાં છે. ગત વર્ષે એવું કહેવામાં પણ આવ્યું હતું કે તે તેને મોટી સ્ક્રીન માટે નહીં બનાને, પરંતુ અમુક પાર્ટ્સમાં ઓટીટી પર લાવવાનું પ્લાનિંગ કરી રહ્યા છે. પરંતુ તાજા રિપોર્ટ્સના અનુસાર, તેણે તેને બનાવવાનો વિચાર સંપૂર્ણપણે છોડી દીધો છે. તેની પાછળ ઘણા કારણો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

ખાસ કરીને મહાકાવ્ય પર તેને ફિલ્મ બનાવવા માટે આ યોગ્ય સમય નથી લાગી રહ્યો. સ્પોટબોયે આમિરના નજીકના સૂત્રોના હવાલાથી જણાવ્યું છે કે, સારા અને ખરાબ તમામ પાસાઓને જોયા બાદ આમિર ખાને 'મહાભારત' ન બનાવવાનો નિર્ણય કર્યો છે. કોઈના માટે તે સમજ્યા વિચાર્યા વગર વિવાદાસ્પદ થઈ શકે છે.

તેના કરતા પણ જરૂરી વાત એ છે કે, જે રીતે તેઓ તેને બનાવવાનું પ્લાનિંગ કરી રહ્યા હતા, તે વ્યાવસાયિક રીતે વ્યાવહારિક નથી. આ બધાથી અલગ મહાભારતને ૫ કિંમતી વર્ષો આપવાનો અર્થ હતો કે ઓછામાં ઓછી ત્રણ ફિચર ફિલ્મ ગુમાવવાનો હતો, તેથી 'મહાભારત' નહીં બનાવે.

# ક્રિકેટરમાંથી એક્ટર બનેલા સલીલ અંકોલા હાલમાં હોસ્પિટલમાં એડમિટ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨

ક્રિકેટરમાંથી એક્ટર બનેલા સલીલ અંકોલા કોરોના પોઝિટિવ છે અને મુંબઈની જોગેશ્વરી સ્થિત એક હોસ્પિટલ એડમિટ છે. તેમણે મીડિયા સાથેની વાતચીતમાં પોતાની હેલ્થ અંગે વાત કરતાં કહ્યું હતું, 'આ બહુ જ ડરામણો સમય છે. આશા છે કે આગામી ૭ દિવસમાં હું આ પરિસ્થિતિમાંથી બહાર આવી જઈશ.' અંકોલાના મતે હોસ્પિટલમાં જ્યારે તેઓ એડમિટ થયા ત્યારે તેમને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી અને તેમને વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યા હતા.

અંકોલાએ કહ્યું હતું, 'હું જયપુર જવાનો હતો. આ પહેલાં મેં કોવિડ ૧૯નો ટેસ્ટ કરાવ્યો અને નવાઈની વાત એ છે કે તે પોઝિટિવ આવ્યો.' ત્યારબાદ સલીલ અંકોલાએ જયપુરની ટ્રિપ કેન્સલ કરીને ઘરમાં જ ક્વૉરન્ટીન થવાનું નક્કી કર્યું હતું. જોકે, થોડાં દિવસ બાદ તેમની તબિયત બગડી હતી અને તેમને છાતીમાં દુખાવો થતો હતો. તેમની પત્ની રિયાએ ડૉક્ટરને બોલ્યા અને નક્કી કર્યું કે તેમણે હોસ્પિટલમાં દાખલ થવું જોઈએ. અંકોલાએ આગળ કહ્યું હતું, 'મારું ઓક્સિજન લેવલ ૮૦ થઈ ગયું હતું.

હું ઓલ ક્યોર સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ, જોગેશ્વરી ગયો. હું શ્વાસ લઈ શકતો નહોતો. હોસ્પિટલમાં મને વેન્ટિલેટર પર મૂકવામાં આવ્યો હતો. ૨૮ ફેબ્રુઆરીના રોજ સવારે પાંચ વાગે હું દાખલ થયો. મને ઉધરસ તથા તાવ હતો. કોવિડને કારણે ન્યૂમોનિયા થઈ ગયો છે.'

અંકોલાએ ટાઈમ્સ સાથે વ્હોટ્સએપ પર વાત કરી હતી, કારણ કે હજી પણ તેમને બહુ જ ઉધરસ આવે છે અને તે સહજતાથી વાત કરી શકે તેમ નથી.

# મતગણત્રી બાદ ભાજપને ૬૨૩૯, કોંગ્રેસને ૧૮૦૩ અને અન્ય પક્ષોને ૪૦૩ બેઠકો

## સાણંદના અપક્ષ વિજેતા થયેલ મહિલા ગઇકાલે મૃત્યુ પામતા નિશ્ચિત બનેલ પેટા ચૂંટણીઃ પેટલાદ, બરસદ, પાદરા અને માંડવી-કચ્છ સહિત કેટલાક સ્થળોએ ભાજપ-કોંગ્રેસના કાર્યકરો બાખડતા પોલીસે હળવો બળપ્રયોગ કર્યો

ચક્રવાત ટીમ

રાજકોટ, તા.૦૨

રાજ્યમાં ૩૧ જિલ્લા પંચાયતોની ૯૮૦, ૨૩૧ તાલુકા પંચાયતોની ૪૭૭૪ અને ૮૧ નગરપાલિકાની ૨૭૨૦ બેઠકોનું ગત રવિવારે મતદાન સંપન્ન થયેલ જેમાં અનુક્રમે ૬૧.૩૮, ૬૨.૫૬ અને ૫૬.૩૬ ટકા જેવું મતદાન યોજાયું હતું. જેની આજે મતગત્રી હાથ ધરવામાં આવતાં અનેક સ્થળે કોંગ્રેસી નેતાઓના ગઢની ભયાનક રાજકીય ભૂકંપથી દિવાલો ધરાશાયી થવા લાગી છે. ગ્રામ્ય વિસ્તારોમાં અનેક સમસ્યાઓ મ્હોં ફાડતી હોવા છતાં ભાજપનો પ્રચંડ વિજય થયો છે. પરિણામો પરથી મોટા ભાગના મતદારોએ કોંગ્રેસ તરફથી મ્હો ફેરવ્યાનું તારણ બહાર આવેલ છે. કેટલાક સ્થળોએ આમ આદમી પર્ટીને રાજકીય પ્રવેશનાં દરવાજાઓ ખુલ્યા છે. જો કે જાણકારોનાં કથન અનુસાર ભાજપ વિરૂધ્ધના મતો એક કરતાં વધુ પક્ષો વચ્ચે વહેચાય જતાં પણ ભાજપને થોડો ફાયદો મળેલ છે. જીતના ઉત્સાહમાં અનેક નિષ્ફળતાઓ ઢંકાય જતી હોય છે.

આજે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને અનેક વિઘ્ન-વિરોધ વચ્ચે જબ્બર જનસમર્થન મળતાં ભાજપના નેતાઓ-કાર્યકરો ભારે ઉત્સાહનો અનુભવ કરી જીતનો શ્રેય નરેન્દ્ર મોદી, અમિત શાહ, ચંદ્રકાન્ત પાટીલ અને વિજય રૂપાણીના નેતૃત્વ-માર્ગદર્શનને આપી રહ્યા છે.

આજે યોજાયેલ મતગણત્રી દરમ્યાન કે બાદ પાંચ છ સ્થળોએ ઘર્ષણની ઘટનાઓ સર્જવા પામી હતી. પેટલાદ, બોરસદ, પાદરા અને માંડવી (કચ્છ) સહિતનાં સ્થળોએ ભાજપ-કોંગ્રેસનાં કાર્યકરો વચ્ચે ઘર્ષણ થતા પોલીસે ક્યાંક મધ્યસ્થી કરી તો ક્યાંક હળવો લાઠીચાર્જ કરી સ્થિતી પર કાબૂ મેળવ્યો હતો.

આજે જાહેર થયેલા પરિણામો દરમ્યાન ઉત્સાહ વચ્ચે કેટલીક દુઃખદ ઘટનાઓ બહાર આવી, સાણંદ તાલુકા પંચાયતના એક મહિલા ઉમેદવારનું મતદાનના બીજા દિવસે નિધન થયેલ જે આજે વિજેતા જાહેર થયેલ છે તેથી આ બેઠકની પેટા ચૂંટણી નિશ્ચિત બની છે. આણંદ જીલામાં ભાજપના એક અગ્રણી કાર્યકરનું પણ નિધન થયેલ છે.

રાજ્યમાં ભાજપને સ્થાનિક ચૂંટણીમાં ઝળહળતો વિજય પ્રાપ્ત થતાં વિજય રૂપાણી તથા ચન્દ્રકાન્ત પાટીલે ભાજપમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ મતદારો-જનતાનો આભાર માન્યો હતો. ભાજપનું આગામી નિશાન વર્ષ ૨૦૨૨માં યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં રાજ્યમાં અગાઉ અધુરું રહેલ વચન (૧૫૦ બેઠક જીતવાનું) પૂર્ણ કરવા કાર્યકરો-આગેવાનોને નેતાઓ દ્વારા અનુરોધ કરવામાં અવેલ છે.

### આજનું પરિણામ ઉડતી નજરે

રાજ્યમાં આજે જાહેર થયેલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૮૪૭૪ બેઠકોનાં પરિણામોમાંથી ભાજપે ૬૨૩૯, કોંગ્રેસે ૧૮૦૩ અને અન્યોને ૪૦૩ બેઠકો પર વિજય પ્રાપ્ત થયેલ છે. છેલ્લા અહેવાલો અનુસાર જીલ્લા પંચાયતોમાં ભાજપને ૭૯૯, કોંગ્રેસને ૧૭૧ અને અન્યોને ૧૦, તાલુકા પંચાયતમાં ભાજપને ૩૩૫૪, કોંગ્રેસને ૧૨૩૧ અને સભ્યોને ૧૬૪ તથા પાલિકામાં ભાજપને ૨૦૮૬, કોંગ્રેસને ૪૦૧ તથા અન્ય પક્ષોને ૨૩૩ બેઠકો કબ્જે કરવામાં સફળતા મળેલ છે.

### ઘોર પરાજય બાદ કોંગ્રેસમાં રાજીનામા

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં લોકમત કેળવવાનાં અસંખ્ય મહત્વના મુદ્દાઓ હોવા છતાં નેતાઓ વધુ અને કાર્યકર ઓછા ધરાવતા કોંગ્રેસપક્ષનો સતત નબળો દેખાવ ચાલુ રહેવા પામ્યો છે. આજનાં પરિણામો બાદ કોંગ્રેસ હાંફવા લાગેલી છે. તેવા સમયે પરાજય થયા બાદ હવે નૈતિકતાના નામે નેતાઓ દ્વારા પોતાના હોદ્દાના રાજીનામા પક્ષનાં રાષ્ટ્રીય પ્રમુખને મોકલી આપેલ છે. જેનો મોવડીઓએ સ્વિકાર કરી બે સપ્તાહ બાદ નવી નિમણુંક મામલે નિર્ણય કરવામાં આવેલ છે. ભાજપની વધતી તાકાત પાછળ કોંગ્રેસની આંતરિક લડાયની નબળાઈ પણ એક મોટું જવાબદાર પર બિળ છે.

# ગોંડલ-જેતપુર રોડ પર ટ્રકે બાઇકને હડફેટે લેતા દંપતિ ખંડિત

## મોટરસાયકલ તેમજ ઈકો કાર વચ્ચે અથડાતા, એકનું ઘટના સ્થળે મોત,

રાજકોટ, તા.૨

રાજકોટમાં એકસાથે બે અકસ્માતના બનાવો સમયે આવ્યા છે, પ્રથમ બનાવમાં ગોંડલ જેતપુર રોડ ઉપર વૃદ્ધ મહિલા પર ટ્રકના તોતિંગ વ્હીલ ફરી વળતાં પતિની નજર સામે જ પત્નીનું કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. તો અન્ય બનાવમાં જેતપુરના તત્કાલ હનુમાન ચોકડી પાસે મોટરસાયકલ તેમજ ઈકો કાર વચ્ચે ટક્કર થતા, બાઈક પર બેસેલ બે યુવકો પૈકી એકનું ઘટના સ્થળે જ મોત થયું હતું તો અન્ય યુવાન ઘાયલ હોવાથી હાલ સારવાર હેઠળ છે. ઉલ્લેખનીય છે લે આજ સુધીમાં જેતપુર રોડ ઉપર ૧૩થી પણ વધુ માનવ જિંદગી હોમાઈ ચૂકી છે

પ્રથમ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ ગોંડલ તાલુકાના મોવિયા ગામના વતની અને હાલ રાજકોટના મવડી વિસ્તારમાં પુત્રોની સાથે રહેતા ૭૨ વર્ષીય મગનભાઈ ભાલાળા અને તેમના પત્ની નર્મદાબેન છેલ્લા ત્રણ-ચાર દિવસથી મોવિયા ગામે આવ્યા હતા. ત્યાંથી મંગળવારના કોઈ કામ સબબ ગોંડલ આવ્યા હતા એ દરમિયાન જેતપુર રોડ ત્રણ ખૂણીયા પાસે હીરો હોન્ડા મોટર સાયકલ સ્ઉૐ૪૩છ૭ૐ૨૮૮૧ ઉપર પસાર થઈ રહ્યા હતા ત્યારે માતેલા સાંઢની માફક દોડી આવતા ટ્રક ય્ત્ન૧૧૩ ૫૮૪૯ ના ચાલકે અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં દંપતી રોડ ઉપર પટકાયું હતું અને ટ્રકના તોતિંગ વ્હીલ મહિલા ઉપર ફરી વળતા તેનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રકચાલક માનવતા નેવે મૂકી નાસી ગયો હતો. અકસ્માતના પગલે ટ્રાફિક જામ થયો હોય શહેર પોલીસે દોડી આવી કાર્યવાહી હાથ ધરી ટ્રાફિક કલર કરાવ્યો હતો.

અન્ય બનાવની વાત કરીએ તો જેતપુરના તત્કાલ હનુમાન ચોકડી પાસે મોટરસાયકલ તેમજ ઈકો કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં ઈકો કાર ટર્ન મારતી હતી એ વેળાએ પૂરપાટ વેગે બાઈક ધસી આવતા બન્ને વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક ધોરાજીના મમદભાઈ જુનેદભાઈ કુરેશી નામના યુવકનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યુ હતુ તેમજ તેમની સાથેના મમદ મતવા નામના યુવકને ગંભીર ઈજા થતા જુનાગઢ હોસ્પિટલ ખસેડવામા આવેલ છે ધોરાજીના રહેવાસી બંન્ને યુવાનો જેતપુર એચ એચ રોડવેજમાં મજુરી કરતા હોય ધોરાજી થી દરરોજ જેતપુર અપડાઉન કરતા હતા. આ સમગ્ર ઘટનાના ઝ્રઝ્ર ફૂટેજ પણ સામે આવ્યા છે.

# ચૂંટણી બની રક્તરંજીતઃ ઘોઘાના સણોદર ગામે કોંગ્રેસ આગેવાનની નિર્મમ હત્યાઃ પુત્રી-પત્ની સારવાર હેઠળ



ભાવનગર તાલુકાના ઘોઘાના સાણોદર ગામે કોંગ્રેસના વિજેતા ઉમેદવારના વિજય સરઘસ દરમિયાન હત્યા થઈ છે. વિજય સરઘસ દરમિયાન ડીજે પસાર અચાનક પત્થરમારો થતાં ડીજે અમરાભાઈના ઘર ઘસી આવ્યું હતું. ત્યાં સામાન્ય બોલાચાલીએ ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું અને પિતા-પુત્રી પર ટોળાએ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કરતા પિતાનું સારવાર દરમિયાન મોત થયું હતું.

સમગ્ર ઘટનાને લઈ મૃતકની પુત્રીએ પોલીસ પર ગંભીર આક્ષેપ કર્યા છે. બનાવની પ્રાથમિક વિગત એવી છે કે, ભાવનગર નજીક આવેલા ઘોઘા તાબેના સાણોદર ગામે રહેતા અમરાભાઈ બોરીચાના ઘર નજીકથી આજે સાંજના સુમારે તાલુકા પંચાયતમાં કોંગ્રેસના વિજેતા બનેલા ઉમેદવારનું વિજય સરઘસ નીકળ્યું હતું.

આ વિજય સરઘસ પર પત્થરમારો થતાં અમરાભાઈ બોરીચાના ઘર પર ઘસી આવ્યું હતું, ત્યાં સામાન્ય બોલાચાલીએ ઉગ્ર રૂપ ધારણ કર્યું હતું. ટોળાએ ઘરમાં તોડફોડ કરી અમરાભાઈ પર તિક્ષ્ણ હથિયારો વડે હુમલો કર્યો હતો. જ્યારે તેમને બચાવવા પડેલી તેમની પુત્રી નિર્મળાને પણ ઈજા થઈ હતી. પિતા પુત્રીને ઈજાગ્રસ્ત હાલતે સારવાર અર્થે ભાવનગરની સર ટી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે અમરા ભાઈને મૃત જાહેર કર્યા હતા.

મૃતક અમરાભાઈના પુત્રી નિર્મળાએ ઘોઘા પોલીસના પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ પર ફરજમાં બેદરકારીનો ગંભીર આક્ષેપ કરી તેમની સામે કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ત્યારબાદ જ જવાબદારો સામે ફરિયાદ નોંધવા દલીલ કરી હતી. જોકે, બનાવની ગંભીરતાને લઈ એસ.ટી.એ.સી સેલના ડી.વાય.એસ.પી સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો અને મૃતકના પરિજનોને સમજાવવા પ્રયાસ કર્યો હતો. જોકે, મોડી સાંજ સુધી આ મામલે કોઈ નિર્ણય થયો નહોતો.

# રાજકોટમાં આજે કોરોનાના વધુ ૩૧ કેસ નોંધાયા, કુલ કેસની સંખ્યા ૧૬૨૫૮ સુધી પહોંચી, ૧૮૯ દર્દીઓ સારવાર હેઠળ

## ૬૦ વર્ષથી મોટી ઉંમરના ૨૪૩૨ અને ૪૫ થી ૫૯ વર્ષના કોમોર્બીડીટી ધરાવતા ૩૧૪ લોકો સહિત કુલ ૩૮૫૧ નાગરિકોએ રસી લીધી હતી

રાજકોટ, તા.૨

રાજકોટમાં કોરોના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં નવા ૩૧ કેસ નોંધાયા છે. આથી શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૬૨૫૮ પર પહોંચી છે. જ્યારે ૧૮૯ દર્દીઓ સારવાર હેઠળ છે ,આજે વેક્સિનેશન માટે લોકોનો બહોળો પ્રતિસાદ મળ્યો છે, ઉલ્લેખનીય છે કે આજે રાજકોટમાં ૨૪ સરકારી અને ૧૪ ખાનગી હોસ્પિટલો એમ કુલ ૩૮ હોસ્પિટલોમાં કોરોના સામેની રસીકરણમાં પ્રથમ તબક્કામાં ૨૫૪, પ્રથમ તબક્કાના બીજા ડોઝમાં ૮૫૧, ૬૦ વર્ષથી મોટી ઉંમરના ૨૪૩૨ અને ૪૫ થી ૫૯ વર્ષના કોમોર્બીડીટી ધરાવતા ૩૧૪ લોકો સહિત કુલ ૩૮૫૧ નાગરિકોએ રસી લીધી હતી.



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રીજા તબક્કાના રસીકરણમાં ૩૮ હોસ્પિટલો પૈકી ૨૪ સરકારી અને ૧૪ ખાનગી હોસ્પિટલોનો સમાવેશ થાય છે જ્યાં રસીકરણની કામગીરી કરવામાં આવશે. ત્યારબાદ ક્રમશઃ તેમાં વધારો કરવામાં આવશે. રસી માટે લાયક લાભાર્થી કોવિન પોર્ટલ અથવા આરોગ્ય સેતુ એપ્લીકેશનમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ રસી લઈ શકશે અથવા રસીકરણના સ્થળ પર જઈને નોંધણી કરાવી રસી લઈ શકશે. નોંધણી માટે આધાર કાર્ડ અને જો આધાર કાર્ડ ઉપલબ્ધ ના હોય તો નિયત કરેલ ઓળખ કાર્ડ પૈકી કોઈપણ એક ઓળખ કાર્ડ તથા ૪૫-૫૯ વર્ષના કો-મોર્બીડ સ્થિતી લાભાર્થીને રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીસનરનું પ્રમાણપત્ર ફરજીયાત રજુ કરવાનું રહેશે.

રાજકોટમાં છેલ્લા અઠવાડિયામાં કેસની સંખ્યા વધતી ગઈ છે. રાજકોટ મહાપાલિકાની ચૂંટણી માટે ગત તા.૨૧ના રોજ મતદાન હતું. તે બાદના દિવસથી એટલે કે તા.૨૨ થી ૨૮માં કેસની સંખ્યા ખુબ વધી છે. તા.૨૩ના રોજ પરિણામના દિવસે પણ વિજય સરઘસના રૂપમાં નેતાઓ અને વિજેતાઓ ખુબ ફર્યા હતા. તા.૨૨ થી ૨૮ના માત્ર ૭ દિવસના આંકડા પર નજર કરીએ તો આ સપ્તાહમાં નવા ૩૧૭ કેસ નોંધાઈ ગયા છે તો તે સામે ડિસ્ચાર્જ દર્દીની સંખ્યા માત્ર ૨૨૩ રહી છે.

તા.૨૨ના રોજ ૩૯, ૨૩ના રોજ ૪૪, ૨૪ના રોજ ૪૬, ૨૫ના રોજ ફિફ્ટી પ્લસ થઈને ૫૪, તા.૨૬ના ૫૫, તા.૨૭ના ૩૭ અને ગઈકાલ તા.૨૮ના રોજ ૪૨ નવા કેસ નોંધાયા છે. આ છેલ્લા સપ્તાહમાં વધેલો આંકડો ચિંતાજનક છે. ચૂંટણીના માહોલમાં લક્ષણો હોય તો પણ ચૂંટણી બાદ ટેસ્ટ કરાવશું એવું માનનારો રાજકીય વર્ગ મોટો હતો. તેમના થકી કુટુંબના અને સંપર્કમાં આવતા અન્ય નિર્દોષ લોકોને પણ ચેપ લાગ્યાનું અનુમાન છે.આથી જ માર્ચ મહિનાના પહેલા સપ્તાહમાં કેસમાં વધારો થવાની ભીતિ હજુ રહેલી છે.

# રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ભાજપનો જનાદેશ

રાજકોટ જિલ્લા પંચાયતમાં ભાજપને ૨૫ અને કોંગ્રેસને ૧૧ બેઠક મળી છે. ભાજપે સત્તા મેળવી કોંગ્રસને પછાડી છે. રાજકોટની ૧૧ તાલુકા પંચાયતમાં પણ ભાજપે ભગવો લહેરાવ્યો છે. કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયા પોતાનો ગઢ સાચવી શક્યા નથી. જસદણ તાલુકા પંચાયતમાં કોંગ્રેસને ૧૦ અને ભાજપને ૬ બેઠક મળી છે. જ્યારે વીંછિયામાં ૧૪ કોંગ્રેસને અને ભાજપને ૪ બેઠક મળી છે. ગોંડલ નગરપાલિકામાં ૫ બેઠક બિનહરીફ જાહેર થઈ ભાજપના ફાળે ગઈ છે. ગોંડલ નગરપાલિકામાં ભાજપે તમામેતમામ ૪૪ બેઠક પર જીત મેળવી છે. રાજકોટ જિલ્લા કોંગ્રેસના પ્રમુખનાં પત્નીની કારમી હાર થઈ છે. બીજી તરફ, જામકંડોરણા તાલુકા પંચાયતમાં પણ કોંગ્રેસનાં સૂપડાં સાફ થઈ ગયાં છે અને ભાજપે ૧૬એ ૧૬ બેઠક પર વિજય મેળવ્યો છે.

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકમાં ૨૦૧૫માં ભાજપને માત્ર ૨ અને કોંગ્રેસને ૩૪ બેઠક મળી હતી. ગોંડલ નગરપાલિકાની ૪૪ બેઠક પર ૫ બેઠક બિનહરીફ જાહેર થતાં ભાજપને ફાળે ગઈ છે. જ્યારે ૨૦૧૫માં ૨૯ બેઠક ભાજપ અને ૧૪ બેઠક રાષ્ટ્ર વિકાસ ઝુંબેશ પાર્ટીને મળી હતી. કોંગ્રેસને માત્ર એક બેઠક મળી હતી. રાજકોટ ૧૧ તાલુકા પંચાયતની ૧૯૭ બેઠકમાં ૨૦૧૫માં ભાજપને ૪૭ અને કોંગ્રેસને ૧૪૩ મળી હતી, જ્યારે ૭ બેઠક અન્યને મળી હતી.

# રાજકોટઃ એસઓજીની ટીમે ૪૧ કિલો ગાંજા સાથે બે શખ્સોની ધરપકડ કરી, રૂા.૭.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા.૨

રાજકોટમાં માદક પદાર્થોનું વેચાણ કરતા તત્વો અને સેવન કરતા નબીરાઓ ઉપર પોલીસ ખાસ વોચ રાખી રહી છે યુવાધનને નશાના રવાડે ચડાવતું બચાવવા પોલીસ સઘન પેટ્રોલિંગ કરી રહી છે ત્યારે ગત સાંજે રાજકોટ અમદાવાદ હાઈવે ઉપર રીતસરના ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા, જ્યાં જીંની ટીમે બે અલગ અલગ કાર દ્વારા વાંકાનેર બાઉન્ડ્રીથી કુવાડવા સુધી દસેક કિ.મી.નજીક એક સ્વીફ્ટ કારનો ફિલ્મી ઢબે પીછો કરી ૭ લાખ ૧૦ હજાર રૂપિયાનો ૪૧ કિલો ગાંજો ઝડપી લઈ ભગવતીપરા અને કાલાવડ રોડના બે શખ્સોની ધરપકડ કરી હતી. પોલીસે પીછો કરતાં ચાલકે કાર ભગાવતાં એક બાઈકસ્વાર ઠોકરે ચડી ગયા બાદ કાબુ ગુમાવતાં કાર રોડ ડિવાઈડરમાં અથડાઈને પલ્ટી મારી ગઈ હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર જીંની ટીમના હેડકોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા અને કોન્સ. અઝહરૂદીન બુખારીને ચોક્કસ બાતમી મળી હતી કે ચોટીલા તરફથી રાજકોટ બાજુ એક સફેદ રંગની સ્વીફ્ટ કાર આવી રહી છે અને તેમાં માદક પદાર્થ છે. આ બાતમીને આધારે જીૈં એમ એસ.અંસારી અને ટીમે વાંકાનેર બાઉન્ડ્રી નજીક વોચ રાખતા બાતમી મુજબના નંબરવાળી સફેદ રંગની ય્ત્ન૦દ્બઉં-૦૮૪૭ નંબરની સ્વીફ્ટ કાર નીકળી હતી.

અમદાવાદ હાઈવે ઉપર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા

સ્વીફ્ટ કાર પસાર થતા તેને અટકાવવા જતા કાર ચાલકને પોલીસ હોવાની ગંધ આવી જતાં બચવા માટે તેણે વધુ ઝડપથી કાર દોડાવી મુકતાં જીંની ટીમોએ પીછો કરતાં નાસભાગ મચી ગઈ હતી. જ્યાં અમદાવાદ હાઈવે ઉપર ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા અને અંદાજે દસેક કિલોમીટર પીછો થયા બાદ કુવાડવા નજીક ક્રિષ્ના વોટર પાર્ક પાસે કારના ચાલકે એક બાઈક ચાલકને ઠોકરે લીધા બાદ કાબૂ ગુમાવતાં કાર રોડ ડિવાઈડરમાં અથડાઈને પલ્ટી મારી પાછી ઉભી થઈ ગઈ હતી.

જીંને જોતા બંને ખેપિયાઓ કારમાંથી ઉતરી ખેતરમાં ભાગવા લાગ્યા હતા જેથી સ્ટાફે ખેતરમાં પીછો કરી બંનેને ઝડપી લીધા હતા કારમાં જડતી લેતા અંદરથી ૭ લાખ ૧૦ હજારનો ૪૧ કિલો ગાંજો મળી આવતા બંનેના નામઠામ પૂછતાં ભગવતીપરાનો કાદર અનવરભાઈ પઠાણ અને કાલાવડ રોડ રાણીટાવર આવાસ ક્વાર્ટરમાં રહેતો ચેતન ચમનભાઈ સાપરીયા હોવાનું જણાવતા બંને વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી કાર અને ગાંજો સહીત ૭ લાખ ૧૦ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પ્રાથમિક તપાસમાં બંને સુરતથી ગાંજો લાવ્યો હોવાની કબૂલાત આપતા વધુ તપાસ અર્થે રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.




Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)